# Improving the self-reliance and resilience of rural communities

## ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધાર

### સ્વાવલંબી લોકજીવન માટે
### લચીલાપણું લાવવામાં
### મદદરૂપ બની રહેલા કાર્યક્રમની

# સાફલ્ય ગાથા



Reliance Foundation

લેખન
વસુંધરા ફાઉન્ડેશન

સ્વાવલંબી લોકજીવન માટે
લચીલાપણું લાવવામાં
મદદરુપ બની રહેલા કાર્યક્રમની

# સાફલ્ય
# ગાથા

વર્ષ-૨૦૨૩.૨૪

**વસુંધરા ફાઉન્ડેશન**

સાફલ્ય ગાથા (**Success Story**)
**by Vasundhara Foundation**

**પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૪**

Publish:
Vasundhara Foundation
A.307-308 Supath Complex, Near Junavadaj bus stand,
Ashram Road, Ahmedabad. 380013 GUJARAT- INDIA
E: vasundharafoundation@yahoo.com
M: +91-9429101102, +91-9427067942

**કેસસ્ટોરી લેખનઃ વસુંધરા ફાઉન્ડેશન ટીમ, પાટણ**

૧. રઘુભાઈ દેસાઈ
૨. ઈમામભાઈ બલોચ
૩. જીગ્નાબેન પટેલ
૪. કનુભાઈ ઠાકોર
૫. ધનજીભાઈ ઠાકોર
૬. બળદેવજી ઠાકોર
૭. નાનજીભાઈ ઠાકોર
૮. સંજયભાઈ જોષી
૯. ગોવિંદભાઈ રાવળ

**કેસસ્ટોરી પુનઃ લેખન અને ભાષા શુધ્ધિકરણઃ સંજયભાઈ દવે (ચરખા)**
**લેઆઉટ, આવરણ અને ડીઝાઈનઃ કીર્તિ પટેલ મો. ૯૪૨૭૦૬૭૯૪૩**

**મુદ્રકઃ બ્રિગર મીડિયા પ્રા.લી.**

# અર્પણ

**અમારા પ્રોજેકટ એરીયાના**
**એ તમામ ગ્રામ્ય ભાઈઓ -બહેનોને,**
**જેઓ આ પ્રોજેકટમાં જોડાઈને**
**સફળતામાં સહભાગી બન્યા તેમજ**
**અમને વધારે સારુ કાર્ય કરવા માટે પ્રેરણારુપ બન્યા...**

# અનુક્રમણિકા


| ક્રમ | કેસસ્ટડીનું નામ | પેજ નં. |
| --- | --- | --- |
| ૧. | અદગામના ઠાકોર વાસના લોકોએ સંસ્થાની મદદ અને સામુહિક પરિશ્રમના બળથી પીવાના પાણીની સમસ્યા ઉકેલી.... | ૧૧ |
| ૨. | બંધવડ ગામની બહેનોએ, પશુઓ માટે નેપિયર ઘાસ ઉગાડીને પશુપાલનની આવક વધારી અને જીવન-ધોરણ ઊંચુ લાવ્યા...... | ૧૬ |
| ૩. | તારોરા ગામનાં ગીતાબહેન, રસાયણોમુકત શાકભાજી પકવીને વધુ આવક રળતાં થયાં અને પરિવારનું આરોગ્ય જાળવતાં થયાં.. | ૨૦ |
| ૪. | ગોખરવાના પિયુષભાઈએ સોલાર-ટ્રેપ લગાવી હાનિકારક જીવાતો ઉપર નિયંત્રણ મેળવ્યું અને પાકને થતું નુકશાન અટકાવ્યું......... | ૨૪ |
| ૫. | બોરતવાડાના જીનલબેન ચૌધરીએ અળસિયાં ખાતર બનાવી, આવક ઉભી કરી અને ખેતીનો ખર્ચ પણ ઘટાડયો................. | ૨૮ |
| ૬. | ઈટોદા ગામમાં હોલિયું બનાવવાથી ગલાજી ઠાકોરની સાથે ગામના બીજા કુટુંબોને પણ પશુઓ માટે પાણી ઉપલબ્ધ બન્યું.... | ૩૧ |
| ૭. | પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા, હારીજ તાલુકાના સરેલગામના પાણીદાર લોકોએ બતાવ્યું પાણી.......... | ૩૫ |
| ૮. | ચેકડેમ રિપેર થવાથી ખેતીમાં પિયતનું પાણી ઉપલબ્ધ બન્યું અને નાણા ગામના નાના-સિમાંત ખેડૂતો એકથી વધુ પાક લેતા થયા................................................... | ૪૦ |

# અનુક્રમણિકા


| ક્રમ | કેસસ્ટડીનું નામ | પેજ નં. |
|---|---|---|
| ૯. | સુરકા ગામના ગણપતભાઈએ પાક ફેરબદલી કરી ખેતીમાં બમણી આવક મેળવી | ૪૪ |
| ૧૦. | ગંદાં પાણીથી ગામના બૂરા થયા હાલ, સાથે મળી કર્યો નિકાલ ખોરસમ ગામના લોકોનો સહિયારો પ્રયાસ રંગ લાવ્યો | ૪૮ |
| ૧૧. | ભાટસર ગામમાં નેપિયર ઘાસના ઉપયોગથી પશુપાલન સમૃધ્ધ થયું અને આવકમાં વધારો થયો | ૫૨ |
| ૧૨. | જેતલપુરાનાં તુલસાબહેને અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પોષણ-વાટિકા બનાવી અને આરોગયપ્રદ જીવનનો પથ કંડાર્યો | ૫૬ |
| ૧૩. | બાદલપુરાના ખેડૂત હેમચંદભાઈએ સોલાર-ટ્રેપ લગાવીને દવાનો ખર્ચ ઘટાડયો અને એરંડાનું વધારે ઉત્પાદન મેળવ્યું | ૬૦ |
| ૧૪. | સૌની સહભાગિતાથી લાલપુર ગામનાં જરુરિયાતમંદ કુટુંબોને તથા પશુઓને પીવાનું પાણી પ્રાપ્ત થયું | ૬૨ |
| ૧૫. | બંધવડ ગામની મહિલાઓએ, ગ્રામસભામાં સક્રિય રીતે સહભાગી બનીને ગ્રામ વિકાસનાં કાર્યોને વેગ આપ્યો | ૬૫ |
| ૧૬. | ચેકડેમ રિપેર થવાથી વેજાવાડા ગામની સમસ્યાઓ દૂર થઈ, પાણીનું સુખ પ્રાપ્ત થયું અને ખેતીની રોજગારીનું જતન થયું | ૭૦ |

# અનુક્રમણિકા


| ક્રમ | કેસસ્ટડીનું નામ | પેજ નં. |
|---|---|---|

૧૭. ચેતતી નારી સદા સુખીઃ કંબોઈ ગામની બહેનો
સ્તન કેન્સર બાબતે જાગૃત બની.......................................૭૫

૧૮. સેઢાલ ગામના લોકોએ,
ખભેખભા મિલાવી ગંદા પાણીનો નિકાલ કર્યો.....................૭૮

૧૯. સુધારાથી સમૃધ્ધિ તરફની સફરઃ
સેઢાલ ગામના રમેશભાઈનું સુધારેલી ખેતી તરફનું એક કદમ....૮૨

૨૦. કમાલપુર ગામના પશુપાલકોએ નેપિયર ઘાસથી
દૂધ-ઉત્પાદન અને દૂધની આવક વધારવામાં સફળતા મેળવી ....૮૬

૨૧. ચડિયાણા ગામના લોકોએ,
પર્યાવરણના રક્ષણ માટે કર્યુ ચડિયાતું કામ.........................૯૦

૨૨. માત્રોટા ગામનાં નીતાબહેન ઠાકોર, પોષણ-વાટિકાથી
આરોગ્યપ્રદ શાકભાજીથી નિયમિત આવક મેળવતાં થયાં.........૯૨

૨૩. સોલાર-ટ્રેપથી જીવાતનું નિયંત્રણ થવાથી સરેલ ગામના ખેડૂત
અનિલભાઈને દવાનો ખર્ચ ઘટયો અને એરંડાનું ઉત્પાદન વધ્યું...૯૭

૨૪. અમરાપુર ગામમાં પીવાનું પૂરતું પાણી ઉપલબ્ધ
થવાથી ગામના લોકો વચ્ચે વિખવાદ થતો અટકયો.............૧૦૦

૨૫. સજુપુરા ગામના શૈલેષભાઈએ ફેરોમેન ટ્રેપનો ઉપયોગ
કરીને જીવાત નિયંત્રણ થકી ચણાનો વધુ પાક મેળવ્યો...........૧૦૨

# અનુક્રમણિકા


| ક્રમ | કેસસ્ટડીનું નામ | પેજ નં. |
|---|---|---|
| ૨૬. | જેતલપુરાના જયંતીભાઈએ ખેતરમાં ભરાઈ રહેતા પાણીને હોલિયું બનાવી રિચાર્જ કર્યુ અને રસાયણમુકત શાકભાજીથી વધુ આવક મેળવી | ૧૦૫ |
| ૨૭. | મારા ખેતરને મારે ઝેર નથી આપવુંઃ કાઠી ગામના અરવિંદભાઈનો દ્રઢનિર્ધાર | ૧૦૮ |
| ૨૮. | નેપિયર ઘાસની મદદથી પશુઓના દૂધની વધુ આવક મેળવતા, ગાજદિનપુરા ગામના પાર્વતીબેન | ૧૧૧ |
| ૨૯. | ગામ વિકાસ સમિતિનું ક્ષમતાવર્ધન કરવાથી, ખોરસમ વિવિધ સમસ્યાઓ હાથ ધરીને વિકાસના પંથે આગળ વધી રહયું છે | ૧૧૪ |
| ૩૦. | રસાયણોમુકત શાકભાજી લઈને તારોરાના કંચનબહેન આત્મનિર્ભર બન્યાંઅને આરોગ્યનું જતન પણ કરી શકયાં | ૧૧૮ |
| ૩૧. | માત્રોટા ગામની મહિલાઓએ નેપિયર ઘાસનું વાવેતર કરીને આર્થિક સમૃધ્ધિનો માર્ગ કંડાર્યો છે | ૧૨૨ |
| ૩૨. | વરસાદી પાણીનો ઉપયોગ કરીને ખેતી બચાવી સેઢાલ ગામના ખેડૂતે હોલિયું બનાવી પાણીનો પ્રશ્ન ઉકેલ્યો | ૧૨૬ |
| ૩૩. | હરીપુરાના ૮૫ લોકોએ સંસ્થાની મદદથી આયુષ્યમાન કાર્ડ કઢાવીને પાણી પહેલાં પાળ બાંધી | ૧૨૯ |

## ડાયરેક્ટરશ્રીનો પ્રતિભાવ:

‘રિલાયન્સ ફાઉન્ડેશન‘ના આર્થિક સહયોગથી પાટણ જિલ્લામાં ‘ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ‘ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લા બે વર્ષ દરમિયાન ‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. પંચાયતો, ખેડૂતો, સ્વ સહાય જૂથની મહિલાઓ તથા રોજગાર વાંચ્છુ યુવાઓ આ કાર્યક્રમમાં મુખ્ય હિતધારકો છે. જેઓની સાથે અનેક જાતના ખેત નિદર્શનો, ઘાસચારાના પાકો, પાણીનો સંગ્રહ, જમીન સંરક્ષણ, યુવાઓ અને મહિલાઓ માટે વૈકલ્પિક રોજગારની તકોનું સર્જન, પોષણ યુક્ત આહાર માટે રિલાયન્સ ન્યુટ્રિશન ગાર્ડન જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. આ પ્રવૃત્તિઓના અમલીકરણ પૂર્વે જે તે હિતધારકોનું ક્ષમતાવર્ધન માટે અનેકવિધ તાલીમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

બે વર્ષના ખૂબ જ સઘન કાર્યક્રમમાં વસુંધરા ફાઉન્ડેશનની ટીમ સાથે બેસી દર માસે જ્યારે કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવે ત્યારે કાર્યકરો દ્વારા તેમની રજૂઆતમાં લોકોના જીવનમાં આવી રહેલા નાના નાના પણ ખૂબ હકારાત્મક પરિવર્તનની ઝાંખી થાય. શ્રી કિર્તિભાઈ પટેલ (સ્થાપક ટ્રસ્ટીશ્રી) ને લાગ્યું કે, સ્વાવલંબી લોકજીવન માટે લચીલાપણું લાવવામાં આ કાર્યક્રમ તેની વિભાવના મુજબ મદદરૂપ બની રહ્યો છે. એટલે ક્ષેત્રીય કાર્યકરોને આ કહાણીઓ લખવા માટે પ્રેર્યા, શ્રી સંજયભાઈ (ચરખા નેટવર્ક) દ્વારા લેખન તાલીમ શિબિર આયોજિત કરી અને

કહાણીઓ લખવાના લક્ષ્યાંકો નક્કી કર્યા. તેઓનો આગ્રહપૂર્વકનો નિરંતર અને પ્રેરણાદાયી દિશાનિર્દેશ, શ્રી રઘુભાઈ દેસાઇ, પ્રોજેક્ટ મેનજર-પાટણ તથા વસુંધરા ફાઉન્ડેશનના તમામ ક્ષેત્રીય કાર્યકરોની સખત મહેનત દ્વારા આ શક્ય બન્યું. જેમાં શ્રી સંજયભાઈ (ચરખા નેટવર્ક)એ તેને મઠારીને ફરી લખી આપી. જે બદલ આ તમામ મિત્રોનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આ સફળ કહાણીઓ વાંચીને એવું જરૂર લાગે કે, કાર્યક્રમ તેના હેતુ મુજબ સ્વાવલંબી લોકજીવન માટે લચીલાપણું લાવવા મદદરૂપ બની રહ્યો છે. મને લાગે છે કે આ સાફલ્ય ગાથાઓનો સંગ્રહ આગામી સમયમાં કાર્યકરોનો ઉત્સાહ વધારવા તથા કાર્યક્રમને સાચી દિશાનિર્દેશ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

**હરગોવન પટેલ**
**નિયામક**
**વસુંધરા ફાઉન્ડેશન**

## *૧.અદગામના ઠાકોર વાસના લોકોએ સંસ્થાની મદદ અને સામૂહિક પરિશ્રમના બળથી, પીવાનાં પાણીની સમસ્યા ઉકેલી.*

*- કનુ ઠાકોર*

“બેટા તમે ચ્યોંથી આયા સો, એ અમને ખબર નહીં, પણ ભગવાને અમારા ઘર હૂદી પાઇપ નાખવા માટે તમને નિમિત્ત બનાયા સે, ભલું થાજો તમારું ને તમારા સાહેબનું." પાટણ જિલ્લાના સમી તાલુકાના અદગામનાં એક વૃદ્ધાના આ શબ્દો છે. તેઓ આ શબ્દો, ‘વસુંધરા ફાઉન્ડેશન‘ “સંસ્થા”ના કાર્યકરોને સંબોધીને કહી રહ્યા છે. અદગામમાં ‘રિલાયન્સ ફાઉન્ડેશન‘ના સહયોગથી ‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા ‘ગ્રામીણ સમુદાયમાં આત્મનિર્ભરતા અને લચીલાંપણાંમાં સુધારો લાવવા‘ના પ્રોજેક્ટ હેઠળ કામગીરી ચાલે. અદગામ એ છેવાડાનું અતિપછાત ગામ છે. આદગામને અડીને વસેલી વસાહત ( જેને લોકો ગામડી કહે છે) ત્યાં ઠાકોર જ્ઞાતિના ૧૦થી ૧૨ પરિવારોને પીવાનું પૂરતું પાણી મળતું ન હતું. સંસ્થા દ્વારા  નવેમ્બર ૨૦૨૩માં, આ સમસ્યાનો ઉકેલ આણવામાં આવ્યો એટલે ગામનાં વૃદ્ધાના મુખમાંથી ઉપરોક્ત શબ્દો સરી પડ્યા.

અમે (સંસ્થાના કાર્યકરોએ) એક વખત ગામની મુલાકાત લીધી ત્યારે, સહજ રીતે અમે ગામના લોકોને પૂછ્યું કે,  તમારા ગામના મુખ્ય શું પ્રશ્નો છે? વાત-વાતમાંથી જાણવા મળ્યું કે, ગામના ઠાકોર વાસનાં ૧૦-૧૨ કુટુંબોને પીવાનું પાણી મળતું નથી. ગામના ઠાકોર વાસનાં ૧૦-૧૨ ઘરો સુધીની પાઇપલાઇનનું કામ તાલુકા પંચાયતમાં મંજૂર થયું ન હતું. તેથી એ ફળિયાના લોકો પીવાનાં

પાણીથી વંચિત રહી ગયા છે. જો કે, આ ફળિયાના લોકોએ તેમના ફળિયાથી ૩૦૦ ફૂટ દૂરથી પસાર થતી ગામની મુખ્ય પાઇપલાઇનમાંથી નાનકડી પીવીસી પાઇપથી હંગામી કનેક્શન કર્યું હતું. પરંતુ, પાઇપ નાની હોવાથી અને મુખ્ય પાઇપલાઇનથી ઘરો દૂર હોવાથી પૂરતા દબાણથી અને સમયસર પાણી પહોંચતું ન હતું.



આમ તો ૧૦-૧૨ ઘરની જ વાત હતી. અમને બહુ સામાન્ય લાગી. પરંતુ ગામના સરપંચ મનુભાઈ ધરમશીભાઈ ભીલ માટે આ સમસ્યા મોટી હતી. તેઓ આ લોકોની તકલીફો બહુ સારી રીતે સમજતા હતા. સરપંચ પોતે હારીજ માર્કેટયાર્ડમાં શ્રમિક તરીકે કામ કરે. તેઓ ગામ માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવે એટલે ચૂંટણી લડ્યા અને જીત્યા પણ ખરા, પરંતુ પંચાયતની કામગરીનો અનુભવ બહુ ઓછો. લોકો કહે એમ કરે. સંવેદનશીલ અને નિષ્ઠા ખરી, પણ સરકારી કચેરીઓમાં પહોંચ ઓછી એટલે સરકારશ્રીની યોજનાઓનો લાભ હજી ગામ સુધી પહોંચાડવામાં મુંઝારો અનુભવે. અમે તેમની મુંઝવણને સમજી તેમને ટેકો

કરવાનું નક્કી કર્યું. અમે ઠાકોર વાસમાં આ અંગે એક મિટિંગ યોજી. તેમાં ૧૦-૧૨ કુટુંબોના આશરે ૨૫ લોકો જોડાયા. આ સમસ્યા જેમને નડે છે તે લોકો ભેગા થઈને જાતે આ સમસ્યાનો ઉકેલ લાવે એવું સૂચન અમોએ સહજપણે મિટિંગ દરમ્યાન કર્યું. જવાબમાં લોકોએ પોતાની નબળી આર્થિક સ્થિતિની વાત કરી. તેમણે નવી પાઇપલાઇનના આ કામ માટે થનારો અંદાજિત ૨૦,૦૦૦ રૂપિયા ખર્ચ કરી શકવા પણ તેઓ અસમર્થ છે એમ જણાવ્યું. લોકોની વાત સાંભળીને અમે પ્રસ્તાવ મૂક્યો કે, જો ફળિયાના લોકો પાઇપલાઇન નાખવા માટેનું ખોદાણકામ કરવાની મજૂરી જાતે કરે તો સંસ્થા તરફથી જરૂર મુજબની પાઇપો આપવામાં આવશે એવી ખાતરી આપી.

અમારી વાત સાંભળીને ફળિયાના લોકો તરત જ સહમત થઈ ગયા. લોકો માટે તો આ વિકટ પ્રશ્ન હતો. ખાલી થોડી આમાંથી જાત મહેનત કરવાથી કાયમી ધોરણે પીવાના પાણીના પ્રશ્નનું નિરાકરણ થઈ જતું હોય તો બીજું જોઈએ શું? લોકો તો ખૂબ રાજી થઈને કામ કરવા તૈયાર થઈ ગયા. જોકે, સંસ્થાના કાર્યકરોના મનમાં થોડીક મૂંઝવણ હતી. તેમને એમ કે, આખો દિવસ પરિશ્રમ કરીને રોજી રળનારા આ લોકોને પોતાના ફળિયામાં મજૂરી કરવાનો સમય મળશે કે કેમ!



બીજા દિવસે તો સવારે સરપંચનો ફોન આવ્યો. તેઓએ જણાવ્યું કે, શેરીના લોકોએ  આશરે ૩૦૦ ફૂટ લાંબી પાઇપલાઇન માટે ૨ થી ૨.૫ ફૂટ ઊંડું ખોદાણકામ કરી નાખ્યું છે. હવે તમે પાઇપ ક્યારે આપશો? આ વાત સાંભળીને અમને તો સુખદ આશ્ચર્ય થયું. અમારા રોજબરોજના અનુભવો તો એવા કે “આ બધુ સરકાર કે સંસ્થાઓ આવીને કરી જશે.” થોડીવાર તો માન્યામાં પણ ન આવ્યું કે આવું પણ થઈ શકે? બનેલું એવું કે ગઈ કાલે અમે જેવા મિટિંગ કરીને નીકળ્યા, ત્યારબાદ લોકોએ સાંજે  મિટિંગ કરીને આવતી કાલે સવારે પાઇપલાઇન માટે ખોદાણ કામ હાથ ઉપર લઈ લીધું. અમને વિશ્વાસ ન બેઠો તો ફોટા મંગાવ્યા તો સરપંચે  તો તરત જ ફોટા મોકલ્યા. પણ તોય ગામના લોકો પોતાની રીતે આટલું ઝડપી કામ કેવી રીતે કરી લીધું હશે તે આશ્ચર્ય વચ્ચે અમે તે જ દિવસે  ગામની મુલાકાત કરી. જોયું તો ખોદાણકામ થયેલું હતું. વસુંધરા ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવેલ ખાતરી મુજબ અમે

પણ ૨.૫ ઇંચની ૩૦૦ ફૂટ પાઇપ અદગામને અડીને વસેલી વસાહત( જેને લોકો ગામડી કહે છે)માં પહોંચાડી. સરપંચે બીજા જ દિવસે પાઇપ ફિટિંગની કામ ચાલુ કરવાનું નક્કી કર્યું. સરપંચનો ફોન આવ્યો કે તમે આવો અને તમારી હાજરીમાં જ પાઇપ ફિટિંગ થાય તો વધારે સારું. અમારી હાજરીમાં જ પાઇપ ફીટીંગનું કામ થયું. અમારા માટે શીખ એ હતી કે, જો સાચી જરૂરરીયાત હોય તો લોકો સામા પગલે સહકાર આપે છે. ફળિયાના લોકોએ કરેલી મજૂરીની કિંમત ગણીએ તો આશરે ૩૦,૦૦૦ રૂપિયા જેટલી થાય. "આ ગામના લોકોએ તો અમારો ઉત્સાહ તો વધાર્યો સાથે સાથે વિકાસ માટે જો પ્રક્રિયા સાચી હોય તો લોકોની સહભાગીતા પણ મળે જ છે. એ વાતનો વિશ્વાસ પણ વધાર્યો."

## *૨.બંધવડ ગામની બહેનોએ, પશુઓ માટે નેપિયર ઘાસ ઉગાડીને પશુપાલનની આવક વધારી અને જીવન-ધોરણ ઊંચું લાવ્યા.*

*- ઇમામ બલોચ*

હવેના સમયમાં મહિલાઓ, પુરુષો સાથે ખભેખભા મિલાવીને કામ કરે છે. સામાજિક જવાબદારીઓ તો અમસ્તી પણ મહિલાઓના માથે જ હતી. હવે તો આર્થિક જવાબદારીમાં પણ તેઓ ભાગીદારી લેતી થઈ ગઈ છે. ઘરે રહીને કરી શકાય એવું કામ મળે તો ઠીક, નહીં તો ઘરથી દૂર જઈને પણ કામ કરવા માટે તેઓ તૈયાર હોય છે.

રાધનપુર તાલુકા મથકથી ૧૨ કિમીનાં અંતરે આવેલું એક ગામ. નામ છે બંધવડ. ગામમાં મુખ્યત્વે પશુપાલન અને ખેતીનો વ્યવસાય. ‘વસુંધરા ફાઉન્ડેશન‘ આ ગામમાં ખેતી અને પશુપાલનને ટેકો પૂરો પાડવા માટે વિવિધ કામગીરી હાથ ધરે છે. ગામલોકો સાથે મિટિંગ અને સર્વે દરમ્યાન એ જાણવા મળ્યું કે, પશુપાલનમાં વધારે ખર્ચ થાય છે. તેમાંય ખાસ લીલા ઘાસચારા માટે ખૂબ તકલીફ પડે છે. જો બીજા ખેડૂત પાસેથી ઘાસ ખરીદવામાં આવે તો ખર્ચ વધે છે. એટલે પશુપાલન સંભાળતી બહેનોને ઘાસચારો લાવવો એ મોટી સમસ્યા હતી. ઘરકામ, બાળકો અને પરિવારનું ધ્યાન રાખવું વગેરે એક સાથે બે-ચાર બાબતોની જવાબદારી ઉપાડતી મહિલાઓ પોતાનાં સ્વાસ્થ્યની કાળજી લઈ શકતી નહોતી. તેના કારણે ઘણાં બહેનોને રોગ ઘર કરી ગયાં હતાં અને કોઈકોઈને ગંભીર બીમારી પણ જોવા મળતી હતી.

બહેનોને પોતાનાં ખેતર-વાડામાં લીલું ઘાસ મળી રહે તો તે પોતાના સમય મુજબ લેવા જઈ શકે. એટલે સમયની બચત થાય અને તે સમયનો સદુપયોગ કરીને મહિલાઓ સ્વાસ્થ્યનું ધ્યાન રાખી શકે. તે વાત ધ્યાનમાં રાખી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગની મદદથી, આ સમસ્યાના ઉકેલ માટે એક નવો પ્રયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ૨૦ જેટલાં બહેનોને નેપિયર ઘાસના ટુકડા આપવામાં આવ્યા. તેને ખેતરમાં લગાવીને ઘાસચારો મેળવી શકાય. એ નવા પ્રયોગનું પરિણામ પણ ખરેખર જોરદાર આવ્યું.



ગામમાં જે બહેનોને નેપિયર ઘાસ આપવામાં આવ્યું હતું. તેમાંનાં વિજયાબહેન રબારી કહે છે કે, "ચાર મહિના પહેલાં ગામમાં બહેનોની મિટિંગમાં ગઈ હતી. ત્યાં મને 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ઘાસના ટુકડા આપવામાં આવ્યા અને તેના વિશે સમજાવવામાં આવ્યું. મેં ઘાસના ટુકડાને મારાં ખેતરમાં લગાવ્યા

અને પાણી આપવાનું ચાલુ કર્યું. બે મહિના સુધી નિયમિત પાણી આપીને મહેનત ચાલુ રાખી.” વિજયાબહેનને સંસ્થાએ તાલીમમાં સમજાવ્યા મુજબ, બે મહિને ઘાસને કાપીને તેમની બે ભેંસોને ખવડાવ્યું. એક અઠવાડિયા સુધીમાં તો તેમને સારું પરિણામ પણ મળી ગયું. જે પશુ માટે તેમને આંતરે દિવસે ડૉકટર બોલાવવા પડતા હતા, તે બંધ થયું. વળી, પશુઓનું દૂધ વધીને ૧૨ લિટરમાંથી ૨૫ લિટરે પહોંચ્યું. એ જ રીતે, ફેટમાં પણ ૯.૯ સુધીનો વધારો થયો.

આજે છ મહિના પછી તેમના ઘરે ચાર પશુમાંથી વધીને દશથી વધારે પશુ થયાં છે. તે બાબતે વિજયાબહેન કહે છે, “નેપિયર ઘાસ ખવડાવ્યા પછી, ધીરેધીરે દૂધમાં વધારો થયો એટલે આવક વધતાં અમે બીજાં છ પશુ લાવ્યાં. પહેલાં, મારે મહિને આશરે સરેરાશ ૨૦ હજાર રૂપિયાની આવક થતી હતી, તે આજે ૫૫ હજાર રૂપિયા સુધી પહોંચી છે. મેં ઘરમાં ઘણી નવી ચીજવસ્તુઓ વસાવી છે. હવે મને ઘાસચારા માટે ચિંતા નથી. પહેલાં, અમે બીજા પાસેથી ઘાસચારો લાવતા, તેનો રોજનો ૪૦૦થી ૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ ઘટયો છે. હવે મારા હાથ ઉપર પૈસા રહે છે.” વિજયાબહેનને હજી થોડા મહિના અગાઉ બીજા પાસે ઉછીના લાવવા પડતા હતા. વળી, પહેલાં તેઓ બીજો કોઈ મોટો ખર્ચ કરી શકતા ન હતાં. હવે તેઓ બાળકોનાં શિક્ષણ પાછળ પૂરતો ખર્ચ કરી શકે છે. તેમને અને તેમનાં જેવી ગામની કેટલીયે બહેનોને, ‘વસુંધરા ફાઉન્ડેશન‘, આર્થિક અને સામાજિક વિકાસ તરફ લઈ ગયું છે.

વિજયાબહેનની જેમ ગામના રમીલાબહેન ઠાકોરે પણ નેપિયર ઘાસનું વાવેતર કર્યું છે. તેમને  આવકમાં વધારો થયો છે અને તેઓ ખૂબ સારી રીતે પશુપાલન કરી રહ્યાં છે. હવે તેઓ ભેંસો માટે શેડ બનાવીને તબેલો શરૂ કરવાનું વિચારી રહ્યાં છે. એક નવા પ્રયોગથી બહેનો માટે અને પશુપાલન વ્યવસાય માટે એક નવી દિશા ખુલી. તેમની આવકમાં વધારો થતાં, તેમને અન્ય સુવિધાઓનો લાભ મળવા લાગ્યો. એને લીધે વધુ નવા પ્રયોગો કરવાનું કે વ્યવસાયનો વ્યાપ કરવાનું શક્ય બન્યું. એ જ તો છે સાચું સ્ત્રી-સશક્તિકરણ.

## *૩. તારોરા ગામનાં ગીતાબહેન, રસાયણોમુક્ત શાકભાજી પકવીને વધુ આવક રળતાં થયાં અને પરિવારનું આરોગ્ય જાળવતાં થયાં.*

*- કનુ ઠાકોર*

પાટણ જિલ્લાના સમી તાલુકાના તારોરા ગામમાં 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી ઘણી કામગીરી થાય. એ ગામમાં પોષણ વિશે જાગૃતિનો અભાવ છે એવું સંસ્થાના કાર્યકરોએ જોયું. ઘણી વાર લોકો પોષણનું મહત્ત્વ સમજે તો પણ કોઈક કારણે પોષણયુક્ત ખોરાકને પ્રાથમિકતા ન આપે એવું બનતું હોય છે. એટલે તારોરા ગામમાં પોષણ બાબતે લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કરવું એવું કાર્યકરોએ નક્કી કર્યું.

અગાઉથી નક્કી કર્યા મુજબ, તારોરા ગામની આંગણવાડીમાં ગામની મહિલાઓ સાથે સંસ્થાએ સપ્ટેમ્બર ૨૦૨૩માં એક મિટિંગ ગોઠવી. તેમાં આરોગ્ય અને પોષણ વિશે એકદમ સરળ ભાષામાં જાણકારી આપવામાં આવી. મોટાભાગે પોષણની ખામી ખોરાકને આધીન છે એ વાત ધ્યાનમાં રાખીને, કાર્યકરોએ ગામની મહિલાઓને શાકભાજીનું બિયારણ આપ્યું. તે બિયારણ વાવીને રાસાયણિક દવા-ખાતર છાંટ્યા વગર શાકભાજી ઉગાડીને લોકો ઑર્ગેનિક શાકભાજી ખાય એ સંસ્થાનો હેતુ હતો.

ગામનાં ગીતાબહેન મહાદેવભાઈ દેવીપૂજક પણ એ મિટિંગમાં હાજર હતા. ગામની બીજી મહિલાઓની જેમ, સંસ્થાએ

ગીતાબહેનને પણ ભીંડા, રીંગણ, ટામેટાં, મરચાં, ધાણા, મેથી, બીટ, મૂળા, ગાજર, દૂધી, ફુલાવર, કોબિજ વગેરે જેવી ૨૨ પ્રકારની શાકભાજીનાં ૩થી ૫ ગ્રામ બિયારણ વિનામૂલ્યે આપ્યાં. ગીતાબહેન પાસે શાકભાજી થઈ શકે એટલી જ જમીન છે. તેમાં તેઓ થોડાંક વર્ષોથી શાકભાજીનો પાક લેતાં અને વેચતાં.



ગીતાબહેનનો ત્રણ સભ્યોનો પરિવાર શાકભાજી પકવવામાં વ્યસ્ત રહે એટલે એમાંથી જ એમનું ગુજરાન ચાલે. જોકે, મરચાંમાં કોકડવાનો રોગ તથા રીંગણમાં થડનો કોહવારો જેવા રોગ આવે ત્યારે તેઓ તરત જ જંતુનાશક દવાનો છંટકાવ કરતાં. તેમાં તેમને

૫૦૦થી ૭૦૦ રૂપિયાનો ખર્ચ થતો. સંસ્થાના કાર્યકરોએ તેમના ઘરની મુલાકાત લઈને તેમને જંતુનાશકોની હાનિકારક અસરો વિશે સમજ આપી. ગીતાબહેનનો પરિવાર પણ આ ઝેરી શાકભાજી ખાતો હતો તેથી તેમના આરોગ્યને પણ માઠી અસર થઈ શકે એ વાત કાર્યકરોએ તેમને સમજાવી. ગીતાબહેનને એ વાત બરાબર સમજાઈ ગઈ.



ગીતાબહેને હવે રાસાયણિક દવા-ખાતરનો ઉપયોગ સદંતર બંધ કરવાનું નક્કી કરી લીધું હતું. પરંતુ, હવે પછી શાકભાજીમાં રોગ-જીવાત આવે તો તેનું નિયંત્રણ કેવી રીતે કરવું એવો સવાલ એમને થયો. સંસ્થાના કાર્યકરોએ તેમને જંતુનાશકોના વિકલ્પ રૂપે, રીંગણમાં રાખ અને ગૌમૂત્ર તેમ જ તીખું મરચું ઉકાળીને મરચાના

પાક પર છાંટવા જેવા દેશી ઉપાયો બતાવ્યા. ગીતાબહેને તેનો બરાબર અમલ કર્યો.

ગીતાબહેન કહે છે, "મારી વાડીમાં રોજનું બે કિલો (આશરે ૨૦૦ રૂપિયાનું) શાકભાજી ઉતરે છે. તેમાંથી ૨૫૦ ગ્રામ શાકભાજી ઘરે ખાવા માટે રાખું છું. બાકીનું ૧ કિલો અને ૭૫૦ ગ્રામ શાક વેચી દઉં છું. આમ, આખા મહિનામાં હું આશરે ૩૦૦૦ રૂપિયાનું શાક વેચું છું. એટલું જ નહીં, હું ઘરે ખાવા માટે શાક રાખું છું, એટલે જો તેની ૧૫૦૦ રૂપિયાની આવક ઉમેરીએ તો મને દર મહિને ૪૫૦૦ રૂપિયા જેટલી શાકભાજીની આવક થાય છે. મારી શાકભાજી કેમિકલ વગરની હોવાથી તેની માંગ વધારે છે."

ગીતાબહેનનાં પતિ મહાદેવભાઈ કહે છે, "પહેલાં અમે એક વીઘામાં રીંગણ, મરચાં, લસણ, ગુવાર જેવી શાકભાજી કેમિકલથી પકવતા. એ વખતે અમને મહિને ૨૫૦૦ રૂપિયા જેટલી આવક થતી અને કેમિકલવાળી શાકભાજી જ ખાતા અને વેચતા. હવે અમને પણ ઝેર વગરની શાકભાજી ખાવા મળી અને બીજા લોકોને પણ તે ખવડાવીએ છીએ."

આજે ગીતાબહેનની વાડીની શાકભાજીની માંગ વધી છે એટલે લોકો ત્યાં પહોંચી જાય છે અને જંતુનાશક દવા વગરની શાકભાજી ખરીદે છે.

## *૪. ગોખરવાના પીયૂષભાઈએ સોલાર-ટ્રેપ લગાવી હાનિકારક જીવાતો ઉપર નિયંત્રણ મેળવ્યું અને પાકને થતું નુકસાન ઘટાડ્યું.*

*-જીજ્ઞા પટેલ*

ભારતમાં સૂર્યને દેવતા ગણીને, રોજ સવારે તેની પૂજા કરવામાં આવે છે. એ જ સૂર્ય હવેના સમયમાં એક અગત્યનો ઊર્જા-સ્રોત બની ગયો છે. સોલારથી ચાલતી અનેક વસ્તુઓ આપણી જિંદગીમાં પ્રવેશી રહી છે, પછી કૂકર હોય કે હીટર. ખેતીના વ્યવસાયમાં પણ સૂર્યઊર્જા કે સોલારનો અનોખો ઉપયોગ થઈ રહ્યો છે.

ખેતીમાં જીવાત-નિયંત્રણ માટે સોલાર-ટ્રેપનો ઉપયોગ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાથી ૧૦ કિલોમીટરના અંતરે ગોખરવા ગામ આવેલું છે. ૧૫૦૦ની વસતી ધરાવતાં આ ગામમાં 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા છેલ્લા એક વર્ષથી વિવિધ કામગીરી થઈ રહી છે. સંસ્થા દ્વારા ખેડૂતોને સોલાર ટ્રેપ તથા અલગ-અલગ જાતનાં બિયારણો આપવામાં આવે છે. ઉપરાંત, પાણી રિચાર્જ કરવાના હેતુથી હોલિયા બનાવવામાં આવે છે. સંસ્થા દ્વારા ગામનાં સખીમંડળો, પંચાયત તથા ખેડૂતો સાથે પણ જુદીજુદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

પિયુષભાઈ રામશંકરભાઈ રાવલ, એ ગોખરવા ગામના ઉત્સાહી ખેડૂત. તેમની પાસે સાત વીઘા જમીન છે. તેમાં તેઓ ત્રણ

વીઘામાં એરંડા, બીજી ત્રણ વીઘા જમીનમાં રાયડો અને બાકીની એક વીઘા જમીનમાં ઘાસચારો કરે છે. ખેતીના પાકમાં આવતી જીવાતોથી પિયુષભાઈ બહુ હેરાન થતા. ઇયળ, ફૂદાં જેવી પાક માટે હાનિકારક જીવાતો પર નિયંત્રણ મેળવવા માટે તેઓ બીજા ખેડૂતોની જેમ, જંતુનાશક દવાઓ છાંટતા. 'વસુંધરા ફાઉન્ડેશન' સાથે સંપર્ક થયા પછી, પિયુષભાઈને જંતુનાશક દવાઓથી થતાં નુકસાન વિશે જાણવા મળ્યું. તેથી તેમણે સંસ્થાને તે બાબતે મદદ પૂરી પાડવા કહ્યું. સંસ્થાએ તેમની પાસેથી ૬૦૦ રૂપિયા ફાળો લઈને, હાનિકારક જીવાતના નિયંત્રણ માટે સોલાર-ટ્રેપ આપી. ખેડૂત પિયુષભાઈએ તે તેમના એક વીઘાના એરંડાના પાકમાં લગાવી.

સોલાર-ટ્રેપ લગાવ્યા પછી તેમનો જંતુનાશક દવાનો ખર્ચ ઘટ્યો. સોલાર-ટ્રેપમાં જીવાતો ખેંચાઈ આવીને મરી જતી હોવાથી હવે તેમના પાકને થતું નુકસાન ઘટ્યું છે. પિયૂષભાઈ કહે છે, "હું એક વર્ષની અંદર લગભગ ત્રણથી ચાર વખત દવા છાંટતો. જે અત્યારે મેં ૫૦ ટકા ઘટાડી છે. એ દવા પાછળ મારે ૪,૦૦૦ રૂપિયાથી વધુ ખર્ચ થતો. હવે સોલાર-ટ્રેપ લગાવ્યા પછી તે ખર્ચ ઘટીને અત્યારે ૨,૦૦૦ રૂપિયા જેટલો થાય છે. મારા પાક-ઉત્પાદનમાં પણ થોડોક વધારો થયો છે. સોલાર ટ્રેપ લગાવી તે પહેલાં, એક વીઘામાં ૪૦ મણ દિવેલા ઉતરતા હતા. ટ્રેપ લગાવ્યા પછી હવે વીઘા દીઠ ૪૫ થી ૫૦ મણ દિવેલાનો પાક મળે છે." આમ, પિયુષભાઈને દિવેલાનાં ઉત્પાદનમાં દસ મણ જેવો વધારો મળ્યો છે. એરંડાનો ભાવ ૧૧૦૦ રૂપિયા જેટલો ગણીએ તો તેમાં તેમને લગભગ ૧૧,૦૦૦ રૂપિયા જેટલો નફો થયો છે. તે સોલાર-ટ્રેપને જ આભારી

છે.



ટ્રેપ લગાવ્યા પછી, આજુબાજુના ખેડૂતો પિયુષભાઈના ખેતરની મુલાકાતે આવે છે. ગોખરવા ગામમાં પહેલીવાર આ સોલાર-ટ્રેપ લગાવવામાં આવી. પિયુષભાઈના ખેતરમાં તે જોઈને, ગામના બીજા ચાર ખેડૂતોએ પોતાના ખર્ચે સોલાર-ટ્રેપ લગાવી છે.

પિયુષભાઈના પાડોશી ખેડૂતના ખેતરમાં સોલાર-ટ્રેપ ન હતી. તેમાં ૧૦થી ૧૨ કિલો રાઈ ઓછી ઉતરી હતી. વળી, એ ખેડૂતને દવાનો છંટકાવ પણ વારંવાર કરવો પડ્યો હતો. પાર્થભાઈ મહેશભાઇ રાવળ ખેડૂતનું માનવું છે કે, જો તેમના ખેતરમાં પણ સોલાર-ટ્રેપ લાગેલી હોત તો તેમને રાઈનો ૧૦થી ૧૨ કિલો વધુ પાક મળી શકે એમ હતો.

પીયૂષભાઈનાં માતા મંજુલાબેન રાવળ કહે છે કે, “આ સોલાર-ટ્રેપ અમે પહેલાં ક્યારેય જોઈ નથી, કે ગામમાં કોઈએ લગાવી નથી. તેમ છતાં અમે સંસ્થાનું માર્ગદર્શન લઈને લગાવી અને હવે બીજા ખેડૂતોને પણ પ્રેરણા આપી છે. સોલાર-ટ્રેપ એક વખત લગાવ્યા પછી નાખી દેવાય એવી વસ્તુ નથી. તેનો દરેક પાકમાં વારંવાર ઉપયોગ કરી શકાય છે.”

ખેતી એ ગમે તેટલો જૂનો ગણાતો વ્યવસાય હોય, પણ એમાંય નવીનવી શોધો થતી રહે છે, અખતરા થતા રહે છે. સંસ્થાની મદદથી પિયૂષભાઈ જેવા ખેડૂતો ગામમાં આવી કોઈ નાનકડી પહેલ કરે તો ગામના બીજા અનેક ખેડૂતો પણ તેમને જોઈને આવો કોઈ પ્રયોગ કરવા પ્રેરાતા હોય છે.

## ૫. બોરતવાડાના જીનલબહેન ચૌધરીએ અળસિયાં ખાતર બનાવી, આવક ઊભી કરી અને ખેતીનો ખર્ચ પણ ઘટાડ્યો.

-કનુ ઠાકોર

એક મહિલા જ્યારે આર્થિક રીતે સક્ષમ બને છે, ત્યારે તે પોતાના પરિવારના આર્થિક વિકાસમાં ફાળો આપી શકે છે અને ગરીબીના ચક્રમાંથી મુક્ત થઈ શકે છે. જીનલબહેન કાંતિભાઈ ચૌધરી, આવાં જ એક સક્ષમ મહિલા છે. તેઓ હારીજ તાલુકાના બોરતવાડા ગામનાં ૨૮ વર્ષનાં યુવાન ખેડૂત છે. તેમની પાસે ૧૧ વીઘા ખેતીની જમીન છે. ખેતીમાં નિંદણ, લણણી, ઘાસચારો કાપવો જેવાં કામો તેઓ કરે છે અને ખેતીને લગતા નિર્ણયો પણ તેઓ જાતે લે છે. તેઓ ગામની મહિલાઓનું સ્વસહાય જૂથ ચલાવે અને બહેનોને બૅંક મારફતે લોન પણ અપાવે. જીનલબહેનને પશુપાલનમાં પણ એટલો જ રસ.

વસુંધરા ફાઉન્ડેશનની કામગીરી બોરતવાડા ગામમાં ચાલે. ગામના સ્વસહાય જૂથની મિટિંગો, તાલીમો અને નિદર્શન(ડેમો) જેવી કામગીરીથી જિનલબહેન સાથે સંસ્થાનો પરિચય થયો એટલે જાણવા મળ્યું કે, તેઓ પોતાની ખેતી-પશુપાલનની આવક વધારવા ઉત્સુક હતાં. ચાર સભ્યોનો નાનકડો પરિવાર ધરાવતાં જીનલબહેનને સજીવ ખેતી (ઑર્ગેનિક ખેતી)માં બહુ રસ અને તેમાં આગળ વધવાની દ્રઢ ઇચ્છા-શક્તિ પણ ખરી. તેથી સંસ્થાએ તેમને અળસિયાં ખાતર બનાવવા માટેના બેડ અને અળસિયાં આપ્યાં. આમ તો, 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા, 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના

સહયોગથી ચાલતા 'ગ્રામીણ સમુદાયોની સ્વનિર્ભરતા અને લચીલાંપણાંમાં સુધારો લાવવો' (Improving the self-reliance and resilience of rural communities) પ્રોજેક્ટ હેઠળ, જીનલબહેનના ગામના મંડળની બહેનોને વર્મી-બેડ (અળસિયાં ખાતરના બેડ)ની તાલીમ આપી હતી. પરંતુ, મંડળની બહેનો તેમાં આગળ વધી ન હતી.

જોકે, જીનલબહેન એમ હિંમત હારે એવાં ન હતાં. તેમણે પોતાને ત્યાં, જાતમહેનતથી ત્રણ વર્મીબેડ તૈયાર કરીને, ખાતરથી ભરી દીધા. તેમણે એક બેડમાં બે કિલો અળસિયાં નાખ્યાં. તેમાં આંતરે દિવસે પાણી છાંટીને ૪૫થી ૫૦ દિવસમાં સોના જેવું ખાતર તૈયાર કરી દીધું. તૈયાર થયેલું ૧૩ બૅગ (થેલી) જેટલું ખાતર તેમણે તેમની ૧૧ વીઘા જમીનમાં નાખ્યું. તેમાંથી ૧.૫ વીઘા જમીનમાં તેમણે અડદ અને તલનો આંતરપાક લીધો. આ વર્ષે તેમણે ૧૫ કિલો તલનો પાક લીધો અને તે ઘરે ખાવા પૂરતો રાખ્યો. બીજી જમીનમાં બીટી કપાસ, મગ જેવા પાકો કર્યા.

અળસિયાં ખાતર વધારે બન્યું એટલે તેમણે તે પરિચિત લોકોને તથા આજુબાજુના તાલુકામાં પણ વેચ્યું. જીવનબહેન કિલોદીઠ સાત રૂપિયાના ભાવથી ૫૦ કિલો ખાતરની બૅગ ૩૫૦ રૂપિયામાં વેચે છે. છેલ્લા ચાર મહિના દરમ્યાન તેમણે આ ખાતરના વેચાણમાંથી ૭થી ૮ હજારની નોંધપાત્ર આવક મેળવી છે. તેમના ખાતરની માગ વધી છે એટલે વધારે ખાતર બનાવવાનો તેમનો ઉત્સાહ પણ વધ્યો છે.



વધુ નોંધપાત્ર વાત એ છે કે, તેઓ હવે તેમના ખાતરને 'ઓમ સાંઈ' નામની બ્રાન્ડથી બજારમાં મૂકવા માંગે છે. તેઓ હવે અળસિયાને રક્ષણ પૂરું પાડવા માટે શેડ બનાવવાની પણ ઇચ્છા ધરાવે છે. જીનલબહેનની કામગીરીમાં તેમના પિતા કાંતિભાઈ તેમને ખૂબ મદદરૂપ થાય છે. કાંતિભાઈ કહે છે, "જીનલ અળસિયાં ખાતર બનાવવામાં બહુ મહેનત કરે છે. તે ક્યારેક કોઈક કામથી બહાર જાય ત્યારે મને અળસિયાં ખાતરના બેડની જવાબદારી સોંપતી જાય. હું તેને મારાથી બનતી મદદ કરું છું."

જીનલબહેન કહે છે, "ખાતરના વેચાણથી આવક વધી એટલે હું ૧૬,૫૦૦ રૂપિયાની કિંમતની એક ઘરઘંટી વસાવી શકી અને આશરે ૫૦ હજાર રૂપિયાના ખર્ચે ઘરનું રિપેરિંગ પણ કરાવી શકી. વળી, મારો રાસાયણિક દવા-ખાતર પાછળ થતો દશેક હજાર રૂપિયાનો ખર્ચ પણ બચ્યો છે તે મને બહુ ફાયદાકારક લાગે છે."

‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા વર્મી-બેડ અંગે પાટણમાં યોજાઈ ગયેલી તાલીમમાં સ્થાનિક ગામોની ૬૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. પરંતુ, તેમાંથી જીનલબહેને તાલીમનો અમલ કરીને તેનાં મીઠાં ફળ મેળવ્યાં.

## *૬.ઈટોદા ગામમાં હોલિયું બનાવવાથી ગલાજી ઠાકોરની સાથે ગામનાં બીજાં કુટુંબોને પશુઓ માટે પાણી ઉપલબ્ધ બન્યું.*

*- ધનજી ઠાકોર*

ગુજરાત રાજ્યના પાટણ જિલ્લાનો એક તાલુકો એટલે ચાણસ્મા. તેમાં ૫૯ જેટલાં ગામો આવેલાં છે. પશુપાલન કરવાની સાથે, રાયડો, ઘઉં, વરીયાળી, બાજરી, જુવાર તથા કઠોળ જેવા પાકોની ખેતી થાય છે. વરસાદ ૨૦થી ૨૫ ઇંચ જેટલો પડે છે.

ગ્રામીણ-ગરીબ કુટુંબોને આર્થિક રીતે પગભર કરવા ‘વસુંધરા ફાઉન્ડેશન‘ જેવી સંસ્થાઓ દ્વારા પ્રયાસો કરવામાં આવે છે.

ચાણસ્મા તાલુકાના ઈટોદા ગામે 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' અનેકવિધ કામગીરી કરે છે. ખેતીને લગતી વિવિધ કામગીરીમાં પાણીનાં તળ ઊંચાં લાવવાં, જમીન સુધારણા, પર્યાવરણ, સ્વચ્છતા, ખેતીમાં નવાં નિદર્શન વગેરે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવે છે.

ઈટોદા ચાણસ્માથી આશરે ૧૨ કિલોમીટરનાં અંતરે આવેલું છે. ગામના રહેવાસી ગલાજી અજમલજી ઠાકોર ૬ વીઘા જમીનમાં ખેતી સાથે પશુપાલન કરીને પોતાનું જીવન ગુજારે છે. પાણીનાં તળ ખૂબ જ નીચાં હોવાથી ખેતી અને પશુપાલન માટે પાણીની સગવડ એ એક મોટી સમસ્યા હતી. ગલાજીનાં ખેતરની બાજુમાંથી પસાર થતી કેનાલમાંથી તેઓ પાણી લાવતા હતા. પાણી લાવવામાં ઘણી તકલીફ પડતી હતી. ઉપરાંત, તેમનો સમય પણ બહુ વેડફાઈ જતો હતો. તેથી ખેતરનું કામ ઓછું થતું હતું. આવી તકલીફોની વચ્ચે વરદાન બનીને આવ્યું 'વસુંધરા ફાઉન્ડેશન'!
ફાઉન્ડેશન દ્વારા ગલાજીનાં ખેતરની પરિસ્થતિ ચકાસવામાં આવી અને એના આધારે એક હોલિયું એટલે કે બોરવેલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. ૫૫ ફૂટ ઊંડું હોલિયું બનાવવામાં 30,000 રૂપિયા જેટલો ખર્ચ થયો હતો. તમામ ખર્ચ ફાઉન્ડેશન દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. હોલિયું બનવાથી ગલાજીને તો ફાયદો થયો જ, સાથે તેઓ આજુબાજુના ૧૦ પરિવારોના ૧૬ સભ્યો અને તેમનાં ૯ પશુઓને પીવા માટે તથા અન્ય વપરાશ માટે આ હોલિયાનું પાણી પૂરું પાડે છે.

ગલાજીએ કહ્યું કે, "રોડ ઉપર હાલ એક પાણીની પરબ બનાવી છે.

એમાં પણ આ હોલિયાનાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. પશુઓ માટે તથા વપરાશ માટે પાણીની તંગી રહેતી નથી. વરસાદના સમયે તળાવ ભરાય એટલે આ હોલિયાનું પાણી રિચાર્જ થઇ જાય છે.



એટલે વરસાદ પછી પણ પાણી પૂરતાં પ્રમાણમાં મળી રહે છે." ગલાજી વધુમાં જણાવે છે કે, “ઉનાળામાં ખેતીમાં જે પાણીની તંગી રહેતી હતી, તે ખૂટતું પાણી હવે પાકને આપી શકાય છે.”



સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને આવી તકલીફોનો સામનો કરવાનું વધારે આવતું હોય છે. ત્યારે આવી સંસ્થાઓ દ્વારા ગ્રામ વિસ્તારના લોકો-ખેડૂતોને માર્ગદર્શન મળી રહે અને ખાસ કરીને, પાણીને લગતી સમસ્યાઓ માટે આયોજન કરવામાં આવે તો ઘણા પ્રશ્નોનો ઉકેલ આવી શકે. ભવિષ્યમાં ખેડૂતો હોલિયા જાતે બનાવતા થાય, તે માટે એક નિદર્શનના ભાગરૂપે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ગલાજીનાં ખેતરમાં આ હોલિયું બનાવવામાં આવ્યું હતું.

'રિલાયન્સ ફાઉન્ડેશન' અને 'વસુંધરા ફાઉન્ડેશન' જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતાં આ પ્રકારનાં કામોમાંથી પ્રેરણા લઈ અન્ય ખેડૂતો પણ આવું કરી શકે. એટલું જ નહીં, આ કામગીરીમાં વધુ ને વધુ ખેડૂતો સહભાગી બને અને આવી યોજનાઓનો લાભ લઈ યોગ્ય આયોજન કરે તે ખૂબ જરૂરી છે.

## ૭.પીવાનાં પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા, હારીજ તાલુકાના સરેલ ગામના પાણીદાર લોકોએ બતાવ્યું પાણી.

- કનુ ઠાકોર

"પહેલાં અમારે ગામમાં ગમે તેના ઘરે પાણી ભરવા ભટકવું પડતું. કો'ક બેનનું મગજ સારું ના હોય તો પાણી ભરવાની ના પણ પાડી દે, પણ વસુંધરા સંસ્થાવાળાએ પાઇપલાઇનનું કામ કર્યું એ પછી અમારા ઘરે જ પાણી આવે છે. એટલે અમે હવે કામ કરતાં-કરતાં પાણી ભરી શકીએ છીએ. હવે અમને અમારા માટે થોડોક સમય મળે છે." કિસીબહેન રબારી બહુ રાજી થઈને આ વાત કરે છે. તેઓ સરેલ ગામના રબારી વાસમાં રહે છે.

સરેલ ગામાન રબારી વાસમાં 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા અમલીકૃત 'ગ્રામીણ સમુદાયોની સ્વનિર્ભરતા અને લચીલાપનમાં સુધારો લાવવો' (Improving the self-reliance and resilience of rural communities) પ્રોજેક્ટ અંતર્ગત પીવાનાં પાણીની નવી પાઇપલાઇન નાખવાની કામગીરી કરવામાં આવી છે. આ કામગીરીના સફળ પરિપાક રૂપે કિસીબહેન જેવી રબારી વાસની અનેક બહેનો અને લોકો ખૂબ રાહતનો શ્વાસ લઈ રહ્યા છે.

વાત એમ હતી કે, સંસ્થાના કાર્યકરો જ્યારે ગામની મુલાકાતે ગયા ત્યારે તેમને ગામના એક ફળિયામાં પીવાનાં પાણીની સમસ્યા વિશે જાણવા મળ્યું. તેથી તેના ઉકેલ માટે સંસ્થાએ તરત જ પાઇપલાઇન આપવાની તૈયારી બતાવી. સાથેસાથે સંસ્થાના

નિયમ મુજબ, પાઇપલાઇન માટે ખોદકામની મજૂરીનું કામ તે ફળિયાના લોકોએ કરવાનું રહેશે એવું જણાવ્યું. જોકે, અનેકવાર મુલાકાતો લીધા પછી અને ફળિયાના લોકોને સમજાવ્યા પછી પણ તે ફળિયાના લોકોએ કામ શરૂ ન કર્યું. દરમ્યાન, ગામના રબારી વાસના લોકોને ખબર પડી કે, પ્રોજેક્ટ હેઠળ ગામમાં પાઇપો આવી ગઈ છે, પણ કામ શરૂ થયું નથી. તેથી રબારી જ્ઞાતિના એક આગેવાન સેંધાભાઈ રબારીએ સંસ્થાના કાર્યકરોને મળીને, પોતાના વાસની પાણીની સમસ્યા વિશે વાત કરી.

રબારી વાસમાં છેલ્લા છ મહિનાથી પીવાનું ગંદું પાણી પહોંચતું હતું. તેથી એ વાસના લોકો મજબૂરીથી આવાં દૂષિત પાણીનો ઉપયોગ કરતા હતા. સંસ્થાએ આ વાત જાણ્યા પછી, પંચાયતના માજી સરપંચ, પંચાયતના સભ્યો, આગેવાનો અને રબારી જ્ઞાતિના ફળિયામાં વસતા લોકોને મળીને ચર્ચા કરી. તે પછી સ્થળ તપાસ કરતા જોવા મળ્યું કે, પાણી પુરવઠાના સ્રોતથી ફળિયા સુધીની પીવાનાં પાણીની પાઇપલાઇનમાં લીકેજ હતું. તેથી પાસે જ નાખેલી ગટરલાઇન પણ લીકેજ હતી. તેથી તેનું ગંદું પાણી, પીવાનાં પાણીની પાઇપલાઇનમાં ભળી જતું હતું. રબારી વાસમાં રહેતાં ૬૦ કુટુંબોને આવું ગંદું પાણી મળતું.

 

આ કામ એક જ ફળિયા પૂરતું હતું એટલે પંચાયત કે સરકારી વિભાગો પણ પ્રાથમિકતા આપતા ન હતા. તેમ છતાં, ગામના લોકોએ પહેલાં પંચાયતમાં ફરિયાદ કરી જોઈ, પણ 'કામ થઈ જશે' એવા જવાબો જ મળતા. ફળિયાના લોકો રજૂઆત કરે, છતાં સમસ્યાનો ઉકેલ લાવવામાં આવતો ન હતો. ગંદકી-મિશ્રિત પાણીના કારણે ખાસ કરીને, મહિલાઓને બહુ વેઠવું પડતું. એ દિવસો યાદ કરતા અગરબહેન રબારી કહે છે, "દિવસનો મોટાભાગનો અમારો સમય પાણી ભરવામાં જ જતો. ઘરનાં ઘણાં કામો છોડીને અમારે ગામમાં પાણી ભરવા નીકળવું પડતું."

માપણી કરતાં જણાયું કે, અંદાજે ૭૬૦ ફૂટ પાઈપલાઈનની અને એક વાલ્વની જરૂર છે. તેના દ્વારા આ સમસ્યાનું નિવારણ થાય તેમ હતું. સંસ્થાના કાર્યકરોએ ગામના લોકોને જણાવ્યું કે, "ગામમાં

અમે પાઇપ આપેલી જ છે અને હજી ત્યાં કામ શરૂ નથી થયું. જો તમે તમારા રબારી વાસમાં તાત્કાલિક કામ શરૂ કરવા માંગતા હો તો તમને પાઇપ આપીએ. તમારે પાઇપ નાખવા માટે ખોદાણ અને પુરાણ કરવું પડે. અમારી પાસે વાલ્વ આપવાની જોગવાઈ નથી. એટલે તમારે ફાળો કરીને કે પંચાયતના ભંડોળમાંથી વાલ્વની વ્યવસ્થા કરવી પડે." રબારી વાસના લોકોએ તરત જ, પાઇપ નાખવા માટે ખોદાણ અને માટી-પુરાણ કરવાની તૈયારી બતાવી. તેમણે પંચાયતના ભંડોળમાંથી વાલ્વની વ્યવસ્થા કરાવવાની જવાબદારી પણ લીધી.

રબારી વાસના લોકો આ કામમાં સહભાગી થવા તૈયાર થયા એટલે સંસ્થાએ પણ આ સમસ્યા હલ કરવા માટે કામ હાથ પર લીધું. સંસ્થા દ્વારા પીવાનાં પાણીની નવી પાઇપલાઇન માટે પાઇપો આપવામાં આવી. બસ, હવે વાર કેટલી! લોકોએ બીજા જ દિવસથી પાઇપ નાખવા માટે ખોદાણ શરૂ કર્યું. ગામના લોકોએ ફાળો કરીને કામ કરાવ્યું, જે સાત દિવસ સુધી ચાલ્યું. પાઇપો ફિટ કરવામાં આવી, પાઇપના સાંધા જોડવામાં આવ્યા અને કામ પૂરું કરવામાં આવ્યું. તેની સાથેસાથે પંચાયતના ભંડોળમાંથી વાલ્વની વ્યવસ્થા કરવામાં આવી. ગટરની તૂટેલી પાઇપના ભાગને બાયપાસ કરવામાં આવ્યો. તેથી ગંદકીનું મિશ્રણ અટક્યું અને નવી પાઇપલાઇનમાંથી ચોખ્ખું પાણી પહોંચવાનું શરૂ થયું. ચોખ્ખું પાણી મેળવીને, મહિલાઓ અને રબારી વાસના સૌ કોઈના ચહેરા ઉપર અનહદ ખુશી જોવા મળી. પાણીદાર લોકો હોય તો પાણી તો જરૂર પહોંચે તે સરેલ ગામના લોકોએ સાબિત કરી બતાવ્યું. ગામના અગ્રણીઓ માનશીભાઈ ચૌધરી, રામશીભાઈ રબારી અને

સરપંચશ્રી વાઘાભાઈ ચૌધરીએ સંસ્થાના આવા ઉમદા સહયોગની કદર કરી.



રબારી વાસમાં પીવાનાં પાણીની સમસ્યા ઉકેલાઈ એટલે ગામના બીજા ફળિયાના લોકોએ પણ સંસ્થાને તેમના ફળિયામાં મદદરૂપ થવા કહ્યું. ત્યાંના લોકો પહેલાં પોતાની જવાબદારીથી ભાગતા અને આળસ કરતા, પરંતુ રબારી વાસમાં કામ થયું એ જોઈને સંસ્થાને રજૂઆત કરવા આવ્યા. સંસ્થા પાસે સંસાધનોની મર્યાદા હતી, છતાં સંસ્થાના કાર્યકરોએ પંચાયત મારફતે અને લોકફાળાના માધ્યમથી તે ફળિયાનું કામ પણ પૂરું કરાવ્યું.

## ૮.ચેકડેમ રિપેર થવાથી ખેતીમાં પિયતનું પાણી ઉપલબ્ધ બન્યું અને નાણા ગામના નાના-સીમાંત ખેડૂતો એકથી વધુ સીઝનનો પાક લેતા થયા.

*-ગોવિંદ રાવળ*

અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં, સૌથી મોટો સળગતો પ્રશ્ન જો કોઈ હોય તો એ છે પાણી! એ પછી ભલે ગ્રામ સ્તરની વાત હોય કે શહેરની વાત હોય. પાણી એ માત્ર 'પાણી' નથી, પણ 'જીવન' છે એમ કહીએ તો પણ કંઈ ખોટું નથી. કારણ કે પાણી વગર જીવન શક્ય નથી. પોતાને સર્વશક્તિમાન માનતો માનવ એકમાત્ર એવો સજીવ છે, જે પાણીને વેડફવામાં એક ક્ષણ પણ વિચારતો નથી. પછી એનાં કપરાં પરિણામો એ તો ભોગવે છે, સાથે પશુ-પક્ષી જેવા અન્ય સજીવો પણ હેરાન થાય છે. માનવીના પોતાના વ્યવસાયો સુધ્ધાં ઉપર એની અસર થાય છે. કેમ કે, મોટાભાગના વ્યવસાયો માટે પાણી એ પાયાની જરૂરિયાત છે. એમાં પણ વાત જ્યારે ખેતી અને પશુપાલનની હોય, ત્યારે તો પાણી વિના આ બે વ્યવસાયની કલ્પના જ ન થઈ શકે.

એવી જ કંઈક વાત છે, પાટણ જિલ્લાના હારીજ તાલુકામાં આવેલા નાણા ગામની. હારીજથી લગભગ ૧૮ કિલોમીટરના અંતરે આવેલા આ ગામમાં ૨૬૦૦ જેટલી વસતી અને આશરે ૫૫૦ કુટુંબો વસવાટ કરે છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

આવાં ગામોમાં 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી

'વસુંધરા ફાઉન્ડેશન' સક્રિયપણે કાર્યરત છે. ગામના પ્રશ્નોને સમજવા, અને તેનો ઉકેલ ગામલોકોને સાથે રાખીને લાવવો એ ફાઉન્ડેશનની કામગીરી છે. સંસ્થાની ટીમ દ્વારા નાણા ગામની અવારનવાર મુલાકાત કરવામાં આવતી. તે દરમિયાન ગામની પરિસ્થિતિ વિશે માહિતી મળતી. તેમાં ગામની સમસ્યાઓ વિશે પણ જાણવા મળતું. ગામના તલાટી, સરપંચ, ખેડૂતો, આગેવાનો સાથે ચર્ચા કરતાં એ જાણવા મળ્યું કે, ગામની અંદર એક નદી વહે છે. ત્યાં એક ચેકડેમ બનાવેલો છે. ચારથી પાંચ વર્ષ પહેલાં ભારે વરસાદ અને પાણીના વધારે વહનના લીધે એ તૂટી ગયો હતો. ગામ લોકોએ 'વસુંધરા ફાઉન્ડેશન' પાસે તેને રિપેર કરવા માટેની માગણી મૂકી.

એ ચેકડેમ, ગામની જીવાદોરી સમાન હતો. પશુઓને પીવા માટે પાણીની સુવિધા ત્યાં મળી રહેતી. ગામના અમુક ગરીબ ખેડૂતો ચેકડેમની બાજુમાં નાનાં ખેતરોમાં શાકભાજી અને ઘાસચારો વાવીને પોતાનું ગુજરાન ચલાવતા. ઘણાં બધાં ખેતરોને ઉનાળામાં પણ પાણીની સગવડ મળી રહેતી. તેના કારણે ઉનાળુ પાક લેવો શક્ય બનતો. આટલો ઉપયોગી ચેકડેમ તૂટી જવાથી લોકોની સામે મુશ્કેલીઓનો જાણે કે પહાડ ઊભો થઈ ગયો! ચોમાસામાં ખેતર ધોવાણ થાય. પિયત ન મળે એટલે ઉનાળામાં પાક ન લઈ શકાય. એને લીધે ઉત્પાદનમાં ઘટાડો થઈ જતો. એટલે બંને ઋતુમાં ખેડૂતોને સમસ્યા થતી. વળી, પાણી રિચાર્જ ન થાય, એટલે પિયતનું પાણી પણ ઉપલબ્ધ બનતું નહીં. એટલું જ નહીં, ઉનાળામાં પશુઓને પીવા માટે પૂરતું પાણી પણ નહોતું મળતું. શાકભાજી ઉગાડીને એ ચેકડેમ ઉપર નભતા ગરીબ ખેડૂતો પાસેથી

તો જાણે રોજગારી જ ઝૂંટવાઈ ગઈ હતી.



આટલી બધી સમસ્યાઓને સમજીને 'વસુંધરા ફાઉન્ડેશન'ની ટીમ દ્વારા તરત જ પગલાં લેવામાં આવ્યાં. તેમણે ચેકડેમ રિપેરનું કામ શરૂ કરી દીધું અને થોડા જ સમયની અંદર તે કામને પૂરું પણ કરી આપ્યું. કામનો તમામ ખર્ચ 'રિલાયન્સ ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવ્યો. ગામના લોકોએ શ્રમદાન આપ્યું હતું. જરૂર મુજબ પોતાનાં વાહનો આપ્યાં હતાં. પંચાયત કે ખેડૂતો પાસેથી ફાઉન્ડેશને કોઈ ફાળો લીધો નહોતો.

કામ પૂરું થયા બાદ ગામલોકોને ત્યાં રૂબરૂ મુલાકાતે લઈ જવામાં આવ્યા. ચેકડેમનું કામ સરસ અને વ્યવસ્થિત રીતે પૂરું થયેલું જોઈને ગામલોકોના આનંદનો પાર ન રહ્યો. તેમણે 'રિલાયન્સ' અને 'વસુંધરા' ફાઉન્ડેશનનો ખૂબ ખૂબ આભાર માન્યો. ચેકડેમ કામ કરતો થઈ જતાં, આસપાસના ચાર ખેડૂતોએ પિયતનો લાભ

લીધો. ૧૯ વીઘા જમીનમાં પિયત આપીને એરંડા, રજકો, ઘઉં, ચોમાસું બાજરી વગેરેનો વીઘા દીઠ બેથી ત્રણ મણ વધારે પાક લીધો. ઈશ્વરભાઈ નામના ખેડૂત કહે છે કે, “અમે નહોતું વિચાર્યું કે આ ચેકડેમ રિપેર થઈ શકશે અને અમે અમારી ખેતીને સુધારી શકીશું. ઉનાળુ સીઝનમાં પણ પાક લઈ શકીશું અને પાકને ત્રણ-ચાર પિયત આપી શકીશું એવી કલ્પના પણ ન હતી. પણ આ બધું જ ‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા શક્ય બન્યું છે.”

ચેકડેમ રિપેર થઈ જતાં, ગામની સમસ્યાઓનો ઉકેલ મળી ગયો. એટલું જ નહીં, પીવા-વાપરવા અને ખેતી-પશુપાલન માટે પાણીની અછત અનુભવીને, પાણી જેવાં અમૂલ્ય કુદરતી સંસાધનની કીમત પણ સમજાઈ.

## ૯. સુરકા ગામના ગણપતભાઈએ પાક ફેરબદલી કરી ખેતીની બમણી આવક મેળવી.

-ઇમામ બલોચ

“એક દિવસ સાહેબનો ફોન આવ્યો અને મને પૂછ્યું કે, તમારે ચણાનું વાવેતર કરવું છે? અમે કહ્યું, હા, કરવાનું છે, પણ બિયારણ બજારમાં લેવા જવાનું છે. પૈસાની સગવડ થાય એટલે લાવીએ. તો સામેથી સાહેબ કહે: અમારી સંસ્થા બિયારણ આપે તો ચણાનું વાવેતર કરશો? મેં ‘હા‘ કહી એટલે મારું નામ નોંધાઈ ગયું.” આ શબ્દો છે ગણપતભાઈ ધારસીભાઈ ઠાકોરના. પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાનાં સુરકા ગામના રહેવાસી ગણપતભાઈના પરિવારમાં તેમનાં પત્ની અને બે બાળકો છે. એક ફોનથી તેમણે જે નિર્ણય લીધો, એણે એમનું જીવન બદલી નાખ્યું.

ગણપતભાઈ નાના ખેડૂત છે. ૭ વીઘા જમીનમાં પરંપરાગત ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમનો આખો દિવસ ખેતરમાં જાય. તેઓ એક ભેંસ પણ રાખે છે. ખેતરમાં એરંડા, જુવાર, રાયડુ, મગ, ચણા વગેરે ઋતુ મુજબનો પાક લે. તેઓ કહે છે કે, “અમે ખેતી કરિએ. ભણેલા ઓછું એટલે ઝાઝી ખબર પડે નહિ, પાણી બીજા ખેડૂત પાસેથી લેવું પડે. મારી પાસે પિયત માટે કોઈ વ્યવસ્થા નથી. ખાતર બજારથી લાવી નાખવું પડે. યુરિયા-ડીએપી નાખીએ, દવાઓ નાખીએ. ખેતીની આવક ભાગમાં અને ખર્ચમાં જાય. અમે ક્યારેય બે પાંદડે થયા નહિ. આવકમાંથી ખર્ચ બાદ કરતાં મને વર્ષે ૬૦થી ૭૦ હજારની બચત રહે.”



ગામમાં એક દિવસ ખેડૂત મિટિંગ થઈ. ગણપતભાઈ તેમાં ગયા એટલે ખબર પડી કે, ‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા ખેડૂતોને ખેતી વિશે માહિતી આપવા માટે એક તાલીમ યોજવામાં આવશે. ગણપતભાઈએ તે તાલીમમાં ભાગ લઈને, જમીન સુધારવા અંગેની તેમ જ પાણી-ખાતર-બિયારણની માહિતી મેળવી. બિયારણની પસંદગી કઈ રીતે કરવી, જે પાક લેવાનો હોય તેનું અગાઉથી આયોજન કરવું, વાવેતરનો સમયગાળો મહત્ત્વનો હોય છે, જમીન ચકાસણી(સોઇલ ટેસ્ટિંગ) કરાવીને જેની ઊણપ હોય તે પ્રમાણે ખાતર આપવું, જમીનના ભેજ મુજબ પાણી આપવું વગેરે માહિતી પણ તેમને તાલીમમાં ભાગ લેવાથી મળી. ત્યારે ખબર પડી કે, ખેતીમાં ખર્ચ ઘટાડી શકાય છે. સારી ખેતી કરવા માટે શું કાળજી લેવી જોઈએ એ પણ ગણપતભાઈને જાણવા મળ્યું. માહિતી આપનારા સાહેબ જોડેથી ફોન નંબર લીધો, જેથી ક્યારેક માહિતીની જરૂર હોય તો વાત થાય.

પછી તો સાહેબનો સામેથી ફોન આવ્યો અને ચણાનું વાવેતર કરવું છે કે કેમ એ પૂછ્યું. ગણપતભાઈએ સહમતી આપી, કેમ કે તાલીમમાંથી તેમને જાણવા મળ્યું હતું કે, પાકની ફેરબદલી કરવાથી ખેતીની જમીનને ફાયદો થાય છે. તેઓ પહેલાં ચણાનો પાક લેતા ન હતા. ગણપતભાઈને ૧૨.૫૦ કિલો બિયારણ મળી ગયું. વાવેતર સમયે વધારે જરૂર પડી તો બીજા ખેડૂત પાસેથી ૧૦ કિલો લીધું. એટલે આખા ખેતર માટે પૂરતું થઈ રહ્યું. 'વસુંધરા ફાઉન્ડેશન'ના માર્ગદર્શન મુજબ, તેમણે અલગ ૨ વીઘામાં ચણાનું બિયારણનું વાવેતર કર્યું અને ખેડૂત પાસેથી લાવેલું બિયારણ, જમીનના બીજા એક ભાગમાં ૨ વીઘામાં વાવ્યું.

ગણપતભાઈ કહે છે કે "આ વર્ષે બિયારણનો ખર્ચ થયો નહિ. મારે ૧૫૦૦થી ૧૭૦૦ રૂપિયાની સીધી બચત થઈ. ફાઉન્ડેશને ચણાનું બિયારણ આપ્યું અને સાથે માહિતી આપી કે બિનપિયત કરવું અને ખાતર નહિ નાખવાનું. બિનપિયત કરવાથી પાણીનો ભાગ બચે. અમે છાણિયું ખાતર નાખેલું હતું. તેથી ૪ વીઘામાં ચાસમાં ચણાનું વાવેતર કર્યું. બિયારણ ખૂબ સરસ હતું. આવું બિયારણ અમારે ત્યાં મળતું નથી. જ્યારે છોડ જમીનમાંથી બહાર નીકળવા લાગ્યો ત્યારે બીજા ખેડૂત જોવા માટે આવતા. કારણ કે, બીજા ખેડૂતોનાં ખેતરોના પાક કરતાં અમારાં ખેતરનું પરિણામ સારું હતું. વળી, છોડ પર ફાલ પણ સરસ બેઠો અને દાણા પણ મોટા હતા."

ગણપતભાઈને ૪ વીઘામાં ૧૨૬ મણ ચણાનો પાક મળ્યો. તેમાંથી તેમને મણ દીઠ ૯૫૦ રૂપિયાની આવક થઈ. અત્યારના બજાર ભાવ પ્રમાણે ગણતરી માંડીએ તો એક લાખ પચીસ હજાર જેટલી આવક થઈ અને ખર્ચ ખૂબ ઘટ્યો. ગામમાં ચણાનું સૌથી

સારું ઉત્પાદન ગણપતભાઈનું રહ્યું અને આવક પણ સારી રહી. તેઓ કહે છે કે "સંસ્થાની મદદથી આ વર્ષે અમારે દેવું થયું નહિ. પહેલા બિયારણ અને અન્ય ખર્ચ માટે ૫૦થી ૬૦ હજાર રૂપિયા ઉધાર લેવા પડતા અને જો પાક ન થાય તો દેવું વધી જાય કેમ કે, ઉધારીની રકમ વખતસર ચૂકવી શકીએ નહીં."

સૂરકા ગામના સરપંચ ભાનુભાઈ ઠાકોર જણાવે છે કે, અમારા ગામમાં ખેડૂતો ચણાનું વાવેતર કરે છે. બિયારણ બજારથી લાવે છે. પણ સંસ્થા તરફથી આપવામાં આવેલાં બિયારણના દાણા ખૂબ સરસ છે." ગામના બીજા ખેડૂત પેથાભાઈ ઠાકોર કહે છે કે, "સંસ્થાએ નાના અને ગરીબ ખેડૂતને આવી રીતે મદદ કરી, તાલીમ આપી અને ઉત્તમ ગુણવત્તાનું બિયારણ આપ્યું, તેથી આ ખેડૂતને ઉત્પાદન ખૂબ સરસ મળ્યું."

એક જ વર્ષમાં ગણપતભાઈને બિયારણ, ખાતર અને પિયત માટેનાં પાણીનો ખર્ચ સાવ શૂન્ય થઈ ગયો. એને લીધે આવક ૬૦,૦૦૦ રૂપિયામાંથી સીધી બમણી, એટલે કે ૧,૨૬,૦૦૦ સુધી પહોંચી ગઈ. આમ, તાલીમ અને તાલીમમાંથી મળેલી શીખનું સાચું અમલીકરણ આવું સરસ પરિણામ લાવી શકે છે.

## *૧૦. ગંદાં પાણીથી ગામના બૂરા થયા હાલ, સાથે મળી કર્યો નિકાલ: ખોરસમ ગામના લોકોનો સહિયારો પ્રયાસ રંગ લાવ્યો.*

**-જીજ્ઞા પટેલ**

'આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય' આ કહેવત મૃત્યુ પછી લાગુ પડે છે કે નહીં એ તો કોઈને જાણ નથી. પણ હા, જીવતેજીવ આ કહેવત ચોક્કસ લાગુ પડે છે. આગળ વધવું હોય, માહિતી મેળવવી હોય કે પછી પોતાને પજવતા કોઈ પ્રશ્નનો ઉકેલ લાવવો હોય તો જાતે જ પ્રયત્ન કરવો પડે. એક વાર પ્રયત્ન શરૂ કર્યો કે માર્ગદર્શન માટે કેટલાય સામે આવી જશે.

એવી જ વાત છે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાનાં ખોરસમ ગામની. ગામમાં ગંદાં પાણીનો પ્રશ્ન સળગતી સમસ્યા બની ગયેલો. ગામના ઇન્દિરાનગર વિસ્તારમાં ૧૫૦ ઘરોનો આ પ્રશ્ન. લોકોને આવવા-જવામાં તકલીફ પડે, મચ્છરનો ઉપદ્રવ વધે તો નવા રોગો ઉત્પન્ન થાય. લોકો માટે આ પ્રશ્ન માથાનો દુ:ખાવો થઈ પડ્યો. પણ લોકોની એટલી આર્થિક સધ્ધરતા નહોતી કે લોકફાળો કરીને કામ કરી શકાય. પંચાયતમાં પણ એટલી પૂંજી નહીં કે આ પ્રશ્નનો હલ થાય. બધાના પ્રયત્ન પછી આખરે વાત આવી 'વસુંધરા ફાઉન્ડેશન' પાસે. ગામના સરપંચ અને ગામલોકોએ મદદ કરવા માટે સંસ્થાને વિનંતી કરી.



'રિલાયન્સ ફાઉન્ડેશન'ના આર્થિક સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા અમલીકૃત 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટ દ્વારા પાટણ જિલ્લામાં કામગીરી ચાલે. એમાં એક ગામ ખોરસમ. ૨૫૦૦ ની વસતી ધરાવતાં આ ગામમાં જાગૃતિ-કાર્યક્રમો, મિટિંગો, તાલીમો, નિદર્શન-કાર્યક્રમો વગેરે કામગીરી ખેડૂતો, આંગણવાડી, સ્વ-સહાય જૂથની બહેનો, પંચાયતના સભ્યો, આગેવાનો સાથે રહીને કરવામાં આવતી. એના ભાગરૂપે ગામમાં સહભાગી ગ્રામીણ આયોજન (પીઆરએ)ની પ્રક્રિયા કરવામાં આવી. તેમાં ગામના લોકો તથા જુદીજુદી ગ્રામ-સમિતિઓના સભ્યોએ સાથે મળીને ગામના મુખ્ય પ્રશ્નો, સમસ્યાઓ ઉપર ચર્ચા કરી. ત્યારે સામે આવ્યો, ગામનો માથાનો દુ:ખાવો થઈ પડેલો ગંદાં પાણીનો પ્રશ્ન.



લોકોને તકલીફ થવાનું મોટું કારણ હતું કે, ગટર અલગઅલગ જગ્યાએથી તૂટેલી હાલતમાં હતી અને તે ગંદાં પાણીનો નિકાલ ક્યાંય થઈ શકે તેમ ન હતો. તેથી ત્યાં ખૂબ જ ગંદી હાલતમાં પાણી ઉભરાઈને બહાર આવતું હતું. આ સમસ્યા લગભગ ચાર-પાંચ વર્ષથી હતી. ગંદાં પાણીથી લોકોને તકલીફ તો ઘણી હતી, પરંતુ તેમની પાસે કોઈ બજેટ ન હતું. ઉપરાંત, ગામના લોકો એકબીજા પાસેથી લોકફાળા પેટે લઈ શકે એવી સ્થિતિ પણ ન હતી. બલકે, તેઓ તો આ જવાબદારી પણ એકબીજા ઉપર નાખતા હતા.

આખરે, ફાઉન્ડેશનની ટીમે નક્કી કર્યું કે, લોકોના સહકારથી આ કામ તો કરવું જ. સ્થાનિક લોકો સાથે મિટિંગ કરીને કામનું આયોજન કર્યું. સૌપ્રથમ સર્વેની કામગીરી કરી. ત્યારબાદ શરૂ થઈ મુખ્ય કામગીરી. પંચાયત દ્વારા ખોદકામ મજૂરી પેટે ૫૦૦૦ રૂપિયાની રકમ મળી. આ કામ સરપંચે ખુદ પોતાની જવાબદારીથી ચાલુ કરાવ્યું. ‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા ગટરનાં ભૂંગળાં લાવવામાં આવ્યાં. તેનો અંદાજિત ખર્ચ ૩૭,૦૦૦ આસપાસ

થયો. ત્યારબાદ આસપાસના મહોલ્લામાં રહેતા હોય તેવા લોકો દ્વારા જાતે ખોદકામ કરી કામ ચાલુ કરવામાં આવ્યું. આમ, એકબીજાના સહકારથી ગટરની પાઇપો નાખીને એક જ દિવસમાં સમસ્યાનો હલ કરવામાં આવ્યો. લોકોની ખુશીનો પાર ન રહ્યો.

લોકોનું કહેવું છે કે, "જો ફાઉન્ડેશને આ કામ ના કર્યું હોત તો હજુ સુધી ખબર નહિ, કેટલાં વર્ષો સુધી આ ગંદકી અમારે સહન કરવાની રહેત!" હવે આ તકલીફ તો દૂર થઈ જ, પરંતુ ફરી વાર ન થાય એ માટે તેઓ નિયમિત રીતે ગટર લાઇન સાફ કરાવશે. ઘરનો ગમે તે કચરો કે વાસણમાંથી જે જમવાનો કચરો પડતો એ પણ એ લોકો ગટરમાં જવા દેતા હતા. તો હવે આ બધું ધ્યાન રાખવું એનો તેમને અહેસાસ થયો. ગામલોકો કહે છે કે, "પંચાયત દ્વારા અમને જે કચરાનો ડબ્બો મળ્યો છે, તે માળિયામાં મૂકી દીધો હતો! હવે એનો પણ ઉપયોગ કરી, ભીનો કચરો અને સૂકો કચરો અલગ કરીશું. સૂકા કચરાનો ખેતરમાં કૃષિ કચરા તરીકે ઉપયોગ કરીશું અને ભીના કચરાનું ખાતર બનાવીશું."

ફાઉન્ડેશન દ્વારા મદદ ચોક્કસ કરવામાં આવી, પણ ગામના પ્રશ્નનો ઉકેલ લાવવાનું કામ તો ગામે જ કરવાનું રહ્યું. બીજું કે વારંવાર તો કોઈ મદદ પણ ન કરે. એટલે કામ પૂરું કરીને, તેની જાળવણી કે સાચવણી કરવાની જવાબદારી પોતે જ ઉઠાવવાની રહે.

## ૧૧. ભાટસર ગામમાં નેપિયર ઘાસના ઉપયોગથી પશુપાલન સમૃદ્ધ થયું અને આવકમાં વધારો થયો.

- ધનજી ઠાકોર

આજે પણ આપણા દેશમાં પશુપાલન એક અગત્યનો વ્યવસાય છે. ઉપરાંત, ખેતી કરનારાઓ માટે પશુપાલન પૂરક બને છે. ડેરી અને પશુપાલનનો વ્યવસાય હવે એક ઉદ્યોગના રૂપમાં વિકસ્યો છે. નાના, સીમાંત કે જમીનવિહોણા ખેતમજૂરો માટે પશુપાલન જીવનનિર્વાહનું અગત્યનું સાધન છે. આ વ્યવસાય થકી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનું સર્જન થાય છે તથા સ્ત્રી-સશક્તિકરણમાં તે નિમિત્ત બને છે. એમાં જો પશુપાલકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તો તો જાણે કે સોનામાં સુગંધ ભળે. દૂધ-ઉત્પાદનનો વ્યવસાય વધુને વધુ નફાકારક બનવાથી પશુપાલકોની આર્થિક પરિસ્થિતિમાં ચોક્કસ સુધારો આવે.

એવું જ એક ઉદાહરણ, પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ભાટસર ગામે પૂરું પાડ્યું છે. ચારસોથી પણ વધુ ઘરો અને ૧૭૫૯ જેટલી વસ્તી ધરાવતું આ ગામ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલું છે. પટેલ, રબારી, ઠાકોર, રાવળ, પ્રજાપતિ, દલિત, દેવીપૂજક વગેરે જ્ઞાતિઓથી શોભતાં આ ગામમાં 'વસુંધરા ફાઉન્ડેશન' બે વર્ષથી કામગીરી કરે છે. 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના આર્થિક સહયોગથી થતી વિવિધ કામગીરીઓ દરમ્યાન સંસ્થાને જાણવા મળ્યું કે, ખાખરા, પાપડ, અગરબત્તી બનાવવાના ઉદ્યોગ-માત્રથી બહેનોની આવક વધારવી મુશ્કેલ છે. કારણ કે, ગામડામાં

રહેતી બહેનો માટે માર્કેટ મળવું મુશ્કેલ છે. જો એમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવો હોય તો માત્ર એક જ ઉપાય છે: પશુપાલન. આમાં કંઈક નક્કર કામ કરવામાં આવે તો બહેનો આર્થિક રીતે પગભર થાય અને ઘરની આવકમાં વધારો થાય. સાથે એવું કંઈક કરવું કે બહારથી ચારો લાવવો પડે છે તેના ખર્ચમાં પણ ઘટાડો થાય. આ ત્રણ લક્ષ્યો સાથે, પશુપાલન કરતા ૫૩ લોકોને સંસ્થા દ્વારા નેપિયર ઘાસ આપવામાં આવ્યું અને તેનું વાવેતર કરવામાં આવ્યું.

અસ્મિતાબહેન પરેશભાઈ પટેલ કહે છે: “અમારી પાસેનાં ૧૨ પશુમાંથી હવે નાનાં-મોટાં ૧૪ પશુઓ થયાં છે. તેમાંથી બે ભેંસ અને બે ગાય દૂધ આપે છે. નેપિયર ઘાસ નહોતું આવ્યું ત્યારે ૨૮ લિટર દૂધ મળતું હતું. નેપિયર ઘાસ ખવડાવવાથી સીધો ચાર લિટરનો વધારો થઈને, આજે રોજનું ૩૨ લિટર દૂધ મળે છે. દૂધ વધવાથી દરરોજના ૨૦૦ રૂપિયાનો વધારો થતાં, મહિને ૬૦૦૦ રૂપિયાની આવક વધી ગઈ. બીજો એ પણ ફાયદો થયો કે, અમને નિયમિત રીતે લીલો ચારો મળતો થયો. આ પહેલાં અમે અમારાં પશુઓને રજકો, જુવાર અને સૂકા પૂળા ખવડાવતા હતા. સૂકો ચારો બહારથી ૩૦,૦૦૦ રૂપિયાનો લાવવો પડતો હતો. આજે અમને એ પણ બચત થઈ છે.”

 

પુરીબહેન લક્ષ્મણજી ઠાકોરનો પણ આવો જ સરસ અનુભવ છે. તેમણે કહ્યું કે, ‘‘મારી પાસે જમીન નથી, પણ ગામના એક રબારી ભાઈએ ઘાસ કરવા માટે મને જમીન આપી અને તેમાં મેં ઘાસનું વાવેતર કર્યું. તેમાંથી મને કાયમી લીલો ચારો મળી રહે છે. મારી ભેંસોને હું આ ઘાસ ખવડાવું છું. મારે બીજે ચારો લેવા જવું પડતું નથી અને મારો સમય પણ બચી રહે છે.‘‘

ગામની ‘ગ્રામ વિકાસ સમિતિ‘ના સભ્યો કહે છે કે, ‘‘નેપિયર ઘાસનું વાવેતર કર્યું છે, તેમાં ઘણો બધો ફાયદો જોવા મળ્યો. આ વર્ષે ૫૩ ખેડૂતોએ આ ઘાસ વાવ્યું છે, એમની સંખ્યા આવતાં વર્ષે ૧૦૦ સુધી પહોંચે એવા પ્રયત્નો અમે કરીશું.”




માણસ જેમ હવે પોતાના આહાર વિશે સભાન થયો છે, એમ એ એનાં પાલતુ જાનવરો માટે પણ સભાન થયો છે એ સારી બાબત છે. સ્વસ્થ આહાર લેનારાં પશુ સ્વસ્થ દૂધ આપશે. એટલે આખરે તો આ ફાયદો આપણને જ પહોંચવાનો છે. ઉપરાંત, મહિલાઓ સામે રોજગાર મેળવવાનો એક નવો રસ્તો ખુલી ગયો એ તો અલગ!

## ૧૨. જેતલપુરાનાં તુલસાબહેને અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પોષણ-વાટિકા બનાવી અને આરોગ્યપ્રદ જીવનનો પથ કંડાર્યો.

-ઇમામ બલોચ

કહેવાય છે ને કે પહેલું સુખ તે જાતે નર્યા. પણ હવે દવાઓ અને રસાયણોથી પકાવવામાં આવતાં અનાજ અને ફળ ખાઈને નર્યા રહેવું થોડું અઘરું બન્યું છે. અલબત્ત, એનો ઉપાય પણ ધીમેધીમે થઈ રહ્યો છે. ઘણી કંપનીઓ અને સંસ્થાઓ આ પ્રશ્નના ઉકેલ માટે પ્રયત્નો કરી રહી છે. એમાંથી એક છે 'વસુંધરા ફાઉન્ડેશન'. 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા અમલીકૃત 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટ દ્વારા પાટણ જિલ્લાનાં ગામોમાં ખેતી અને પશુપાલન માટે અલગઅલગ પ્રકારની કામગીરી થઈ રહી છે.

એવાં જ એક ગામ જેતલપુરામાં ચાલતાં સખીમંડળનાં સભ્ય તુલસાબહેન જયંતીભાઈ પરમાર ખૂબ ઉત્સાહપૂર્વક ગામમાં ચાલતી પ્રવૃત્તિઓમાં ભાગ લે. એમના ગામમાં 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા પોષણ અંગે જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલો. તેમાં મહિલાઓ માટે પોષણનું મહત્ત્વ, કયા પ્રકારના ખોરાકમાંથી શું પોષણ મળે છે, પોતાનાં ઘરે કેવી રીતે પોષણ-વાટિકા દ્વારા શુદ્ધ અને તાજી શાકભાજી મળી રહે વગેરે અત્યંત અગત્યના વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ વાતમાં તુલસાબહેનને બહુ રસ પડ્યો અને સવાલો પૂછીને વધારે માહિતી

મેળવીને ઘરઆંગણે શાકભાજી કરવાની વાત તેમણે ગાંઠે બાંધી. કાર્યક્રમમાં સમજાવવામાં આવ્યું હતું કે, સારી ગુણવત્તાવાળાં બિયારણ લાવી ઘરની બાજુમાં, આંગણામાં કે ખેતરના એક ખૂણામાં શાકભાજી ઉગાડી શકાય. કોઈ રાસાયણિક દવાના ઉપયોગ વગર, માત્ર છાણિયું ખાતર વાપરીને જો શાકભાજી ઉગાડવામાં આવે તો આરોગ્ય માટે અતિ ઉત્તમ. આવી પોષણ-વાટિકા એટલે રિલાયન્સ ન્યુટ્રિશન ગાર્ડન (આરએનજી). તેના અંગે વિગતવાર સમજણ તાલીમ દરમિયાન આપવામાં આવી.

બહેનોને તાલીમ મળી, વિનામૂલ્યે શાકભાજી બિયારણ મળ્યું, પણ આગળ શું કરી શકાય તે બાબતની ચિંતા હતી. ત્યારે ફરીથી બહેનોને ભેગાં કરીને, ગામમાં શાકભાજીનો પાક લેતા દેવીપૂજક સમાજના અનુભવી ભાઈને જયંતીભાઈ કાળાભાઈ દેવીપૂજકને બોલાવ્યા. જમીન કેવી રીતે તૈયાર કરવી, કેટલું પાણી, ક્યારે આપી શકાય, જૈવિક ખાતર ક્યાંથી લાવવું વગેરે તેમણે સમજાવ્યું. એટલે બહેનો સામે હવે એક નવી દિશા ખૂલી ગઈ.

એ બહેનોમાંથી તુલસાબહેને તો નક્કી જ કરી લીધું કે, 'મારે પોષણ-વાટિકા બનાવી જ છે.' તેમની આર્થિક સ્થિતિ ખાસ સારી નહોતી. ઘેર શાકભાજી ઉગાડવું હતું તો ખરું, પણ બિયારણ ક્યાંથી લાવવું? ખાતર ક્યાંથી લાવવું? એ સવાલો એમના મનમાં સતાવે. ફાઉન્ડેશનની ટીમને એમનો ઉત્સાહ સ્પર્શી ગયો. 'વસુંધરા ફાઉન્ડેશન' તેમની મદદે આવ્યું. ફાઉન્ડેશન દ્વારા 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટ અંતર્ગત તુલસાબહેનની દેખરેખમાં રાધનપુર તાલુકાના જેતલપુરા

ગામમાં મોડેલ પોષણ-વાટિકા (આરએનજી) બનાવવાનું નકકી કરવામાં આવ્યું. તુલસાબહેને પણ તે માટે ખૂબ ઉત્સાહથી તૈયારી બતાવી. તેમનાં ઘરની બાજુમાં આરએનજી બની શકે તેટલી જમીન પણ ખાલી પડી હતી. બિયારણ, ખાતર અને પોષણ-વાટિકા સચવાઈ રહે તે માટે ગ્રીન નેટ, વાંસ તથા પાણીની વ્યવસ્થા માટે પાઇપ આપવામાં આવ્યા. પોષણ-વાટિકા બનાવવા માટે જગ્યા ઉપર જ ફરી એકવાર પ્રત્યક્ષ તાલીમ પણ આપવામાં આવી.



તુલસાબહેનને તાલીમ મળી, શાકભાજીનું બિયારણ મળ્યું. પણ પરિવારનો સાથ-સહકાર ના મળ્યો! વાત ફરી અટકી પડી. તુલસાબહેન મૂંઝાઈ ગયાં. “હવે શું કરવું!” તેમણે ‘વસુંધરા ફાઉન્ડેશન‘ના પ્રતિનિધિને વાત કરી. “આ મારાથી નહિ થાય. ઘરના સભ્યો ના પાડે છે.” ફાઉન્ડેશનના પ્રતિનિધિએ એક દિવસ

તુલસાબહેનનાં ઘરે બેઠક કરી, બધાં બહેનોને બોલાવ્યાં. પછી તુલસાબહેનના પરિવારની હાજરીમાં બધાંને ઘરે જાતે ઉગાડેલી અને દવા વિનાની શાકભાજીનું મહત્ત્વ સમજાવ્યું. આટલું કર્યા પછી બહેનને પરિવારનો સહયોગ મળ્યો. પરિણામે, તુલસાબહેનનો ન્યુટ્રિશન ગાર્ડન અલગ-અલગ પ્રકારની ૧૫થી પણ વધારે શાકભાજીથી શોભી રહ્યો છે. તેમાં મેથી, ધાણા, કોબિજ, ફ્લાવર, મરચા, પાલક, ગાજર, મૂળા, રીંગણ, ભીંડા વગેરે શાકભાજી છે. તુલસાબહેન રોજના ૫૦થી ૧૦૦ રૂપિયાની બચત કરી શકે છે.

તુલસાબહેનને લગભગ બધી ઋતુમાં વાવેતર થઈ શકે તે પ્રમાણે બિયારણ મળ્યું હતું. એટલે બીજી ઋતુમાં વાવેતરનું આયોજન એમના પાસે તૈયાર જ છે. એટલી હદે કે તેમણે પશુપાલન કરતાં એક બહેનને ખાતર માટે પણ કહી રાખ્યું છે. તુલસાબહેન સામે ઘણી તકલીફો આવી, પણ પોતાના ઉત્સાહ અને ફાઉન્ડેશનનાં માર્ગદર્શનથી તેમણે એ બધી મુશ્કેલી પાર કરીને પોતાના પરિવારને રસાયણોનાં ઝેર વિનાની, શુદ્ધ શાકભાજી ખવડાવી.

## ૧૩. *બાદલપુરાના ખેડૂત હેમચંદભાઈએ સોલાર-ટ્રેપ લગાવીને દવાનો ખર્ચ ઘટાડ્યો અને એરંડાનું થોડુંક વધારે ઉત્પાદન મેળવ્યું.*

*- સંજય જોશી*

રાધનપુર તાલુકાના બાદલપુરા ગામમાં, 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'ગ્રામીણ સમુદાયની સ્વનિર્ભરતા અને લચીલાપણામાં સુધારો લાવવો' (Improving the self-reliance and resilience of the rural communities) પ્રોજેક્ટ ચાલે. આ પ્રોજેક્ટ હેઠળ, ગામમાં વિવિધ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવે. સંસ્થાની ઝડપી વિકાસલક્ષી કામગીરી જોઈને લોકોનો સંસ્થાનાં કાર્યોમાં વિશ્વાસ ઊભો થયો. સંસ્થાના કાર્યકરો ગામની મુલાકાત લઈ ગામના ખેડૂતોને મળે અને તેમની ખેતીને લગતી સમસ્યાઓના ઉકેલ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડે. આવી જ એક મુલાકાત દરમ્યાન, કાર્યકરોને ગામના એક પ્રગતિશીલ ખેડૂત હેમચંદભાઈ કુરશીભાઈ ઠાકોર સાથે સંપર્ક થયો.

હેમચંદભાઈના ખેતરમાં એક બોરવેલ હોવાથી તેઓ ખેતીને પિયત આપી શકે. તેથી તેઓ તેમની ૧૯ વીઘા જમીનમાં ખેતીના પાકોની સાથેસાથે, થોડીક જમીનમાં ઘરપૂરતો શાકભાજીનો પાક પણ લે. બારમા ધોરણ સુધી ભણેલા આ ખેડૂતની ખેતી પ્રત્યેની તાલાવેલી અને સરળ સ્વભાવ જોઈને, 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા તેમને સોલાર-ટ્રેપ આપવાનું નક્કી થયું. હેમચંદભાઈએ સંસ્થાના કાર્યકરો પાસેથી સોલાર-ટ્રેપ વિશે પદ્ધતિસર માહિતી મેળવી અને તેમના

એરંડાના ૬ વીઘાના ખેતરમાંથી ૧ વીઘામાં તે લગાવી. હેમચંદભાઈ સોલાર-ટ્રેપ લગાવીને બેસી ગયા નહીં. તેમણે તેનું નિરીક્ષણ કરવાનું ચાલુ કર્યું. તેઓ જ્યારે પણ ખેતરે જાય ત્યારે સોલાર-ટ્રેપનું પાણી ભરેલું ટબ તપાસે. તેમાં જીવાત આવેલી જોઈને તેમને હાશકારો થાય.



હેમચંદભાઈ કહે છે, "સોલાર-ટ્રેપથી ઘણી બધી નુકસાનકારક જીવાતો કાબૂમાં આવી. તેથી મારે જંતુનાશક દવાનો ઉપયોગ કરવો પડ્યો નહીં. આમ, ટેકનોલૉજીના ઉપયોગ સાથે ખેતી કરવાથી મને ફાયદો થયો. મારા ૧ વીઘાના એરંડામાં સોલાર-ટ્રેપની સારી અસર થઈ. એરંડામાં આવતી ઇયળ, ફુદા સ્વરૂપે પાણીમાં આવીને મરી જાય છે. આમ, ઇયળનો ઉપદ્રવ ઓછો થયો. મને એરંડામાં સરેરાશ ૨૭થી ૩૩ મણનો ઉતારો મળતો. હવે મને ૨થી ૩ મણ વધુ ઉત્પાદન મળે છે." એરંડાનું ઉત્પાદન થોડુંક વધ્યું

એટલે તેમને ૩૩૦ રૂપિયાનો ફાયદો થયો. વળી, સોલાર-ટ્રેપ લગાવી હતી તે એક વીઘામાં દવાનો કોઈ ખર્ચ ન કર્યો હોવાથી તેમને અંદાજે ૧૫૦૦ રૂપિયાની બચત થઈ.

ટેકનોલૉજીથી વાકેફ એવા હેમચંદભાઈ હવે બીજા ખેડૂતોને પણ સોલાર-ટ્રેપ અપનાવવા માટે માર્ગદર્શન આપી રહ્યા છે.

## *૧૪. સૌની સહભાગિતાથી લાલપુર ગામનાં જરૂરિયાતમંદ કુટુંબોને તથા પશુઓને પીવાનું પાણી પ્રાપ્ત થયું.*

**-*નાનજી ઠાકોર***

આ વાત છે અંતરિયાળ અને છેવાડાના અતિપછાત ગામ લાલપુરની. આ ગામ માત્ર ૪૫ ઘરો ધરાવતું નાનકડું ગામ છે. ગામમાં નિરાશ્રી ઠાકોર જાતિની જ વસતિ. 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના સહયોગથી 'ગ્રામીણ સમુદાયમાં આત્મનિર્ભરતા અને લચીલાંપણાંમાં સુધારો લાવવો' (Improving the self-reliance and resilience of rural communities' development) પ્રોજેક્ટ અંતર્ગત લાલપુર ગામમાં 'ડ્રિંકિંગ વૉટર અને ગ્રે વૉટર પ્રોગ્રામ' કરવામાં આવ્યો હતો. તેમાં પાણીનો દુરુપયોગ થતો રોકવા તેમ જ ગામનું પાણી ગામમાં જ રહે તે માટે પાણી બચાવવા અંગે જાગૃતિ આણવામાં આવી. આ કાર્યક્રમ

દરમ્યાન, લાલપુરના સરપંચે ગામની પાણીની સમસ્યા વિશે વાત કરી.

ગામનાં ૧૦થી ૧૨ ઘરો સુધી પાણી પહોંચતું ન હતું. તેથી તે ઘરોની મહિલાઓને પાણી ભરવા માટે સવારે બહુ વહેલા ઉઠવું પડતું. મહિલાઓને બેડાં લઈને ગામનાં બીજાં ઘરોમાંથી પાણી ભરીને લાવવું પડતું. મોટાભાગના લોક મજૂરી કરીને જીવનગુજરાન ચલાવનારા. એટલે મજૂરી કામે જતા પહેલાં પીવાનું પાણી ભરવાનું કામ વહેલી સવારે જ આટોપવું પડે. વળી, આર્થિક રીતે નબળી પરિસ્થિતિ અને રોજ કમાઈને ખાનારા લોકો એટલે પાણી પાછળ દા'ડો બગાડવો પરવડે નહીં.

આ સ્થિતિ જાણ્યા પછી 'વસુંધરા ફાઉન્ડેશન'ના કાર્યકરોએ સરપંચ સાથે ચર્ચા કરીને, આ કામમાં પંચાયતની સહભાગિતાની વાત કરી. સરપંચ તરત જ લોકભાગીદારીથી કામ કરવા તૈયાર થયા. તેમણે પાઇપલાઇન માટે ખોદકામ કરવાની જવાબદારી લીધી. ઉપરાંત, પંચાયતમાંથી આ કામ માટે ૩૦,૦૦૦ રૂપિયા ફાળવવાની ખાતરી આપી. સંસ્થાના કાર્યકરો, સરપંચ અને ગ્રામજનો સાથે આ અંગે ચર્ચા ચાલી રહી હતી એ દરમ્યાન ગામના એક જાગૃત નાગરિક પ્રતાપભાઈએ, ગામના પશુઓ માટે પણ પાણીની વ્યવસ્થા કરવાનું સૂચન કર્યું. ગામમાં ઉનાળામાં પશુઓ માટે પાણીના કોઈ સ્રોત રહેતા ન હતા. તેથી જો પાઇપલાઇન મારફતે હવાડા સુધી પણ પાણી પહોંચાડવામાં આવે તો તે ગામનાં પશુ-પંખીઓને પણ ઉપયોગી થાય એવી એમની લાગણી હતી.



આખરે પંચાયતનો ઠરાવ કરીને આ કામ માટે મંજૂરી લેવામાં આવી. બીજા જ દિવસે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ૨૫ પાઇપો આપવામાં આવી. પંચાયતે પોતાના તરફથી ૧૮ પાઇપો આપી. તે પછી જરૂરિયાતમંદ ૧૦થી ૧૨ કુટુંબોના ઘરો સુધી સૌએ ભેગા મળીને ખોદકામ કર્યું અને પાઇપલાઇનનું કામ કર્યું. એટલું જ નહીં, પશુઓના હવાડા સુધી પણ પાણીની લાઇન પહોંચાડી અને ત્યાં પાણી ઉપલબ્ધ કર્યું. સંસ્થાએ એ ૧૦થી ૧૨ ઘરોમાં નળ કનેક્શન પણ આપ્યાં.

પાણીની સગવડ થવાથી ગામની મહિલાઓ રાજી થઈને કહેવા લાગી કે, "અમારા ઘરે તો કે ગંગા આવી. અમને ઘરે પાણી મળવા લાગ્યું એથી બહુ રાહત લાગે છે. હવે અમે નિરાંતે રોજી રળવા જઈ શકીશું." ગામના જાગૃત નાગરિક પ્રતાપભાઈએ હવાડાની નિયમિત રીતે સાફસફાઈ કરવાની જવાબદારી લીધી. આમ, સંસ્થા, પંચાયત અને ગામલોકોની ભાગીદારીથી ગામનાં કુટુંબોની પાણીની સમસ્યાનો ઉકેલ આવ્યો.

## ૧૫. બંધવડ ગામની મહિલાઓએ, ગ્રામસભામાં સક્રિય રીતે સહભાગી બનીને ગ્રામ વિકાસનાં કાર્યોને વેગ આપ્યો.

**- ઇમામ બલોચ**

"લોકો માટે, લોકો વડે અને લોકોથી બનેલું વહીવટીતંત્ર એટલે લોકશાહી" આટલી સરસ અને સુસ્પષ્ટ વ્યાખ્યા હોવા છતાં, એમાંથી જાણે કે 'લોકો' જ ગાયબ છે. આ વાતની ખાતરી કરવી હોય તો લોકશાહીનો પાયો એવી કોઈ પણ ગ્રામ પંચાયતની મુલાકાત કરવી રહી. આવો જ અનુભવ જ્યારે 'વસુંધરા ફાઉન્ડેશન'ને થયો ત્યારે તેમણે બદલાવ લાવવા કમર કસી. આ વાત છે એવી જ એક ગ્રામસભાની.

રાધનપુર તાલુકામાં ૫૬ ગામ છે. આ ગામોમાં વહીવટી માહિતીનો અભાવ હોવાથી સરકારી યોજનાઓનો લાભ અંદાજે ૨૦ ટકા લોકો જ મેળવી શકે છે ગ્રામ પંચાયત દ્વારા જ્યારે ગ્રામસભાનું આયોજન કરવામાં આવે છે, ત્યારે કોઈને તેની જાણકારી હોતી નથી, કેમ કે ગ્રામસભાનાં મહત્ત્વ વિશે કોઈ જાણતું નથી. એટલે કેટલીક ગ્રામસભાઓમાં બે-ચાર લોકો હાજર રહી, તેને 'ઓન પેપર' બતાવી દેતા હોય છે. તેના કારણે ગામના અને લોકોના પ્રશ્નો કે સમસ્યાઓનો ક્યારેય સાચો ઉકેલ નથી આવતો. વળી, ગ્રામસભામાં જ્યાં પુરુષોની સંખ્યા હોતી નથી, ત્યાં મહિલા ભાગીદારી ક્યાંથી હોય! 'વસુંધરા ફાઉન્ડેશન'નાં કાર્યક્ષેત્રમાં આવતાં ગામોમાં જ્યારે ફાઉન્ડેશનના કાર્યકર્તાઓ જતા અને લોકો સાથે ચર્ચા થાય ત્યારે આ બાબત તરત જ ધ્યાનમાં આવતી.

તાલુકા મથકથી ૧૨ કિમીએ આવેલું બંધવડ ગામ, જ્યાં ૪૨૨

જેટલાં ઘર અને ૨૨૦૦ જેટલી વસતી છે. ગામમાં ગ્રામ પંચાયત, આંગણવાડી, પ્રાથમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉત્તર બુનિયાદી વિદ્યાલય જેવી મોટાભાગની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે. પહેલી મુલાકાતમાં તો એમ જ લાગે કે આવાં સરસ ગામમાં શું પ્રવૃત્તિ કરવાની? પણ ધીમેધીમે ગામની મુલાકાતો વધી ત્યારે સ્પષ્ટ થયું કે, સૌથી પહેલી વાત છે લોકોમાં જાગૃતિ લાવવાની. પોતાની ફરજ અને હક – બંને વિશે. તેનાં પહેલાં પગલા રૂપે બહેનો સાથે બેઠક કરી. કેમ કે ગામમાં મહિલા સરપંચ હતાં. ત્યારે ખબર પડી કે અહીં તો બહેનોનું પણ સંગઠન છે, અહીં સ્વસહાય જૂથ ચાલે છે. તેના વિશે પણ ઘણી ચર્ચા કરી. જે સુધારા કે ઉમેરા કરવાની જરૂર છે, એ માટે જ્યારે જરૂર પડે ત્યારે ફરી આવી મિટિંગ કરવી એમ નક્કી થયું.

આ રીતે અવારનવાર બેઠકો પછી મહિલા વિકાસના ઘણા પ્રશ્નો સામે આવ્યા. તેનાં નિવારણ માટે રજૂઆત ક્યાં કરવી એની જ બહેનોને ખબર નહોતી. ગ્રામસભા જેવું માળખું હોય એવી એમને સુધ્ધાં જાણ નહોતી. તેઓ કહે: "ગ્રામસભા એટલે શું? અમે ક્યારેય પણ ગામની મિટિંગમાં જતાં નથી. એ ક્યારે હોય છે એનીય અમને ખબર હોતી નથી." ફાઉન્ડેશનના કાર્યકર્તા દ્વારા આ જ મુદ્દા ઉપર વિગતવાર વાત કરવામાં આવી. આખરે બહેનોએ નક્કી કર્યું કે, તેઓ ગ્રામસભામાં જશે અને જાતે જ પ્રશ્નોની રજૂઆત કરશે.

થોડા સમય પછી જિલ્લા સ્તરેથી ગામમાં ગ્રામસભાનું આયોજન થયું. ફાઉન્ડેશન તરફથી બહેનોને આગલા દિવસે જ સમયની જાણ કરી દેવામાં આવી હતી. એટલે બહેનો એ દિવસે સમયસર ગ્રામ પંચાયત પહોંચી ગયાં. ૧૫ જેટલાં બહેનોને જોઈને ઘરને ઓટલે

બેઠેલા ભાઈઓને અચરજ થયું. તેઓને લાગ્યું કે, આજે પંચાયતમાં કંઈક નવાજૂની લાગે છે. આટલી બધી બહેનો એકસાથે! એટલે જે ક્યારેય ગ્રામસભામાં નહોતા આવતા એવા ભાઈઓ પણ આજે પંચાયત પહોંચ્યા! ગામના ઇતિહાસમાં પહેલી વખત આટલી મોટી સંખ્યામાં ભાઈઓ અને પહેલી વખત બહેનો હાજર રહ્યાં. આ જોઈ લોકચર્ચા થવા લાગી. "બહેનો ગ્રામસભામાં શું લેવા આવી છે? એમાં એમનું શું કામ છે? એમાં સરપંચ-તલાટી કરે એ થાય." આવી નકારાત્મક વાતો સાંભળવા છતાંય બહેનો મક્કમ મને ગ્રામસભામાં ભાઈઓની બરોબરીમાં બેઠાં. તલાટી દ્વારા બહેનોને બેસવા માટે વ્યવસ્થા કરવામાં આવી. ગામના કહેવાતા આગેવાનોને આ જરાય ગમ્યું નહીં, પણ બહેનોના હક અને ફરજ એ લોકો કેવી રીતે છીનવી શકે!

ગ્રામસભા શરૂ થઈ અને ગામમાં કરવાનાં કામો અંગેની ચર્ચા થઈ. બહેનોએ તરત એમાં પોતાની વાત મૂકી. તેમાં બહેનોને ગામમાં રોજગારી આપવી, પીવાનાં પાણી માટેની નિયમિત વ્યવસ્થા ઊભી કરવી, બહેનોને વૃદ્ધ-પૅન્શન, વિધવા સહાય જેવી સરકારી યોજનાઓની માહિતી આપવી અને એનું ઓનલાઈન ફોર્મ ભરાવવાની વ્યવસ્થા કરવી, કપડાં ધોવા તળાવ કિનારે વ્યવસ્થા ઊભી કરવી, ગામના રસ્તાઓ ઉપર લાઈટની વ્યવસ્થા કરવી, જેથી રાતે બહેનો બહાર નીકળે તો એમની સલામતી રહે. વર્ષોથી અધૂરા રહેલા અથવા ધ્યાન ન અપાયેલા એવા બહેનોના પ્રશ્નો બહાર આવ્યા. બહેનોને તો સામાજિક રીત-રિવાજો પણ નડે, જેમ કે, ગ્રામસભામાં વડીલો હાજર હોય તો લાજ કાઢવી પડે. છતાં આ વખતે બહેનોએ બરાબર હિંમત કરીને પોતાની વાત રજૂ કરી.

એટલું જ નહીં, બહેનોએ ખાતરી આપી કે, હવે પછી ગામની દરેક પ્રવૃત્તિમાં અને ગ્રામસભામાં અમે આવીશું.



ગામનાં સરપંચ બહેને જસીબેન જેઠાભાઇ ચૌધરીએ બહેનોને ગ્રામસભામાં જોઈને કહ્યું કે “હું મહિલા તરીકે એવું ઇચ્છતી હતી કે મારી બહેનો પંચાયતમાં આવે અને ગ્રામ વિકાસનાં કાર્યોમાં સહકાર આપે. જ્યારથી હું સરપંચ બની ત્યારથી સતત પ્રયત્ન કરતી હતી કે બહેનો જાગૃત થાય, પોતાની વાત રજૂ કરે. પરંતુ, કોઈને કોઈ કારણથી બહેનો આવતાં નહીં. તેઓ એવું કહેતાં કે અમને શરમ લાગે, અમને બોલતા આવડે નહીં, પણ ‘વસુંધરા ફાઉન્ડેશન‘ દ્વારા ગામમાં મહિલા વિકાસ માટે શરૂ થયેલી કામગીરીમાં બહેનોને તાલીમ મળી અને બહેનો જાગૃત થયાં.”



ગ્રામસભા પછી બહેનોની ગ્રુપ મિટિંગ થઈ. ત્યાં બહેનોએ ગ્રામસભાના અનુભવ કહ્યા અને અન્ય બહેનોને પણ ગ્રામસભાનું મહત્ત્વ સમજાવ્યું. પંચાયત દ્વારા 'ગામ સફાઈ નિગરાની સમિતિ' બનાવી છે. તેના સભ્યોએ ગામમાં સફાઈ માટે રજૂઆત કરી. તેમાં બહેનોએ જણાવ્યું કે, "અમે બહેનોનાં ગ્રુપ સાથે મળી સફાઈમાં ભાગીદારી કરીશું અને અમારી શેરીમાં કાયમ સ્વચ્છતા રાખીશું." થોડા દિવસો પછી ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવ્યો. તેમાં મોટી સંખ્યામાં બહેનો હાજર રહી, ગામ સફાઈ કરી અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

બહેનોએ કામ હાથમાં લીધું પછી એ પૂરું કરીને જ જંપે. એટલે "ગ્રામસભા પૂરી થઈ ગઈ એટલે વાત પૂરી" એવું ન કરતાં, બહેનોએ પોતાનાં ગ્રુપમાંથી રમીલાબેન રતિલાલ ઠાકોરને તૈયાર કર્યાં છે. એ બહેન સરપંચની સાથે રહીને ગ્રામસભામાં નક્કી

થયેલાં કામનું સતત ફૉલોઅપ કરશે, જેથી એ કામો ખરેખર પૂરાં થાય.

બંધારણમાં દરેક નાગરિકને સમાન હક આપેલા છે. જરૂર છે એને સમજવાની અને અમલમાં મૂકવાની. પરંતુ, તેની સાથેસાથે આપણી એક નાગરિક તરીકેની ફરજો પણ છે, એનો અમલ ન ભૂલાય એ જોવું રહ્યું.

## ***૧૬. ચેકડેમ રિપેર થવાથી વેજાવાડા ગામની સમસ્યાઓ દૂર થઈ, પાણીનું સુખ પ્રાપ્ત થયું અને ખેતીની રોજગારીનું જતન થયું.***

***-ગોવિંદ રાવળ***

ગ્રામીણ વિસ્તારના લોકોને પડતી સમસ્યાના ઉકેલો લાવવા માટે 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી, અવિરતપણે કાર્યરત એવા 'વસુંધરા ફાઉન્ડેશન'ના કાર્યકરો પોતાના કાર્યવિસ્તારનાં ગામોની મુલાકાત લે છે અને તેના પ્રશ્નોને સમજે છે. ત્યારબાદ લોકોને સાથે રાખીને એ પ્રશ્નોના ઉકેલ સુધી પહોંચે છે.

પાટણ જિલ્લાના હારીજ તાલુકાનું વેજાવાડા ગામ, હારીજ

તાલુકાથી લગભગ ૨૦ કિલોમીટરના અંતરે આવેલું છે. ગામની કુલ વસ્તી અંદાજે ૨૦૦૦. મોટાભાગના લોકોનું જીવન ખેતી અને પશુપાલન ઉપર આધારિત છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ફાઉન્ડેશનના કાર્યકરોએ આ ગામની મુલાકાત દરમિયાન ગામની સમસ્યાઓને સમજવાનો પ્રયાસ કર્યો.

સૌપ્રથમ તો તેમણે ગામના સરપંચ તેમ જ આગેવાનોને મળી ગામની પ્રાથમિક વિગતો મેળવી. ચર્ચા દરમ્યાન માહિતી મળી કે, ગામના લોકોએ કરેલી એક ભૂલથી ગામલોકો પોતે જ પરેશાન છે! આ વાત સાંભળીને કાર્યકરોને બહુ નવાઈ લાગી. તેમણે આખી વાત સમજવા માટે વાતનાં ઊંડાણમાં જવાનું નક્કી કર્યું. વાત એમ હતી કે બે ત્રણ વર્ષ પહેલાં ભારે વરસાદ આવવાના લીધે ગામનાં તળાવની બાજુમાં આવેલો એક ચેકડેમ ગામલોકો દ્વારા જ તોડવામાં આવ્યો હતો. કારણ એ હતું કે, દર વખતે વરસાદ આવે ત્યારે આ ચેકડેમના કારણે તળાવનું પાણી ગામમાં આવી જતું અને અટકી જતું હતું. ગામમાં પાણી ભરાઈ જવાના લીધે લોકોને હાલાકી ભોગવવી પડતી. વળી, ચોમાસામાં માલ-ઢોરને સાચવવામાં તકલીફ પડતી. તેથી ચેકડેમનો થોડો ભાગ તોડી પાણી નીકળી જાય તેમ કરવામાં આવેલું. પણ આ નાનકડી લાગતી વાત, થોડા સમય પછી મોટી સમસ્યારૂપે સામે આવીને ઊભી રહી. ચેકડેમ તોડી નાખવાને લીધે, એની સાથે જોડાયેલાં તળાવનું બધું જ પાણી નહેર દ્વારા વહી ગયું અને આખું તળાવ ખાલી થઈ ગયું!

તળાવ ખાલી થયા બાદ, તેની અસર ગામના લોકોને લગભગ એક જ મહિનામાં વર્તાઈ ગઈ. માલ-ઢોરને પીવાનાં પાણી માટે ખૂબ જ

અગવડ પડવા લાગી. સ્થિતિ એવી બની કે, માલ-ઢોરને પાણી પીવડાવવા માટે લોકોએ પોતાનાં બાઈક ઉપર પાણીનાં કૅન લઈને ખેતરમાં આવેલાં એક તળાવમાંથી ભરવા જવું પડતું હતું.



વળી, અમુક લોકો ચેકડેમની આજુબાજુ શાકભાજીની નાની વાડી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. પાણીનો મુખ્ય સ્રોત એવું તળાવ જ ખાલી થઈ જતાં, તેમને પણ ખૂબ જ મુશ્કેલી પડવા લાગી. તેઓ કોઈ ખેતરમાં ક્યાં બોર છે તે જાણીને, ત્યાંથી પાઇપલાઇન દ્વારા પિયત આપતા. એ પણ સરળ નહોતું. કેમ કે, જે પાઇપલાઇનનો ઉપયોગ કરતા હતા, તે લાઇન ઢોરના પગ નીચે આવતાં અનેક વાર તૂટી જતી હતી. એક તો પાક ન થાય, અને ઉપરથી વારંવાર આવતો લાઇન-રિપેરિંગનો આર્થિક ફટકો! લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તેમને ચેકડેમ તોડી નાખવાની ભૂલનો અહેસાસ થવા લાગ્યો. ભૂલ તો થઈ ગઈ, પણ હવે એને

કેવી રીતે સુધારી લેવી એ માટે ફાઉન્ડેશનના કાર્યકરોએ સરપંચ અને ગામલોકો સાથે બેઠક કરી. તેમાં સરપંચ અને ગામલોકોએ એવી માગણી કરી કે તોડી પાડવામાં આવેલા ચેકડેમનું ફરી રિપેરિંગ કરવામાં આવે. એ માટે તેમણે લેખિત અરજી આપી. 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા પણ આ કામ કરી આપવાની ખાતરી આપવામાં આવી.



આ બધું થયું ત્યાં એક બીજી સમસ્યા સામે આવી. આ કામ ખૂબ નાનું હોવાથી, કોઈ મોટા ઠેકેદારે કામ કરવાની તૈયારી ન દર્શાવી. એટલે ફાઉન્ડેશનની ટીમે ગામલોકોને ભેગા રાખીને સ્થાનિક કડિયા સાથે ચર્ચા કરીને રિપેર માટેના અંદાજિત ખર્ચ અંગેનો હિસાબ લગાવ્યો. અંદાજે ૩૪,૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય તેવી ગણતરી થઈ. પોતાની ભૂલને સુધારવા તત્પર એવા ગામલોકોએ પણ કામગીરી દરમિયાન એમનો પૂરેપૂરો સહયોગ આપવાની ખાતરી આપી.

ચેકડેમની અંદર અને આજુબાજુમાં બાવળ કઢાવી, સાફ-સફાઈ કરાવીને ચેકડેમનું સમારકામ ચાલુ કરવામાં આવ્યું. થોડા જ દિવસમાં યોગ્ય અને વ્યવસ્થિત રીતે કામ પૂર્ણ કરવામાં આવ્યું.

સરપંચ તેમ જ ગામલોકોએ 'વસુંધરા ફાઉન્ડેશન' અને 'રિલાયન્સ ફાઉન્ડેશન'નો આભાર વ્યક્ત કર્યો. સાથે, એ પણ ખાતરી આપી કે, હવેથી ચેકડેમ અને તળાવને જાળવવાની સંપૂર્ણ જવાબદારી ગામલોકો ઉઠાવશે.

આ તળાવ ફરીથી ભરાયું. તેને લીધે ગામલોકોને એમનો સુવર્ણકાળ પાછો આવ્યો હોય એવું લાગ્યું. પશુપાલકોને પશુઓ માટે પીવાનું પાણી મળી રહ્યું. પિયત માટે પાણી મળતાં, આજુબાજુની શાકભાજીની નાની-નાની વાડીઓ ફરીથી ખીલી ઊઠી અને એના આધારે ગુજરાન ચલાવતા લોકોને હાશ થઈ. અન્ય લોકોને ઘરનાં નાનાં-મોટાં કામકાજ માટે પણ પાણી મળી રહેવા લાગ્યું.

ગામના સરપંચ કાળુભાઇ હલાભાઈ રબારી કહે છે કે, "ફાઉન્ડેશનનાં આ એક કામને લીધે ગામને ખૂબ જ ફાયદો થયો છે. કામ ભલે એક જ છે, પણ તેને લીધે ગામની ઘણી બધી તકલીફો દૂર થઈ. બહેનો, ખેડૂતો, પશુપાલકોને ખૂબ સરળતા થઈ. ગામલોકોને માટે આ એક સોનાની કડી સમાન છે. અમે 'રિલાયન્સ' અને 'વસુંધરા'-બંને ફાઉન્ડેશનના આભારી રહીશું."

આ સમગ્ર ઘટના એ સાબિત કરે છે કે, ક્યારેક નાની વાતનો ઉતાવળે લાવેલો ઉકેલ, ભવિષ્યમાં મોટી તકલીફો સર્જે છે. એટલે જ સમસ્યા કોઈ પણ હોય, એને શાંતિથી, પૂરેપૂરી સમજીને, આજુબાજુનો વિચાર કરીને તેનો ઉકેલ લાવવો, જેથી ભવિષ્યમાં એને લીધે બીજા પ્રશ્નો ઊભા ન થાય.

# ૧૭. ચેતતી નારી સદા સુખીઃ કંબોઈ ગામની બહેનો સ્તન-કૅન્સર બાબતે જાગૃત બની.

-ગોવિંદ રાવળ

કુદરતનું સહુથી શ્રેષ્ઠ સર્જન હોય તો તે છે માનવ શરીર! છતાં આપણને તેની કદર નથી. કેમ કે, તે તદ્દન નિઃશુલ્ક મળેલું છે. શરીરની કાળજી આપણે જેટલી બહારથી રાખીએ છીએ, એટલી અંદરથી નથી રાખતાં. અલબત્ત, ક્યારેક એમાં જાગૃતિનો અભાવ હોય, તો ક્યારેક આર્થિક પ્રશ્નો.

'વસુંધરા ફાઉન્ડેશન' પાટણ જિલ્લાનાં ગામો સાથે કામ કરે છે. ચાણસ્મા તાલુકાનાં કંબોઈ ગામમાં વિવિધ કામગીરીની વચ્ચે ફાઉન્ડેશનની ટીમને લાગ્યું કે, ગામની બહેનોમાં પોતાનાં આરોગ્ય વિશે ઘણી ઓછી માહિતી છે. તેથી આ ગામમાં એક આરોગ્ય-જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. અત્યારના સમયમાં સ્તન-કૅન્સર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. જો એના વિશે પૂરતી માહિતી હોય અને સમયસર તપાસ કરાવવામાં આવે તો તે રોગ જીવલેણ બનતો અટકે છે.



આ વિચારથી કંબોઈ ગામમાં ‘વસુંધરા ફાઉન્ડેશન‘ના કૉમ્યુનિટી રિસોર્સ પર્સન દ્વારા, ‘આશીર્વાદ ફાઉન્ડેશન‘ના સહયોગથી સ્તન-કૅન્સર વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. તેમાં ગામની કુલ ૪૫ બહેનોએ ભાગ લીધો હતો. ‘આશીર્વાદ ફાઉન્ડેશન‘નાં પાટણ પ્રોજેકટના ઇનચાર્જ ડિમ્પલબહેન પટેલે સ્તન-કૅન્સર વિશે માહિતી આપી હતી. તેમાં તેને જાતે કેવી રીતે તપાસીને જાણી શકાય, આ રોગનાં લક્ષણો, આવાં કોઈ લક્ષણ હોય તો શું કરી શકાય તેની વિગતવાર ચર્ચા કરી હતી. ‘આશીર્વાદ ફાઉન્ડેશન‘ દ્વારા પાટણ જનતા હૉસ્પિટલમાં સ્તનની તપાસ માટેના મૅમોગ્રાફી- સોનોગ્રાફી એ બંને ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવે છે તેની વાત ખાસ કરવામાં આવી હતી.

આ માહિતીથી લગભગ ૨૫ જેટલી બહેનો તપાસ કરાવવા માટે તૈયાર થઈ હતી. તેમાંથી ૧૮ જેટલી બહેનોએ આ તપાસ કરવી લીધી હતી. ૧૫ બહેનોના રિપોર્ટ નોર્મલ આવ્યા હતા તેમ જ ૩ બહેનોના રિપોર્ટ શંકાસ્પદ આવ્યા. તેમને વધુ તપાસ માટે પાટણની હૉસ્પિટલમાં આવવા કહ્યું. ત્યાં તપાસ કરાવતાં સદનસીબે એ બહેનોના રિપોર્ટ પણ નૅગેટિવ આવ્યા. સ્તનમાં દુ:ખાવો હોવાથી એની સારવાર માટે દવા લીધી હતી. ત્યારબાદ તે તકલીફ દૂર થઈ ગઈ.



કેટલીક બહેનો ખેતીકામના લીધે તપાસ કરાવી શકે એમ નહોતી. જે બહેનોએ તપાસ કરાવી હતી તેમણે તેમને સમજાવ્યાં. શરીર પ્રત્યે બેદરકારી રાખવાથી સ્તન-કૅન્સર જેવા રોગ જીવલેણ બની શકે છે. એમણે તપાસના અનુભવ પણ કહ્યા અને કોઈ બીક રાખવાની જરૂર નથી એવો વિશ્વાસ અપાવ્યો. એટલે એ બહેનોએ ખાતરી આપી કે, અમે ખેતીકામમાંથી નવરાશના સમયે અથવા કોઈ કામથી પાટણ જવાનું થશે તો અમે સાથે ચેકઅપ કરાવી લઈશું.

નીલમબહેન પુનમભાઈ જાદવે તપાસ કરાવ્યા બાદ જણાવ્યું હતું કે, "અમને આ સ્તન-કૅન્સર વિશે કોઈ પણ જાણકારી ન હતી. કોઈ દિવસ આવી વાત પણ સાંભળી ન હતી. પરંતુ, 'આશીર્વાદ ફાઉન્ડેશન'માંથી ડિમ્પલબહેને સ્તન-કૅન્સરના ફોટો તેમ જ વિડિયો બતાવ્યા અને જોયેલા અનુભવો કહ્યાં. અમને પણ અમારાં આરોગ્યની ચિંતા થઈ તો ચેકઅપ કરાવ્યું. ચેકઅપ કરાવ્યા બાદ રિપોર્ટ નોર્મલ આવતાં હાશકારો અનુભવ્યો. 'વસુંધરા ફાઉન્ડેશન' અને 'આશીર્વાદ ફાઉન્ડેશન'નો ખૂબ ખૂબ આભાર."

બહેનોમાં જાણકારીની એટલી અસર થઈ કે, તેમણે મિટિંગમાં હાજર

ન રહેલાં બહેનોને પણ આ માહિતી આપી હતી. એમને પણ પોતાના નવરાશના સમયે આ ચેકઅપ કરવા માટે જાગૃત કર્યાં હતાં. એટલે ગામની અન્ય બહેનો હવે અગાઉથી સચેત રહીને પોતાનાં આરોગ્યની કાળજી રાખશે એ મોટી વાત છે. આ રીતે મિટિંગમાં આવી ન શકેલી બહેનોને આવી અગત્યની માહિતી મળી ગઈ. આ રીતે જાણકારીનો પ્રસાર અને પ્રચાર થાય તો કેટલીયે બહેનોની જિંદગી બચી શકે.

## *18. સેઢાલ ગામના લોકોએ ખભેખભા મિલાવી ગંદાં પાણીનો નિકાલ કર્યો.*

**- જીજ્ઞા પટેલ**

આખી દુનિયાનાં કલ્યાણમાં નિમિત્ત બનવું આપણાથી શક્ય નથી, પણ આપણને મળેલી સમજણ તો અન્ય સાથે ચોક્કસ વહેંચી શકાય. એવું જ કામ 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના આર્થિક સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા અમલીકૃત 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવી રહ્યું છે.

પ્રોજેકટનાં અમલીકરણ માટે પાટણ જિલ્લામાં કામગીરી ચાલી રહી છે. ચાણસ્મા તાલુકાનાં ૪૨ ગામોમાં અલગઅલગ પ્રકારની

કામગીરી કરવામાં આવે છે. આ વાત છે ચાણસ્મા તાલુકાનાં સેઢાલ ગામની, જે તાલુકા મથકેથી સાત કિલોમીટરના અંતરે આવેલું છે. તેમાં 70 ઘર એવા વિસ્તારમાં હતાં, કે જ્યાં સખત ગંદકી હતી. એટલી ગંદકી, કે તેમાં ચાલવું અશક્ય લાગે. ગામના સરપંચ, તલાટી અને ગામના આગેવાનોને થતું કે, આ મુશ્કેલી કઈ રીતે દૂર કરવી એનો ઉપાય કરવો પડશે.

ગંદા પાણીથી લોકોને ઘણી મુશ્કેલીઓ પડતી હતી. ઘરના દરવાજાની આગળ જ દરરોજ આટલી ગંદકીની સામે બેસીને જમવાનું! કદાચ જો રોગચાળો ફાટી નીકળે તો દવાખાને પણ ન જઈ શકાય એવી સ્થિતિમાં લોકો ત્યાં રહેતા.



'વસુંધરા ફાઉન્ડેશન' આ ગામમાં વિવિધ કામગીરી કરે. તેની કામગીરીમાં ખેતી, પશુપાલન, ખેતીસુધાર વગેરે કાર્યક્રમ સામેલ હતા. તેમની ટીમના ધ્યાનમાં આ પ્રશ્ન આવ્યો. ગામનો દરેક પ્રશ્ન એમનો જ! એટલે તેમણે ગ્રે-વોટર અવેરનેસ કાર્યક્રમ શરૂ કર્યો. સરકારના 'સ્વચ્છ ભારત મિશન' વિભાગમાંથી પણ ત્યાંના પ્રતિનિધિને સામેલ કર્યા. આટલી ગંદકીથી એ લોકો પર શું અસર

થાય તેની ચર્ચા કર્યા બાદ જાણવા મળ્યું કે, આ તો તેઓ છેલ્લાં પાંચ વર્ષથી સહન કરી રહ્યા છે!




ત્યારબાદ 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ગામમાં ગટરનું ખોદકામ ચાલુ કરવામાં આવ્યું. ચાણસ્માના તાલુકા વિકાસ અધિકારીશ્રી પણ ત્યાં સ્થળ પર મુલાકાત માટે આવ્યા અને કહ્યું : “મજૂરીના પૈસા પંચાયતમાંથી આપવાના અથવા તો લોકફાળો કરો.” 'વસુંધરા ફાઉન્ડેશન'માંથી ગટરના 50 નળ આપવામાં આવ્યા. ગામના સરપંચ અને આગેવાનને જવાબદારીઓ આપીને કામ શરૂ કરવામાં આવ્યું. “આપણે જાતે શું કરી શકાય!” એમ માનતા ગામના લોકોએ જાતે ખોદકામ કરી કામ ચાલુ કર્યું અને સાત દિવસમાં કામ પૂર્ણ કરી બતાવ્યું! તેમને પણ આ કામ જોઈને ખબર પડી કે, લોકભાગીદારીથી કામ કેમ કરી શકાય અને કોઈ

પણ પ્રશ્નનું નિરાકરણ કઈ રીતે લાવી શકાય. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી પણ આ કામની મુલાકાતે આવ્યા તેમ જ 'વસુંધરા ફાઉન્ડેશન' પ્રત્યે તેમણે આભાર વ્યક્ત કર્યો.

આ કામ પૂર્ણ થયા પછી પણ, જે-તે જગ્યાએ પાણીની પાઇપલાઇન તૂટેલી હોય કે નુકસાન થયું હોય, તો ગામલોકોએ જોડે રહીને આ કામ પૂરું કરવું. ત્યારબાદ જે રસ્તાને નુકસાન થયું હોય કે તોડવામાં આવ્યો હોય તે ફરીથી પંચાયત દ્વારા ઊભો કરવામાં આવે એવી જવાબદારી સાથે આ કામ કરવામાં આવ્યું.

ભવિષ્યમાં પણ જો આવી સમસ્યા થાય તો, લોકોએ જાતે પંચાયત, કોઈ સંસ્થા કે કોઈ વિભાગની મદદ લઈ કેવી રીતે કામગીરી કરવી એની પણ સમજણ ઊભી થઈ. ત્યારબાદ ગમે ત્યારે નળ તૂટી જાય કે કંઈ નુકસાન થાય તો રિપેર કરવાની જવાબદારી લોકભાગીદારીથી લેવામાં આવે એવી જવાબદારી ગામના સરપંચ, કમિટી સભ્યો તેમ જ વહીવટદાર દ્વારા લેવામાં આવી.

આ કામ પૂર્ણ કરતા લોકોને ખૂબ આનંદ થયો અને ગામમાં જે ગંદકી દેખાતી હતી તે થોડા દિવસમાં ગાયબ થઈ ગઈ. ખાસ તો બહેનોને ખૂબ આનંદ થયો. એક હાશકારો થયો કે પોતાનાં બાળકો ગંદકીથી છૂટ્યાં તેમ જ ઘરના દરવાજા આગળથી ગંદકી દૂર થઈ. બહેનોએ કહ્યું કે, “બુન, તમારું ખૂબ હારું થાય કે આટલી બધી ગંદકી દૂર કરી અને અમારા ગામ માટે તમે ચિંતા કરી. ગામના

લોકોને ચિંતા નહોતી, પરંતુ બહારના કોઈ સંસ્થાવાળા આવીને અમારી ચિંતા કરી જાય એ ખૂબ મહત્ત્વની વાત છે.”

ગામનો કોઈ પણ પ્રશ્ન હોય, એ આ રીતે લોકભાગીદારીથી ચોક્કસ ઉકેલી શકાય એવી મિસાલ સેઢાલ ગામના લોકોએ પૂરી પાડી. જવાબદારી લેવામાં આવે તો સાથ આપનારા હાથ આપોઆપ આવી જાય છે.

## ***19. સુધારાથી સમૃદ્ધિ તરફની સફર: સેઢાલ ગામના રમેશભાઈનું સુધારેલી ખેતી તરફનું એક કદમ.***

***-જીજ્ઞા પટેલ***

'રિલાયન્સ ફાઉન્ડેશન'ના સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટ સમગ્ર પાટણ જિલ્લામાં ચાલે. આ પ્રોજેક્ટ હેઠળ, ચાણસ્મા તાલુકામાં ખેતી સાથે સંકળાયેલા વિવિધ વિભાગોના ગ્રામસ્તરે કાર્યરત કર્મશીલો અને પ્રગતિશીલ ખેડૂતોની એક તાલીમ યોજવામાં આવેલી. તેમાં ટકાઉ અને પોષણક્ષમ ખેતી કરવા માટે વાત કરવામાં આવી. 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સમોડા' દ્વારા રાયડાનું સુધારેલું બિયારણ શું છે એ વિશે ચર્ચા થઈ, સાથે બીજની

માવજત માટે માઇકોરાઇઝા બેક્ટેરિયાનો પટ આપી વાવેતર કરવાની સમજ આપવામાં આવી હતી.

આ તાલીમમાં સેઢાલ ગામના ખેડૂત રમેશભાઈ પટેલ પણ હાજર રહેલા. ફાઉન્ડેશનના પ્રોજેક્ટ અંતર્ગત, સેઢાલ ગામમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ અને જાગૃતિ કાર્યક્રમો યોજાય. તેનાથી સ્વસહાય જૂથોમાં, પંચાયત સભ્યોમાં અને ખેડૂતોમાં એક વિશ્વાસ બંધાયો. જાગૃતિ કાર્યક્રમોની અસર દેખાય અને ગામના લોકો ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવતી સલાહને અનુસરે, એટલું જ નહીં, કામગીરીમાં સહયોગ પણ કરે.

૧૦ વીઘા જમીન ધરાવતા પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈને 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' દ્વારા રાયડાનાં સુધારેલાં બિયારણની કીટ આપવામાં આવી. સાથે બિયારણની માવજત માટે માઇકોરાઇઝા બેક્ટેરિયા પણ આપવામાં આવ્યા. રમેશભાઈએ નિષ્ણાતે આપેલી સલાહ મુજબ બેક્ટેરિયાનો પટ આપી રાયડાનું વાવેતર કર્યું.



તેમનાં ખેતરમાં રાયડાને શિંગો આવી અને તેમાં દાણો ભરાઈ ગયો છે. રાયડાનો વિકાસ ખૂબ જ સારો છે. શિંગોની સંખ્યા વધુ છે અને છોડ ખૂબ ભરાવદાર છે. રમેશભાઈ કહે છે કે “બિયારણ પણ સારું છે. એક વીઘાના વિસ્તારમાં બૅકટેરિયાનો પટ પણ આપ્યો છે. તેથી રાયડાનાં બિયારણના ઉગાવાથી લઈને તેનો વિકાસ ખૂબ જ સારો જણાય છે. મેં ક્યારેય બૅક્ટેરિયાનો પટ આપીને વાવેતર કર્યું નથી. એટલે બૅક્ટેરિયાનો પટ આપીને વાવેતર કરવાથી ફાયદો થાય એ મેં પહેલીવાર જોયું.” સામાન્ય રીતે મળતાં ઉત્પાદન કરતાં ઘણું સારું ઉત્પાદન આ વર્ષે મળશે એવું ખૂબ વિશ્વાસપૂર્વક તેઓએ જણાવ્યું હતું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સમોડા'થી તેમને રાયડાની 'ગુજરાત નંબર-4' વેરાઇટી અપાવવામાં આવી હતી. ત્યારે તેમને એક મણનો 1060 રૂપિયા ભાવ મળ્યો હતો. એક વીઘાની અંદર 20 મણ રાયડો થયો હતો. તેની તેમને કુલ રૂ. 21,200 આવક થઈ હતી. આ અગાઉ એ જ ખેતરમાં રમેશભાઈએ 'પાયોનિયર રાયડા'નું વાવેતર કર્યું હતું. તેનો તેમને મણ દીઠ 1050 રૂપિયા ભાવ મળ્યો હતો તેમ જ એક વીઘામાં 16 મણ રાયડો થયો હતો. તેમાં તેમને રૂ. 16,800 આવક થઈ હતી. આમ, તેમને અગાઉનાં વાવેતરની સરખામણીએ 4400 રૂપિયા વધારે આવક થઈ હતી.

જીવાતનાં નિયંત્રણ માટે તેમણે સોલાર ટ્રેપનો ઉપયોગ કર્યો હતો. અગાઉ તેમને રાયડામાં બેથી ત્રણ વખત દવાનો છંટકાવ કરવો પડતો. સોલર ટ્રેપ લગાવવાથી તેમને એક જ વાર રાયડામાં દવાનો છંટકાવ કરવો પડ્યો હતો. એટલે ખર્ચમાં 2000 રૂપિયા જેવો ઘટાડો થયો હતો. તેઓનું કહેવું છે કે “દવા તો વારંવાર નાખવી પડે. જ્યારે સોલાર ટ્રેપ લગાવવાથી લગભગ 50થી 60 ટકાનો લાભ થાય છે. જો સાચો ઉપયોગ કરવામાં આવે તો સોલાર ટ્રેપ વર્ષોનાં વર્ષો સુધી ચાલી શકે છે.”

ફાઉન્ડેશનને રમેશભાઈનો ખૂબ જ સાથસહકાર મળે છે. ગામમાં 'ગામ વિકાસ સમિતિ'ની રચના કરવા માટે રમેશભાઈએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. પોતે કોઈ પણ બિયારણ લે એ પહેલાં, જેની પાસે બિયારણ લાવવા માટેના પૈસા કે સગવડ નથી તેમનો તેઓ પહેલો વિચાર કરે છે અને સાચા લાભાર્થીની પસંદગી કરે છે.

રમેશભાઈ જેવા સાહસિક, વિચારપૂર્વક પગલું ભરનારા અને પરગજુ ખેડૂત છે, ત્યાં સુધી ખેડૂતને મળેલી 'જગતના તાત'ની ઉપમા સાચી જ ઠરશે એમાં બેમત નથી.

## ***20. કમાલપુર ગામના પશુપાલકોએ નેપિયર ઘાસથી દૂધ-ઉત્પાદન અને દૂધની આવક વધારવામાં સફળતા મેળવી.***

***- સંજય જોશી***

ગામનું નામ કમાલપુર. પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં આવેલા આ ગામમાં ઠાકોર, ચૌધરી, પંચાલ, પ્રજાપતિ, ભરવાડ, ગોસ્વામી અને અનુસૂચિત જ્ઞાતિનાં મળીને આશરે ૩૨૦ જેટલાં કુટુંબો વસવાટ કરે છે. તેમાંથી ૨૮૦ પરિવારો ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી થતી કામગીરી અંતર્ગત, ગામના ખેડૂતો, મહિલાઓ, સરપંચશ્રી, પંચાયત-સભ્યો તથા આગેવાનો સાથે જુદાજુદા મુદ્દાઓ અંગે અવારનવાર મિટિંગો યોજવામાં આવે. આવી જ એક મિટિંગ દરમ્યાન સંસ્થાને જાણવા મળ્યું કે, ગામમાં ઉનાળુ સીઝન દરમ્યાન પશુઓ માટેના

ઘાસચારાની તંગી વર્તાતી હોય છે. તેથી સંસ્થા દ્વારા, ગામના લોકોને નેપિયર ઘાસચારા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી.



નેપિયર ઘાસના ફાયદા વિશે જાણકારી મળી એટલે ગામના કેટલાક ખેડૂતો તેનું વાવેતર કરવા ઉત્સુક બન્યા. ગામના જ એક ખેડૂત રૂગનાથભાઈ જેમાભાઈ ચૌધરીએ સંસ્થાની મદદથી પોતાના જ ખેતરમાં નેપિયર ઘાસનું વાવેતર કર્યું. રૂગનાથભાઈ પાસે ગાય, ભેંસ મળીને કુલ ત્રણ પશુઓ છે. લીલા ઘાસચારાની અછતના કારણે તેમનાં પશુઓનું દૂધનું પ્રમાણ ઘણું ઓછું રહેતું હતું. ફેટ પણ નહિવત્ આવતી, તેથી ખર્ચ વધારે અને આવક ઓછી થતી. પરંતુ, નેપિયર ઘાસના વાવેતર બાદ તેઓ નિયમિત પોતાનાં પશુઓને આ ઘાસનો ચારો આપે છે. તેના થકી તેમને રોજનું 16 લિટર જેટલું દૂધનું ઉત્પાદન મળે છે. પહેલાં તેમને ૧૨ લિટર દૂધ મળતું અને અંદાજે ૫૮૦ રૂપિયા જેટલી આવક થતી હતી. હવે ઉત્પાદન વધ્યું અને ફેટમાં પણ વધારો થયો તેથી

તેમને આશરે ૭૭૫ રૂપિયા જેટલી આવક થાય છે. આવક વધવાથી તેઓ હમણાં બીજા બે પશુઓ ખરીદી શક્યાં છે.




નેપિયર ઘાસ વાવ્યું તે પહેલાં, તેમને તેમનાં પશુઓના આરોગ્યની કાળજી લેવા પાછળ દર મહિને ૭૦૦ રૂપિયા જેટલો ખર્ચ કરવો પડતો. પરંતુ, હવે તેમનાં પશુઓ એકદમ નિરોગી રહે છે, એટલે તે ખર્ચ કરવો પડતો નથી. એટલું જ નહીં, ઘાસ વાવ્યું તે પહેલાં તેમની જમીન એકદમ કઠણ રહેતી, એટલે તેમાં વારંવાર પાણી આપવું પડતું. ઘાસ વાવ્યા પછી જમીન એકદમ નરમ અને પોચી રહે છે. રૂગનાથભાઈને નેપિયર ઘાસથી થયેલા ફાયદા જોઈને, ગામના બીજા બે ખેડૂતો માનસીભાઈ કાળાભાઈ ચૌધરી અને વિહાભાઈ જેમાભાઈ ચૌધરીએ પણ આ ઘાસનું વાવેતર કર્યું હતું. માનસીભાઈને 1 ભેંસ અને 1 પાડી છે. તેમને રોજનું ૧૦ લિટર જેટલું દૂધ-ઉત્પાદન મળતું હતું. વિહાભાઈ ચૌધરી પાસે 3 ભેંસ છે. આ બંને ખેડૂતોને ઘાસ વાવ્યા પહેલાં દૂધ-ઉત્પાદન નહિવત્ મળતું

હતું, પરંતુ ઘાસ વાવ્યા પછી દૂધમાં આશરે બેથી અઢી લિટરનો વધારો થયો. પહેલાં બનાસ ડેરીમાં દૂધના ફેટ ૫.૪ આવતા હતા, જે અત્યારે ૫.૬ આવે છે.

આ બંને ખેડૂતોની સફળતા જોઈને હવે ગામના ખેડૂતો ભરતભાઈ બળવંતભાઈ ચૌધરી અને જયંતીભાઈ રામજીભાઈ ચૌધરીએ પણ પોતાના ખેતરમાં ઘાસનું વાવેતર કર્યું છે. ખેડૂત ભરતભાઈનાં પત્ની અલકાબહેન કહે છે, "પહેલાં નેપિયર ઘાસ ન હતું ત્યારે અમારે અમારાં પશુઓને સૂકો ઘાસચારો આપવો પડતો. તેનો એક પૂળાનો ખર્ચ ૨૦થી ૩૦ રૂપિયા જેટલો કરવો પડતો. પરંતુ, આ ઘાસ વાવ્યા પછી અમારે સૂકા ઘાસચારાનો ઉપયોગ ઓછો કરવો પડે છે."

## 21 ચડિયાણા ગામના લોકોએ પર્યાવરણના રક્ષણ માટે કર્યું ચડિયાતું કામ

*-નાનજી ઠાકોર*

થોડાં વર્ષો પહેલાં તમે સમી તાલુકાના ચડિયાણા ગામમાં ગયા હોવ તો તમને ત્યાંની સ્મશાનભૂમિ સાવ વેરાન જોવા મળે. પરંતુ, આજે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના સહયોગથી તથા ગ્રામજનોની ભાગીદારીથી એ વિસ્તારની કાયાપલટ કરવામાં આવી છે. સમી તાલુકા-મથકેથી 28 કિમી દૂર આવેલા ચડિયાણા ગામમાં કુલ 108 ઘર છે. પહેલાં ગામની સ્મશાનભૂમિમાં ધોળા દિવસે પણ જતાં બીક લાગે એવું ભેંકાર વાતાવરણ.

ગામના લોકોએ એ ભૂમિ ઉપર વૃક્ષારોપણ કરીને હરિયાળી લાવવા માટે વસુંધરા ફાઉન્ડેશનની મદદ માગી. સંસ્થાએ મદરૂપ થવાની તૈયારી બતાવી એટલે ગ્રામ પંચાયતના લેટરહેડ ઉપર ઠરાવ કરી, જંગલ ખાતા સાથે સંકલન કરીને સંસ્થા દ્વારા સ્મશાન ભૂમિમાં 700 રોપા લગાવવામાં આવ્યા. તે પછી થોડા દિવસ તો ગામલોકોએ બહુ ઉત્સાહપૂર્વક રોપાને પાણી પાયું. જોકે, તે પછી થોડાક જ દિવસોમાં સૌનો જુસ્સો ઓછો થઈ ગયો. છોડને પાણી પીવડાવવાનું બંધ થયું એટલે છોડ સૂકાવા લાગ્યા.

ગામના વડીલ રામજીભાઈથી આવી સ્થિતિ જોવાતી ન હતી. તેથી તેમણે 'વસુંધરા ફાઉન્ડેશન'ના કાર્યકરોને પોતાના મનની વાત કહી. સ્મશાનભૂમિમાં વનીકરણ થાય તે રામજીભાઈનું સ્વપ્ન હતું.

તેથી તેમણે પોતે તેનું સારસંભાળ રાખવાની જવાબદારી લીધી. તેઓ રોજ સવારથી ત્યાં પહોંચી જાય અને છેક સાંજે ઘરે પાછા જાય. ત્યાં સુધી છોડને પાણી પીવડાવે અને આસપાસ નિંદામણ થઈ ગયું હોય તે કાઢે. જોકે, ચોમાસું પૂરું થતાં સુધીમાં તો ત્યાં છોડની આસપાસ ઘણું ઘાસ ઉગી ગયું હતું.



રામજીભાઈએ ગ્રામ પંચાયત પાસેથી 1500 રૂપિયાનું ભંડોળ અને વસુંધરા ફાઉન્ડેશન પાસેથી 4500 રૂપિયાનો સહયોગ મેળવીને રોટાવેટર મશીન દ્વારા ઘાસ દૂર કરાવ્યું. ઉપરાંત, વસુંધરા ફાઉન્ડેશન દ્વારા સ્મશાનભૂમિના છોડનું સંવર્ધન કરવા માટે 34,000 રૂપિયાની ડ્રીપ ઇરીગેશન (ટપક સિંચાઈ) કીટ પણ લગાવવામાં આવી. તેમાં ગામની પાણીની મુખ્ય લાઇનમાંથી રોજ પાણી પહોંચાડવામાં આવે છે.

સૌના સહિયારા પ્રયાસથી અને રામજીભાઈની આગેવાનીના કારણે આજે તે ભૂમિ હરિયાળી બની ગઈ છે. આજે ગામના યુવાનો ત્યાં બેસવા આવે છે અને પ્રકૃતિ સાથે મન હળવું કરે છે. રામજીભાઈ કહે છે, "હું જીવીશ ત્યાં સુધી વૃક્ષો ઉછેરીશ અને આ ભૂમિને સાચવીશ." હવે ગામલોકો ગામની કોમન સોલાર પ્લાન્ટની જગ્યાએ પણ વનીકરણ કરવાનું આયોજન કરી રહ્યા છે. તેમાં છોડ ઉછેરવાની જવાબદારી ગામની ગ્રામ સમિતિના સભ્ય દશરથભાઈએ લીધી છે. આમ, ચડિયાણા ગામના લોકોએ પર્યાવરણનાં જતનનું ચડિયાતું કામ કરી બતાવ્યું છે.

## 22. માત્રોટા ગામનાં નીતાબહેન ઠાકોર, પોષણ-વાટિકાથી આરોગ્યપ્રદ શાકભાજીમાંથી નિયમિત આવક મેળવતાં થયાં.

***- બળદેવજી ઠાકોર***

ઘરના બે છેડા ભેગા કરવા માટે સતત સંઘર્ષ કરતાં કર્મનિષ્ઠ નીતાબહેન બળદેવજી ઠાકોરને બેસી રહેવું ન ગમે. તેઓ કંઈ ને કંઈ પ્રવૃત્તિ કરતાં રહે. તેમને એ જ વિચાર આવે કે એવું શું કરું કે મનેય આવક મળે અને પરિવારને પણ ફાયદો થાય. અચાનક

એમને એવી તક મળી. તેનાથી તેમના આ બે વિચાર તો સાકાર થયા જ, સાથે પાડોશીઓને પણ ફાયદો થયો !

તેમને એ તક મળી 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના આર્થિક સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ચાલતા 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટમાં. આ પ્રોજેક્ટ અંતર્ગત, પાટણ જિલ્લાના સમી તાલુકાના માત્રોટા ગામમાં વિવિધ પ્રકારની કામગીરી ચાલે.

'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા માત્રોટા ગામમાં એક વાર પોષણ અંગેની જાગૃતિની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં 'રિલાયન્સ ન્યુટ્રિશન ગાર્ડન' (આરએનજી) એટલે કે પોષણ-વાટિકા બનાવવા અંગે વાત કરવામાં આવી. હંમેશાં નવું શીખવા તૈયાર એવાં નીતાબહેને પોતાનાં ઘરઆંગણે પોષણ-વાટિકા બનાવવા માટે તૈયારી બતાવી. એ તૈયારીને વેગ મળ્યો એક મુલાકાતથી. તેઓ કહે છે કે, “મિટિંગ કર્યાના દસ દિવસ પછી અમને પાંચ બેનોને બાજુના સજુપુરા ગામનાં એક ઘરે લઈ જવામાં આવ્યાં અને શાકભાજીની વાડી બતાવવામાં આવી. તે જોઈને મેં પણ મનમાં નક્કી કર્યું કે, હવે હું પણ ઘરે આવી જ વાડી બનાવીને તાજી શાકભાજી ખાઈશ.”



નીતાબહેનનાં ઘરે આવીને ફાઉન્ડેશનની ટીમના સભ્યોએ પોષણ-વાટિકા વિશે વિગતવાર સમજ આપી અને તેની ડિઝાઇન બતાવી. સારાં કામમાં વાર શી! નીતાબહેનનાં પતિ બળદેવજીએ એ જ દિવસે ૩૦ ફૂટ ગોળાઈ અને તેની અંદર સાત ક્યારાના બે રાઉન્ડ અને એક ક્યારાનો એક રાઉન્ડ બનાવી ડિઝાઇન મુજબ પોષણ-વાટિકા તૈયાર કરી દીધી.

બીજા દિવસે છાણિયું ખાતર નાખ્યું. 'વસુંધરા ફાઉન્ડેશન'ના પ્રોજેક્ટ હેઠળ તેમને વાંસ, છોડનાં સંરક્ષણ માટે નેટ, બિયારણ અને પાણી માટે પાઇપ જેવી વસ્તુઓ આપવામાં આવી અને પતિ-પત્નીએ ખુશીખુશી બિયારણની રોપણી કરી. ફાઉન્ડેશન તરફથી એક-બે નહીં, પણ પૂરાં બાવીસ પ્રકારનાં શાકભાજીનાં બીજ આપવામાં આવ્યાં! અને રીંગણ, ગાજર, મૂળા, કાકડી, દૂધી, ટામેટાં, ફુલાવર, કોબીજ, બીટ, વાલોળ, પાપડી, બટાકા,

ડુંગળી,પાલક,મરચાં,ભીંડાથી પોષણ-વાટિકા એવી તો ખીલી ઊઠી કે તેને જોતાં જ મન પ્રફુલ્લિત થઈ જાય. કોઈ પણ દવા કે રસાયણ વિનાનું, આરોગ્યપ્રદ શાક ઉત્પાદન કર્યાનો આનંદ તેમની પોષણ-વાટિકાની મુલાકાત દરમિયાન અનુભવી શકાય છે.

નીતાબહેનના પરિવારને જોઈતી શાકભાજી રોજેરોજ થાય છે. બજારભાવ સાથે ગણતરી કરીએ તો રોજનું અંદાજે ૧૦૦થી ૧૧૦ રૂપિયાની શાકભાજી વાટિકામાંથી પેદા થાય છે. એ હિસાબે મહિને અંદાજે ૩૦૦૦થી ૩૫૦૦ રૂપિયાનું ઉત્પાદન થાય છે. નીતાબહેન ઘર પૂરતું રાખીને, બાકીનું શાક વાજબી ભાવે વેચી દે છે.

નીતાબહેન તો ખુશ છે જ, સાથે તેમના પાસેથી શાક ખરીદનારા લોકોય ખુશ છે. એટલું જ નહીં, એમનામાંથી પ્રેરણા પણ મેળવી છે. જેમ કે, જોસનાબેન રમેશજી ઠાકોર કહે છે કે "દુકાને શાકભાજી લેવા જઈએ તો સમય વધારે જતો ને તોય તાજું શાકભાજી મળતું નહીં. શાકભાજીના વેપારી પૈસા પણ વધારે લેતા, પણ જ્યારથી નીતાબેને શાકભાજી વાવી છે, ત્યારથી હું એક ટાઈમની શાકભાજી ત્યાંથી લાવું છું. એમનું કામ જોઈને મેં પણ પાંચ રીંગણી અને 5 ટમેટી વાવી છે." એ જ રીતે કલીબહેન પ્રધાનજી ઠાકોર કહે છે: "અમે બજારમાંથી શાકભાજી ખરીદતી વખતે, પહેલાં શાકભાજીના ભાવ વધારે આપતા, છતાં સ્વાદ વગરનું શાકભાજી ખાતા હતા. હવે નીતાબેનની વાડીનું શાક ખાઈએ છીએ ત્યારથી એમની જેમ જાતે ઘરનું શાક કરવાનો વિચાર આવે છે. એમની વાડી જોઈને અમે પણ જાતે ઘરે વાવીશું." નીતાબહેન પણ કહે છે કે, "મારી જેમ બીજી બહેનોને પણ ઘરે બેઠાં તાજી શાકભાજી મળી રહે તે માટે હું

મારા ગામની 10 બહેનોને ઘરઆંગણે શાકભાજી કરવા માટે મદદરૂપ થઈશ."

નીતાબહેન બીટ, ગાજર, પાલક જેવાં શાકભાજી લાવતાં જ નહીં. કેમ કે, ભાવ પોસાય એવો ના હોય. આવાં શાક ગમે તેટલાં પૌષ્ટિક હોય, એમને તો મોંઘાં જ પડે. આ બધાં શાકભાજી આજે નીતાબહેનને પોતાનાં ઘરે મળી રહે છે. તેમનાં બાળકોની શાળાના શિક્ષકો પણ કહે છે કે, "તમારાં બાળકો હવે કુપોષણનાં વિષચક્રમાંથી મુક્ત થયાં છે." એટલે જ નીતાબહેને હવે તેમનાં બાળકોને પોષણયુક્ત શાકભાજી મળતી રહે તે માટે દર વર્ષે પોષણ-વાટિકા બનાવવાનું નક્કી કર્યું છે.

નીતાબહેન કહે છે કે, "અમે આજે આર્થિક ફાયદો તો મેળવતાં થયાં જ, સાથે બહુ જ કીમતી એવો આરોગ્યનો ફાયદો પણ થયો. એટલે 'રિલાયન્સ ફાઉન્ડેશન' અને 'વસુંધરા ફાઉન્ડેશન'નો આભાર માનીએ એટલો ઓછો છે."

## *23. સોલાર-ટ્રેપથી જીવાતનું નિયંત્રણ થવાથી સરેલ ગામના ખેડૂત: અનિલભાઈને દવાનો ખર્ચ ઘટ્યો અને એરંડાનું વધુ ઉત્પાદન મળ્યું.*

*- કનુ ઠાકોર*

એમનું નામ અનિલભાઈ કુબેરભાઈ ચૌધરી. તેઓ હારીજ તાલુકાના સરેલ ગામના ખેડૂત. તેમની પાસે કુલ 45 વીઘા જમીન છે. તેમાં તેઓ મુખ્યત્વે ઘઉં, રજકો અને એરંડા (દિવેલા)નો પાક લે છે. તેમની પાસે પોતાનો બોરવેલ હોવાથી ખેતીમાં પિયત આપી શકે અને થોડોક શાકભાજીનો પાક પણ લે. ખેતીમાં તેમની મહેનત અને ઉત્સાહ જોઈને વસુંધરા ફાઉન્ડેશન દ્વારા રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી ચાલતા 'ગ્રામીણ સમુદાયની સ્વનિર્ભરતા અને લચીલાંપણાંમાં સુધારો લાવવો' (Improving the self-reliance and resilience of the rural communities) પ્રોજેક્ટ હેઠળ, તેમને સોલાર-ટ્રેપ આપવામાં આવી. સંસ્થાએ તેમને સોલાર-ટ્રેપના ઉપયોગથી સારી રીતે માહિતગાર કર્યા હતા. એટલે એમણે પોતાની છ વીઘા જમીનમાંથી એક વીઘાના એરંડાના પાકમાં સોલાર-ટ્રેપ લગાવી.

આ સોલાર લાઇટ ટ્રેપમાં લોખંડનું એક માળખું બનાવી તેના ઉપરના ભાગમાં એક બલ્બ લગાડવામાં આવે છે. આ બલ્બની નીચે પાણી ભરેલું છીછરું અને પહોળું ટબ રાખવામાં આવે છે. જેમાં ઉપલબ્ધતા મુજબ થોડું કેરોસીન કે ઝેરી દવા ઉમેરવામાં આવે છે. ઉપરાંત સુર્ય ઉર્જાથી ચાર્જિંગ થઈ શકે તેવી બેટરી ફીટ

કરવામાં આવે છે. જેની સાથે જોડાણ કરીને ઓટોમેટિક સિસ્ટમ દ્વારા અંધારું થાય ત્યારે બલ્બ ચાલુ થાય છે. રાત્રે ખેતરમાં બલ્બના પ્રકાશના આકર્ષણના કારણે ખેતરમાં રહેલા જ જીવજંતુઓ ખાસ કરીને ઈયળનો ઉપદ્રવ વધારતા કિટકોની ફૂદીઓ/જીવાતો બલ્બ તરફ આકર્ષાય છે અને તેની નીચે મૂકેલા ટબમાં રહેલા પાણીમાં પડે છે. પાણીમાં પાડવાના કારણે તથા તેમાં કેરોસીન કે દવા નાખેલ હોઈ થોડા સમયમાં આ ફૂદાંઓ અને જીવાતો મૃત્યુ પામે છે. આ રીતે સોલાર લાઇટ ટ્રેપથી કોઈ પણ પ્રકારના જંતુનાશકોનો ઉપયોગ કર્યા વગર જ કીટકોનું નિયંત્રણ થાય છે. જેથી ખેડૂતોના પૈસા તેમજ સમય બચે છે અને જંતુનાશકોના ઉપયોગમાં ઘટાડો થવાના કારણે પર્યાવરણને થતું નુકશાન પણ ઘટે છે.

અનિલભાઈએ સોલાર-ટ્રેપનો ઉપયોગ કર્યો એટલે ઘણી-બધી નુકસાનકર્તા જીવાતો પાકને નુકસાન કરવાને બદલે ટ્રેપના ટબનાં પાણીમાં આવી ને પડી. જીવાતનું નિયંત્રણ થવાથી તેમને એરંડાનો 25થી 30 મણનો પાક મળ્યો. તેમને પહેલાની સરખામણીમાં 10 ટકા વધુ પાક મળ્યો. વળી, પહેલાં તેમને તેમની છ વીઘા જમીનમાં રાસાયણિક દવા છાંટવાનો 1200 રૂપિયા જેટલો ખર્ચ થતો. તે ખર્ચ હવે ઘટ્યો છે. વળી રાસાયણિક જંતુનાશકોનો ઉપયોગ કર્યા વગર જીવાતનું નિયંત્રણ થાય તો પર્યાવરણનું પણ નુકશાન અટકે તે ફાયદો તો વિશેષ.



અનિલભાઈ કહે છે, "ટેકનોલોજીની જાણકારી તો હતી પણ અખતરો ન કરીએ ત્યાં સુધી પરિણામની ખાતરી ન થાય. વસુંધરા ફાઉન્ડેશન દ્વારા અખતરો કરવા પ્રેરણા અને સહયોગ મળ્યો. અખતરો કર્યો તો પરિણામ પણ મળ્યું. મેં મારા ગામના માનશીભાઈ ચૌધરી અને પ્રકાશભાઈ હિરાભાઈ ચૌધરી જેવા ખેડૂતોને મારા ખેતરમાં લઈ જઈને સોલાર-ટ્રેપના ફાયદા બતાવ્યા. તેથી તેઓ પણ હવે તેનો ઉપયોગ કરતા થયા છે. હમણા હું મારા ઘઉં, રજકો અને દિવેલાના પાકમાં સોલાર-ટ્રેપનો ઉપયોગ કરું છું. હવે હું મારી બાકીની જમીનમાં પણ સોલાર-ટ્રેપ લગાવીને મારા પાકને નુંકસાન કરી શકે એવી જીવાતોથી રક્ષણ આપવા માગું છું."

## 24. અમરાપુર ગામમાં પીવાનું પૂરતું પાણી ઉપલબ્ધ થવાથી ગામના લોકો વચ્ચે વિખવાદ થતો અટક્યો.

- કનુ ઠાકોર

કહેવાય છે ને કે, 'મન હોય તો માળવે જવાય'. સમી તાલુકાના અમરાપુર ગામના લોકોએ પોતાના ગામનો પાણીનો પ્રશ્ન ઉકેલીને આ કહેવત સાર્થક કરી છે. ઠાકોર, ભરવાડ, નિરાશી, બ્રાહ્મણ, ફકીર, દલિત વગેરે પરિવારોની મળીને કુલ 5000 લોકોની વસતિ ધરાવતા આ ગામમાં આઠેક મહિનાથી પીવાનાં પાણીની તંગી હતી. ગામમાં વર્ષો જૂનો એક બોરવેલ હતો. છેલ્લાં થોડાંક વર્ષોથી તેમાંથી પાણી મળતું બંધ થઈ ગયું છે. તેથી ગામમાં પીવાનાં પાણી માટે એક કુદરતી કૂવો છે. તેનું પાણી ટાંકામાં નાખીને, તેમાંથી નળ દ્વારા ગામના દરેક ઘરે પાણી પહોંચતું. પરંતુ, ટાંકા અને કૂવા વચ્ચે વધારે અંતર તથા પાઇપલાઇન તૂટેલી હાલતમાં હોવાથી લોકોનાં ઘર સુધી પૂરતું પાણી પહોંચતું નહીં. વળી, અમરાપુર જૂથ પંચાયત છે અને તેમાં બે ગામો આવેલાં છે. આ બન્ને ગામોમાં પાણી પહોંચતું ન હતું.

વસુંધરા ફાઉન્ડેશન દ્વારા રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી પાટણ જિલ્લાનાં ગામોમાં ટકાઉ વિકાસ માટે કામગીરી થઈ રહી છે. અમરાપુરમાં પણ સંસ્થાની કામગીરી ચાલે. સમી તાલુકા-મથકથી 42 કિલોમીટર દૂર આવેલાં આ ગામની પાણીની આ સમસ્યા વિશે, સંસ્થાના કાર્યકરોને ગામના સરપંચ હાજીખાન મહંમદખાન મલિક પાસેથી જાણકારી મળી. પંચાયતે ખેડૂતોનાં

ખેતરોના પાઇપો માંગીને, તે ટાંકા સુધી જોડીને પાણી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, ખેતીની સીઝનમાં ખેડૂતો તે પાઇપો લઈ જાય એટલે ગામમાં પીવાનું પાણી પહોંચાડવાનો પ્રશ્ન ઊભો રહેતો.

તેથી સરપંચે સંસ્થાને પાઇપો આપીને મદદરૂપ થવાની અપીલ કરી. સંસ્થાના કાર્યકરોએ ગામના લોકોને મળીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો. તે બાબતે ગામના આગેવાન અયુબભાઈ કહે છે, “પીવાનું પાણી પહોંચાડવા માટે અંદાજે 900 ફૂટ પાઇપલાઇનની જરૂર હતી. એટલે સરપંચે સંસ્થાને તે અંગેનો ડિમાન્ડ લેટર(માગણી-પત્ર) આપ્યો. સંસ્થાએ તેના આધારે ગામને વિનામૂલ્યે 900 ફૂટની પાઇપલાઇન આપી. પાઇપો આવી ગઈ એટલે પંચાયતે બીજા જ દિવસથી જેસીબીથી ખોદકામ કરાવીને પાઇપો ફિટ કરાવી દીધી. આમ, સંસ્થાની સહાયથી અમને સૌને પીવાનું પાણી નિયમિત અને પૂરતી માત્રામાં ઉપલબ્ધ બન્યું.”



પાઇપો આપવામાં આવી તે પહેલાં ગામની બહેનોને કૂવામાંથી પાણી ઉપાડીને ભરવું પડતું. વળી, તૂટેલી પાઇપલાઇનમાંથી પાણી વેડફાતું હોવાથી ગામના લોકો વચ્ચે અવારનવાર વિખવાદ થતા. પાઇપલાઇનનું કામ થવાથી ગામમાં પીવાનું પાણી નિર્વિઘ્ને મળ્યું અને પાણઈના મુદ્દે થતા ઝઘડા પણ અટક્યા.

## ***25. સજુપુરા ગામના શૈલેષભાઈએ ફેરોમન ટ્રેપનો ઉપયોગ કરીને જીવાત નિયંત્રણ થકી ચણાનો વધુ પાક મેળવ્યો.***

***- નાનજી ઠાકોર***

ખેતીના પાકોને નુક્સાન કરતી જીવાતોના નિયંત્રણ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. નુકસાનકારક જીવાતોનું નિયંત્રણ ઝડપથી થાય તે હેતુથી ખેડૂતો મોટાભાગે કીટનાશકોનો આશરો લેતા હોય છે. કીટનાશકોનો આડેધડ ઉપયોગ થવાથી પાકમાં ઝેરી રસાયણોના અવશેષો રહી જવા પામે છે. ઉપરાંત, ગૌણ જીવાતો મુખ્ય જીવાતમાં પરિણમે, કીટકના કુદરતી દુશ્મનો (પરજીવી અને પરભક્ષી)નો નાશ થાય તેમ જ હવા, પાણી અને જમીનનાં પ્રદૂષણમાં વધારો થવાની સંભાવના વધે છે.

આવી પરિસ્થિતિના નિવારણ માટે સંકલિત જીવાત નિયંત્રણનો અભિગમ અપનાવવામાં આવે છે. આ નૂતન અભિગમ પ્રમાણે જીવાત નિયંત્રણ માટે ફક્ત દવાઓ ઉપર જ આધાર રાખવાને બદલે ફેરોમન ટ્રેપ જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત, પાકની સુધારેલી જાતોનું વાવેતર કરવામાં આવે છે.



'રિલાયન્સ ફાઉન્ડેશન'ના સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ચાલતા 'ગ્રામીણ સમુદાયની સ્વનિર્ભરતા અને લચીલાંપણાંમાં સુધારો લાવવો' (improving the self-reliance and resilience of the rural communities) પ્રોજેક્ટ અંતર્ગત સમી તાલુકાના સજુપુરા ગામના ખેડૂત શૈલેષભાઈ કુબેરભાઈ ઠાકોરને 20 ફેરોમન ટ્રેપ આપવામાં આવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે) સાથે યોજેલી એક મિટિંગ દરમ્યાન શૈલેષભાઈને સંકલિત જીવાત નિયંત્રણ વિશેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. તે પછી તેમને ફેરોમન ટ્રેપ આપવામાં આવી. શૈલેષભાઈએ તે ટ્રેપ તેમની એક વીઘા જમીનમાં કરેલા ચણાના વાવેતરમાં લગાવી હતી.

ફેરોમન ટ્રેપમાં ગોઠવેલી કેપ્સ્યુલમાંથી નીકળતી ગંધ, માદા કીટકના શરીરમાંથી નીકળતી કુદરતી ગંધ જેવી જ હોય છે. તેથી તે જ જાતિના નર કીટક, સમાગમના હેતુથી અમુક અંતરેથી ફેરોમન ટ્રેપ તરફ આકર્ષાય છે અને ટ્રેપમાં ગોઠવાયેલી કેપ્સ્યુલની આસપાસ ફર્યા પછી, થાકીને ટ્રેપમાં સપડાઈ જાય છે. શૈલેષભાઈ કહે છે, “ફેરોમન ટ્રેપ લગાવ્યા પછી મને હવે જંતુનાશક દવાનો બિલકુલ ખર્ચ થતો નથી. પહેલાં મારે જંતુનાશકો પાછળ વર્ષે ઓછામાં ઓછો 3000 રૂપિયા જેટલો ખર્ચ કરવો પડતો હતો અને રસાયણોથી મારી જમીન પણ બગડતી હતી.”



શૈલેષભાઈને પહેલાં, એક વીઘામાં 20 મણ જેટલો ચણાનો પાક મળતો. ફેરોમન ટ્રેપ લગાવ્યા પછી, એમને 50 મણ જેટલો પાક મળ્યો. તેમાંથી તેમને 30,000 હજાર રૂપિયાની આવક વધી. શૈલેષભાઈના પિતા કુબેરભાઈ કહે છે, “આમાં તો ખેડૂતોને સાવ ઓછા ખર્ચે મોટો ફાયદો થાય. એટલે દરેક ખેડૂતે જીવાત નિયંત્રણ

માટે ફેરોમન ટ્રેપનો ઉપયોગ કરવો જોઈએ. હવે અમે જરૂર પડે તો બજારમાંથી ખરીદી લાવીને પણ તેનો ઉપયોગ કરતા રહીશું."

## ***26. જેતલપુરાના જયંતીભાઈએ ખેતરમાં ભરાઈ રહેતાં પાણીને હોલિયું બનાવી રિચાર્જ કર્યું અને રસાયણમુક્ત શાકભાજીથી વધુ આવક મળવી.***

***- ઇમામ બલોચ***

વિચારશીલ માણસ ઘણી વખત કંઈક નવું કરવાનું વિચારતો હોય છે, પણ ઘણીવાર તેને સાચી દિશા મળતી નથી અને અજાણી દિશા તરફ જવાનો એક પ્રકારનો ડર હોય છે. ઘણી વખત નુકસાન થવાના ડરથી માણસ સાહસ કરતો નથી. જોકે, કંઈક કરવાના વિચારને હૃદયના એક ખૂણામાં ધબકતો ચોક્કસ રાખે છે. કોને ખબર, અચાનક કોઈ નવી અને સાચી દિશા મળી પણ જાય! આ વાત એક એવા જ વિચારશીલ ખેડૂતની છે, જેમનું કંઈક નવું કરવાનું સાહસ અને સપનું, બંને સાકાર થયાં.

રાધનપુર તાલુકાથી 12 કિલોમીટર દૂર આવેલું નાનું એવું ગામ એટલે જેતલપુરા. ગામના લોકો ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઘણા લોકો છૂટક મજૂરી અર્થે રાધનપુર કે

આજુબાજુના વિસ્તારમાં જાય છે. જે લોકો ખેતી કરે છે, તેઓ વરસાદ આધારિત અને કેનાલનાં પાણીથી ખેતી કરે છે. 'વસુંધરા ફાઉન્ડેશન' આ ગામમાં ખેતી, પશુપાલન વગેરે મુદ્દાઓ ઉપર વિવિધ કામગીરી કરે છે.

આ ગામના જયંતીભાઈ ધીરાભાઈ રાવળ, એક વિચારશીલ અને સાહસિક ખેડૂત. તેમને ખેતી બાબતે નવુંનવું જાણવાનો ઘણો ઉત્સાહ. 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા જ્યારે પણ ગામમાં જાગૃતિ કાર્યક્રમ યોજાય, ત્યારે તેઓ અચૂક હાજરી આપે. તેમાં બાગાયતી ખેતી, રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓ વગરની પ્રાકૃતિક ખેતી વગેરે જેવી અવનવી માહિતી આપવામાં આવતી. આ માહિતીએ જયંતીભાઈ સામે કંઈક નવું કરવાની દિશા ખોલી દીધી!

જયંતીભાઈને થયું કે, દવા વિના શાકભાજી ઉગાડું તો લોકોને પણ શુદ્ધ શાકભાજી મળી રહે અને આવક પણ ઊભી થાય. તેમણે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા વધુ માહિતી મેળવી પોતાનાં ખેતરમાં શાકભાજી ઉગાડવાનું શરૂ કર્યું. કુલ સાત વીઘા જમીન ધરાવતા જયંતીભાઈના પરિવારમાં 7 સભ્યો અને 2 ભેંસ છે. સાતમાંથી એક વીઘામાં તેમણે રીંગણ, મરચાં, મૂળા, મેથીનું વાવેતર કરેલું. એની પાછળ જયંતીભાઈએ મહેનત પણ ખૂબ કરી. પરિણામ સ્વરૂપે, ચાર મહિનામાં તેઓ સત્તર હજારના ખર્ચ સામે ત્રણ લાખ રૂપિયાની આવક મેળવી ચૂક્યા છે.

આવકનો મોટો આંકડો દેખાય પણ, તેની પાછળની મહેનત પણ મોટી છે. જયંતીભાઈએ શાકભાજી કરવાનું નક્કી તો કર્યું, પણ અનુભવ ન હોવાના કારણે ખેતરમાં કેવી રીતે તૈયારી કરવી એ

વિશેની જાણકારી ન હતી. વળી, બિયારણ-રોપ ક્યાંથી લાવવા એ પણ તેઓ જાણતા ન હતા. ત્યારે 'વસુંધરા ફાઉન્ડેશન' ફરી તેમનું માર્ગદર્શક બન્યું. જયંતીભાઈને તાલીમ મળી રહે એટલા માટે 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર'નો પરિચય કરાવ્યો. એટલું જ નહીં, શાકભાજી કરતા અનુભવી ખેડૂત સાથે મુલાકાત કરાવી. ત્યારબાદ જયંતીભાઈએ શાકભાજી વાવવાની શરૂઆત કરી.

બીજો પ્રશ્ન હતો પાણીનો. જયંતીભાઈને ખેતી માટે બીજા ખેડૂત પાસેથી પાણી લેવું પડતું હતું. તેના બદલામાં ખેતીની આવકનો ભાગ આપવો પડે. તેને લીધે તેમને ઉત્પાદનની આવક દેખાતી નહીં. પાણીની બીજી તકલીફ એ હતી કે, તેમનાં ખેતરમાં વરસાદી પાણી ભરાઈ જતું. ફાઉન્ડેશનની મિટિંગમાં જ તેમણે આ પાણીને રિચાર્જ કરવાના બોર એટલે કે હોલિયું બનાવવાની માહિતી જાણી અને બાજુના ગામમાંથી કારીગર બોલાવીને પોતાનાં ખેતરમાં હોલિયું બનાવડાવ્યું. તેનો અંદાજિત ખર્ચ 30,000 રૂપિયા થયો. હોલિયું બન્યું એટલે સારું પાણી મળી રહ્યું, જે પીવાલાયક તો હતું જ, સાથે બીજેથી પાણી લાવવાનો ત્રીજો ભાગ આપવો પડતો એ ખર્ચ પણ બચ્યો. આમ, ફાઉન્ડેશન દ્વારા એમને પાણી અને પાક - બંનેની માહિતી જાણવા મળી.

શાકભાજી વાવ્યા પછી જયંતીભાઈ બહુ ખુશ છે. તેઓ કહે છે કે, “અન્ય પાકોમાં અત્યાર સુધી રાસાયણિક ખાતરો વાપરતો હતો. તેનો ખર્ચ પણ ખૂબ થતો અને શરીરને નુકસાન કરે તે તો અલગ. પણ હવે શાકભાજીની પ્રાકૃતિક ખેતી કર્યા પછી, બીજા પાકોમાં પણ

આ જ રીતે ખેતી કરીશ."  હવે તેઓ ઉનાળુ બાજરી અને ઘાસચારો કરવાનો વિચાર કરી રહ્યા છે, સાથે શાકભાજી તો ખરાં જ!

જયંતીભાઈ વિચારશીલ અને સાહસિક ખેડૂત છે. હા, તેમણે પૂરી માહિતી મેળવ્યા પછી જ આગળ પગલું ભર્યું છે. જે સાબિત કરે છે કે, આડેધડ કામગીરી કરવાને બદલે વિચારીને આયોજનપૂર્વક કામ કરીએ તો સફળતા સામે ચાલીને મળે.

## ***27. મારાં ખેતરને મારે ઝેર નથી આપવું: કાઠી ગામના અરવિંદભાઈનો દ્રઢનિર્ધાર.***

***-ગોવિંદ રાવળ***

"અમે જ્યારે પહેલાં ખેતી કરતા હતા ત્યારે અમે જે બિયારણ વાવતાં, એના કરતાં આ જાતે વધારે ઉત્પાદન આપીને અમારી પરંપરાગત બિયારણની જાતને ઓછાં ઉત્પાદનવાળી સાબિત કરી છે." આ શબ્દો છે અરવિંદભાઈ હમીરભાઈ ઠાકોરના. ગુજરાતના પાટણ જિલ્લાના હારીજ તાલુકાના કાઠી ગામના રહેવાસી એવા અરવિંદભાઈ એક નાના ખેડૂત છે. તેઓ પોતાનું ગુજરાન, ખેતી અને પશુપાલન કરીને ચલાવે છે. તેમનાં કુટુંબનો સમાવેશ આર્થિક રીતે પછાત કુટુંબમાં થાય છે.

'વસુંધરા ફાઉન્ડેશન' ટીમની અરવિંદભાઈ સાથેની પહેલી મુલાકાત 'પ્રાકૃતિક ખેતી' વિષય ઉપર રાખેલી એક મિટિંગ દરમિયાન થઈ હતી. અરવિંદભાઈએ આ મિટિંગમાં ખેતી વિશે ઘણું બધું જાણ્યું. તેમની જિજ્ઞાસા એટલી વધી ગઈ કે, મિટિંગ બાદ તેઓ ફાઉન્ડેશનના કાર્યકરોને મળ્યા. તેમણે ખેતીમાં આવતા વિવિધ પ્રશ્નોની વિગતે ચર્ચા કરી. બંને પક્ષ સરખા જ ઉત્સાહી હોવાથી ચર્ચા ખૂબ રસપ્રદ રહી અને કાર્યકરોને પણ એ વિસ્તારની ખેતી વિશે ઘણી બધી બાબતો જાણવા મળી. એ પછી અરવિંદભાઈએ સંસ્થાના પ્રતિનિધિઓ સાથે મોબાઇલથી અવારનવાર વાત કરીને સંપર્ક જાળવી રાખ્યો.

અરવિંદભાઈ ઉત્સાહી ખેડૂત હોવાથી ફાઉન્ડેશન દ્વારા તેમને એક વીઘા માટે ચણાનું બિયારણ આપવામાં આવ્યું. જેની જાત 'ગુજરાત ચણા-5' હતી. ફાઉન્ડેશનનો હેતુ નિદર્શનનો હતો. અરવિંદભાઈને ખાસ એ સૂચન કરવામાં આવ્યું હતું કે, આ બિયારણમાં કોઈ પણ જાતનાં ઝેરી ખાતરો કે દવાનો છંટકાવ કરવો નહીં. પોતાની કુલ સાત વીઘા જમીનમાં તેમણે ચણાનું જ વાવેતર કર્યું હતું. ફરક એટલો હતો કે, છ વીઘામાં વાવેલાં ચણાનું બિયારણ તેઓ જાતે ખરીદી લાવ્યા હતા. બાકીના એક વીઘામાં વાવ્યું હતું એ ચણાનું બિયારણ 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા આપવામાં આવ્યું હતું. ફાઉન્ડેશન દ્વારા થયેલાં સૂચન મુજબ, અરવિંદભાઈએ એક વીઘાનાં બિયારણમાં કોઈ પણ જાતની ઝેરી દવા કે ખાતરનો ઉપયોગ કર્યો ન હતો.



બિયારણ વાવ્યાના થોડા સમયમાં ફરક દેખાવા લાગ્યો. બહારથી ખરીદીને વાવેલાં છ વીઘાનાં બિયારણની સરખામણીમાં, ફાઉન્ડેશનવાળાં વાવેતરમાં ચણાનો વિકાસ, તેની ડાળીઓની સંખ્યા, તેમાં આવતાં ફૂલોમાં વધારો જોવા મળ્યો.

આ તો હજી શરૂઆત હતી. ખરા ફાયદા વિશે તો પાક પૂરેપૂરો ઉતર્યો ત્યારે ખબર પડી. બહારથી ખરીદેલાં બિયારણનું ઉત્પાદન એક વીઘામાં 25 મણ જેટલું હતું . જ્યારે 'વસુંધરા ફાઉન્ડેશન'માંથી મળેલાં બિયારણનું એક વીઘાનું ઉત્પાદન 32થી 35 મણ જેટલું થયું. તેને લીધે એક વીઘામાં તેમને 20 હજાર રૂપિયા જેટલો મોટો ફાયદો થયો છે.

અરવિંદભાઈનાં પત્ની કહે છે કે “અમને પહેલાં તો બીક હતી કે આ બિયારણ અમારાં ખેતરમાં થશે કે નહીં થાય, ઉત્પાદન આપશે કે નહીં! પરંતુ એનો ઉગાવો જોઈને અમને આનંદનો અનુભવ થયો હતો. એનું ઉત્પાદન જોતાં અમને હાશકારાનો અનુભવ થયો હતો.”

અરવિંદભાઈના પાડોશી ખેતરવાળા ખેડૂત લાલાભાઈ કહે છે કે “આ બિયારણ અને અમારાં બિયારણમાં હાથી-ઘોડાનો ફેર જણાય

છે. તેનો ઉગાવો, તેની ડાળીઓની સંખ્યા અમારાં બિયારણ કરતાં વધારે સારી છે. આવતી વખતે અમે પણ આ જાતના બિયારણનો ઉપયોગ કરીશું."

નિદર્શનના ચણાનો ભાવ મણ દીઠ ૧૦૫૦ રૂપિયા જેટલો આવેલો. આ ઉપરાંત, છ વીઘામાં વાવેલા ચણામાં ચારથી પાંચ હજારની દવા છાંટી હતી. એટલે ફાઉન્ડેશનના નિદર્શનવાળા પ્લૉટમાં એક વીઘામાં એટલી બચત થઈ એ અલગ. અરવિંદભાઈ અને એમના પરિવારને વધારે આવક અને વધારે નફો થયો એ સારી બાબત છે, પણ એનાથી પણ સારી બાબત એ છે કે, એમણે પાકમાં ઝેરી દવાઓ અને રસાયણોનો ઉપયોગ ન કર્યો. રૂપિયા ક્યારેકને ક્યારેક વપરાઈ જવાના, પણ ઝેરી દવા વિનાનો ખોરાક ખાવાથી આરોગ્યનો જે ફાયદો થશે એની અસર આખી જિંદગી રહેશે.

## ***28. નેપિયર ઘાસની મદદથી પશુઓનાં દૂધની વધુ આવક મેળવતાં, ગાજદિનપુરા ગામનાં પાર્વતીબહેન.***

***-નાનજી ઠાકોર***

'કોશિશ કરને વાલોં કી કભી હાર નહીં હોતી' એ વાત પાર્વતીબહેનને બરાબર બંધબેસે છે. પાટણ જિલ્લાના સમી

તાલુકાના ગાજદિનપુરા ગામના આ ખેડૂતે, સંસ્થાની મદદ અને ખેતીમાં પરિશ્રમના સહારે પોતાની આવક વધારવામાં સફળતા મેળવી છે.

'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ગાજદિનપુરામાં સપ્ટેમ્બર 2023 દરમ્યાન, ગામની આંગણવાડીમાં પશુપાલન અંગેની એક તાલીમ યોજવામાં આવી હતી. તે તાલીમમાં પાર્વતીબહેન અચાનક આવ્યાં. તે વખતે પશુનાં દૂધ-ઉત્પાદનમાં લીલા ઘાસચારાનાં મહત્ત્વ અંગે સંસ્થાના કાર્યકરો દ્વારા માહિતી આપવામાં આવી રહી હતી. તે સાંભળીને પાર્વતીબહેન તરત જ બોલી ઉઠ્યાં, "સાહેબ, ચોમાસામાં તો અમારાં ખેતરોમાં જાર(ઘાસ) હોય છે, પણ એ એક જ સીઝન પૂરતો. હવે બારેમાસ તો લીલો ચારો ક્યાંથી લાવવાનો? એટલે અમારે ચોમાસામાં સૂકો ચારો ખવડાવવો પડે છે."





સંસ્થાના કાર્યકરોએ પાર્વતીબહેનની મૂંઝવણ દૂર કરવા માટે, તેમની વાતમાં નેપિયર ઘાસની માહિતી વણી લીધી. તે પછી ગામના લોકોને નેપિયર ઘાસનું વિતરણ કરવામાં આવ્યું. તેમાંય

પાર્વતીબહેન તો એવાં મહેનતુ કે, તેમણે તેમના ખેતર પર બીજા જ દિવસે ઘાસ વાવી દીધું. તેમણે તેમની એક વીઘા જમીનમાં, પાંચ વર્ષ સુધી ટકી રહે એવા ક્યારા બનાવીને ઘાસનું વાવેતર કર્યું.

વાવેતરના 35 દિવસ પછી તેમને રોજ એક ભારો મળી રહે છે. પાર્વતીબહેન નેપિયર ઘાસના ફાયદા ગણાવતા કહે છે, "પહેલાં મારી ભેંસ પાંચ ફેટનું ચાર લિટર દૂધ આપતી હતી. નેપિયર ઘાસ ખવડાવ્યા પછી હવે તે એક લિટર વધારે એટલે કે પાંચ લિટર દૂધ આપે છે અને તેનું ફેટ પણ વધીને 8 જેટલું આવે છે." એ હિસાબથી જોઈએ તો, પાર્વતીબહેનને એક ટંક દૂધની આવક 200 રૂપિયાથી વધીને 400 રૂપિયા થઈ છે. આમ, તેમને દૂધની બમણી આવક થઈ રહી છે. પાર્વતીબહેનમાંથી પ્રેરણા મેળવીને ગામની બીજી છ બહેનો પણ તેમાંથી ઘાસ લઈ ગઈ અને તેમણે પણ ખેતર પર લીલી વાડી ઊભી કરી છે.

પાર્વતીબહેન પહેલાં, પોતાનાં ખેતરમાં ચોમાસું જાર કરતાં અને તેના પૂડાનો સંગ્રહ કરીને પશુઓને સૂકો ચારો ખવડાવતાં. વળી, ક્યારેક બહારથી સૂકો ચારો લાવવો પડે તો તેમને એક પૂડાના 12 રૂપિયા ચૂકવવા પડતા. આમ, નેપિયર ઘાસ ઉગાડવાથી તેમને હવે સૂકા પૂડાનો સંગ્રહ કરવો પડતો નથી તેમ જ સૂકા ચારો ખરીદવા માટે ખર્ચ કરવો પડતો નથી.

## *29.ગામ વિકાસ સમિતિનું ક્ષમતાવર્ધન કરવાથી,ખોરસમ ગામ વિવિધ સમસ્યાઓ હાથ ધરીને વિકાસના પંથે આગળ વધી રહ્યું છે.*

**-જીજ્ઞા પટેલ**

જાણીતા વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇનને કોઈએ પૂછેલું કે, “જીવનનો અર્થ શું?” તેમણે જવાબ આપ્યો કે, જીવનને અર્થ આપવાનું અને સફળ બનાવવાનું આપણા જ હાથમાં છે. બાકી જીવનનો કોઈ અર્થ નથી. આ વાતને પચાવી જાણીને ગ્રામીણ લોકોનાં જીવનને અર્થ આપવા, સફળ બનાવવા 'વસુંધરા ફાઉન્ડેશન'ની ટીમ મથી રહી છે.

ગ્રામીણ સમુદાયમાં આત્મનિર્ભરતા અને સ્થિતિમાં સુધારો લાવવાના હેતુથી 'વસુંધરા ફાઉન્ડેશન' અંતર્ગત પાટણ જિલ્લાના અલગ-અલગ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં કામગીરી થઈ રહી છે. તેમાં લોકોનાં રોજિંદા જીવન સાથે સંકળાયેલી પીવાનાં પાણી, ખેતી, પશુપાલન, સ્વસહાય જૂથો, ન્યુટ્રિશન ગાર્ડન વગેરે જેવી બાબતો સામેલ છે.

સરકારી યોજનાઓ સાથે જરૂરિયાતમંદ લોકોને જોડીને તેમને લાભ અપાવવો એ પણ ફાઉન્ડેશનની કામગીરીમાં સામેલ છે. આધાર કાર્ડ, આયુષ્માન કાર્ડ કે વિવિધ સરકારી યોજનાની માહિતીથી લોકોને વાકેફ કરવા એ સરળ કામ નથી, કેમ કે તેના માટે જાતજાતનાં દસ્તોવેજ, ફોટો અને ફોટોકૉપી - શું શું ન જોઈએ! એ માટે ફાઉન્ડેશન દ્વારા દરેક ગામમાં ગામ વિકાસ

સમિતિ(વીડીસી)ની રચના કરવામાં આવી છે. તેની સાથે રહીને જુદાં-જુદાં ગામોમાં લિંકેજ કેમ્પ્સનું આયોજન કરવામાં આવે છે. તેના માધ્યમથી સ્થાનિક લોકોને દરેક યોજના સાથે જોડીને, એમનું કામ આસાન બનાવવામાં આવ્યું છે.



આ વાત છે ખોરસમ ગામની. તેની કમિટીમાં ગામલોકોને સાથે રાખીને ગામના જવાબદાર અને પરિપક્વ લોકોની પસંદગી કરવામાં આવી છે. સમિતિમાં કુલ આઠ સભ્યો હોય છે. તેમાં ખેડૂતો, એફપીઓ(ફાર્મર્સ પ્રોડ્યુસર ઑર્ગેનાઇઝેશન)ના સભ્ય, આંગણવાડી કાર્યકર બહેન, આરોગ્ય કાર્યકર, ગામના વી.સી.ઇ. અને ગામના સરપંચની પસંદગી કરવામાં આવી છે.

સમિતિના સભ્યો અને ફાઉન્ડેશનની ટીમ, દર અઠવાડિયે સાથે બેસીને ગામના ગરીબમાં ગરીબ પરિવારની અને ખરેખર ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની નોંધ રાખે છે. ખરેખર જે જરૂરિયાતવાળો પરિવાર છે, તેમને રાયડો, દિવેલા, શાકભાજી, અડદ, ઘઉં, બાજરી જેવાં અલગ-અલગ બિયારણોની કીટ આપવામાં આવે છે. માત્ર બીજ આપીને ફાઉન્ડેશન હાથ ખંખેરીને

જવાબદારીમાંથી મુક્ત નથી થઈ જતું. એ પરિવારોને 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' દ્વારા ખેતી કરવાની નવીનવી રીત તેમ જ અલગ-અલગ જાગૃતિ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવે છે. આ સમુદાયો અવાજ વગરના છે. દ્રશ્યમાન છતાં અદ્રશ્ય છે. એટલે એમની વાત પણ સરકાર કે સમાજ સુધી પહોંચતી નથી. એમને વૃદ્ધ પેન્શન યોજના, વિધવા પેન્શન યોજના, ઇન્દિરા આવાસ યોજના, સરકારી યોજનાઓ કે અલગ-અલગ સંસ્થાઓનો લાભ મળે એ હેતુ માટે 'વસુંધરા ફાઉન્ડેશન' સતત પ્રયત્નશીલ છે.

આ કમિટીના દરેક સભ્ય તેમની પોતાની જવાબદારી ખૂબ સારી રીતે નિભાવી રહ્યા છે. તેઓ ગામમાંથી સાચા અર્થમાં જેને જરૂર છે એવા લાભાર્થીઓ પસંદ કરે છે. આમાંથી પોતાની જવાબદારીની સાથે એમને પણ ઘણું બધું શીખવા મળી રહ્યું છે. આ કમિટી ના સભ્ય એવા સોનલબેન પટેલ  કહે છે કે "અમને ખરેખર લોકોની સેવા કરવાનો અવસર મળ્યો છે. અમે પણ ફાઉન્ડેશન ટીમ સાથે ભાગીદાર થઈ શકીએ છીએ એ અમને ખૂબ ગમે છે."



જેમને જરૂર હતી એમનાં શ્રમ કાર્ડ કરાવ્યાં, ઘણાં બહેનોનાં વિધવા પૅન્શન શરૂ કરાવ્યાં. યોજનાનો લાભ મળતો નથી એવા જરૂરિયાતમંદ લોકોને, ગામ વિકાસ સમિતિના સંપર્કથી માર્ગદર્શન મળવા લાગ્યું. વળી, આજનો જમાનો ટેકનોલૉજીનો છે, એટલે સૌને માહિતી અને સંદેશો આપવા માટે, સમિતિનું એક વૉટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે.

ગામમાં ક્યારેય નેપિયર ઘાસ ઉગાડતા ન હતા. કમિટીના સભ્યો દ્વારા પશુપાલક બહેનોને નેપિયર ઘાસ આપવામાં આવ્યું. તેનાથી પોષક આહાર દ્વારા તેમનાં પશુઓનાં દૂધ-ઉત્પાદનમાં વધારો થાય અને આખરે તે બહેનોને ફાયદો થાય. કમિટીના સભ્યો પણ માહિતી વિશે રસ દાખવતા થયા અને કોઈ પણ માહિતીનું ધ્યાન રાખતા શીખ્યા. ઉપરાંત, એ તરફ બીજા લોકોનું ધ્યાન દોરતા થયા. આ બધું કમિટીના સભ્ય બન્યા પછી અને ફાઉન્ડેશનના સંપર્કમાં આવ્યા પછી થયું.

ગામની બહેનો અગાઉ મિટિંગમાં આવતાં શરમાતી કે ખચકાતી. એવી બહેનોને ફાઉન્ડેશનની ટીમે બૅંકમાં જતાં કર્યાં છે. સોનલબહેન પટેલ, અમીનાબહેન, આશાબહેન પટેલ, જશોદાબહેન પટેલ વગેરે બહેનો મિટિંગમાં આવતી થઈ અને વહીવટ સંભાળતી થઈ. ફાર્મર્સ પ્રોડ્યુસર કંપનીમાં પણ બે બહેનો સભાસદ તરીકે સક્રિય છે. સખીમંડળની બહેનોને મંડળની જવાબદારી કેવી રીતે નિભાવી તેનો ખ્યાલ ન હતો. બહેનો મંડળ શરૂ  તો કરે, પણ તેને લાંબા સમય સુધી કેવી રીતે ટકાવી રાખવું, બૅંકમાં લોન લેવી હોય

ત્યારે બેંકમાં કેવી રીતે જવું અને શું પ્રક્રિયા કરવી વગેરે કામો તેઓ શીખ્યાં.

આ આખી પ્રક્રિયા એ સાબિત કરે છે કે, વિકાસ કરવો હોય તો આપબળે જ થાય. ગામના લોકો જવાબદારી લે અને કામ પૂરું પણ કરે. 'વસુંધરા ફાઉન્ડેશન' જેવી સંસ્થાઓ માર્ગદર્શન અને માહિતી આપશે, પણ ફાયદો મેળવવા તો ગામલોકોએ જાતે જ જાગવું પડશે.

## ***30. રસાયણોમુક્ત શાકભાજી લઈને તારોરાના કંચનબહેન આત્મનિર્ભર બન્યાં અને આરોગ્યનું જતન પણ કરી શક્યાં.***

***- બળદેવજી ઠાકોર***

આપણે જે પણ ખાવા-પીવાની વસ્તુ પેટમાં નાખીએ છીએ, એમાં કેટલા પ્રકારનું અને કેવું ઝેર રહેલું છે, તેનાથી સાવ જ અજાણ છીએ. પછી એ ફળ હોય કે અનાજ, દૂધ હોય, દવા હોય કે પછી શાકભાજી. એ ઓછું હોય તેમ મોંઘવારીના બોજથી સામાન્ય માણસ સાવ જ કચડાઈ ગયો છે. એવું નથી કે આ સમસ્યા

શહેરોમાં જ છે. નાનાં ગામો પણ આ જ તકલીફમાંથી પસાર થઈ રહ્યાં છે.

એવા કપરા સમયે કોઈ સહયોગનો હાથ લંબાવે તો કેટલી રાહત લાગે! આવી જ રાહત લાગી તારોરા ગામનાં કંચનબહેન જસુભાઈ દેવીપૂજકને, જ્યારે 'વસુંધરા ફાઉન્ડેશન' તેમની મદદે આવ્યું. 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના આર્થિક સહયોગથી ચાલતા 'ઇમ્પ્રુવિંગ ધ સેલ્ફ-રિલાયન્સ એન્ડ રેઝિલિયન્સ ઑફ રૂરલ કમ્યુનિટીઝ' પ્રોજેક્ટ અંતર્ગત, ગામમાં સ્વસહાય જૂથો સાથે તાલીમ-કાર્યક્રમો, રિલાયન્સ ન્યુટ્રિશન ગાર્ડન(આરએનજી), ખેડૂતો સાથે નિદર્શન-કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

'વસુંધરા ફાઉન્ડેશન'ની ટીમે જ્યારે તારોરા ગામનાં જુદાંજુદાં ફળિયાની મુલાકાત લીધી ત્યારે જાણવા મળ્યું કે, અમુક લોકો પોતાનાં ખેતરમાં શાકભાજી ઉગાડે છે અને તેમાં જાતજાતની જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતર વાપરે છે. એટલે સ્વાભાવિક રીતે શાકભાજીમાં પણ એની અસર થવાની. આ સ્થિતિ સમજીને ફાઉન્ડેશનની ટીમે ગામમાં જાગૃતિ કાર્યક્રમો કર્યા. 'સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન' (પીઆરએ) પ્રક્રિયા કરીને, ગામના લોકોને પણ ગામના પ્રશ્નો અને તેના ઉકેલો વિશે વિચારવાની પ્રક્રિયામાં સામેલ કર્યા. ત્યારપછીનાં પગલાં રૂપે ગામના જ લોકોની 'ગામ વિકાસ સમિતિ' બનાવી.

પીઆરએ દરમ્યાન સામેલ થયેલા ૪૫ લોકોમાંથી ૩૦ જણા એવા હતા, જેઓ શાકભાજી ઉગાડતા હતા અથવા ઉગાડવા માગતા હતા. તેમને શાકભાજીનાં બાવીસ પ્રકારનાં બિયારણનાં દસ-દસ ગ્રામનાં પૅકેટ આપવામાં આવ્યાં. આમાંથી જ એક હતાં કંચનબહેન. તેમના પરિવાર પાસે ચાર વીઘા જમીન છે. એ ખેતરમાં એમનું ઘર પણ છે. તેઓ બે વીઘામાં શાકભાજી અને બે વીઘામાં ઘઉંનો પાક લે છે. તેઓને શાકભાજીનો પાક લેવાનું ચાલુ જ રાખવું હતું, પણ મુખ્ય તકલીફ હતી પાણીની. તળાવ તો નજીક હતું, પણ એમાંથી પાણી લેવાની ગામલોકો ના પાડતા હતા. આવી તકલીફમાં સાથ મળ્યો 'વસુંધરા ફાઉન્ડેશન'નો. ફાઉન્ડેશનની ટીમના સભ્યોએ શાકભાજીનાં બિયારણ તો આપ્યાં જ, સાથે ગામલોકો સાથે વાતચીત કરીને શાકભાજી પૂરતું પાણી પણ અપાવ્યું. સરપંચ રમેશજી અને 'ગામ વિકાસ સમિતિ'ના મુખ્ય સભ્ય તથા ગામના આગેવાન ખેડૂત મનુજીભાઈને સાથે રહીને ફાઉન્ડેશનના સભ્યોએ સમિતિ અને ગામલોકો સાથે બેઠક કરી. તેમની સમજાવટથી કંચનબહેનના પરિવારને શાકભાજી માટે તળાવમાંથી પાણી લેવાની ગામલોકોએ સહમતિ આપી. શાકભાજીનાં પાક માટે પાણી તો મળવા લાગ્યું, પણ હવે સવાલ આવ્યો શાકભાજીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો વિકલ્પ શોધવાનો.

કંચનબહેનના પરિવારના ત્રણેય સભ્યો સારી શાકભાજી ઉગાડવા માટે સતત પ્રયત્ન કરતા રહેતા. શાક સારું થતું પણ હતું. કંચનબહેન અને જસુભાઈ શાકભાજીમાં આવતા ચરમી, સુકારો, મચ્છી જેવા રોગને રોકવા માટે જંતુનાશક દવાઓ વાપરતા.

એટલે ફાઉન્ડેશનની ટીમ દ્વારા તેમને રાસાયણિક દવાથી થતાં નુકસાન વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું. તેથી કંચનબહેન અને તેમના પતિ જસુભાઈને એ અહેસાસ થયો કે તેઓ જે શાકભાજીમાં ઝેર નાખે છે, એ શાકભાજી તેમનો પરિવાર પણ ખાય છે.

જો દવા ન નાખે તો જીવાતનો સામનો કઈ રીતે કરે? એ પ્રશ્ન તેમને મૂંઝવતો હતો. ફાઉન્ડેશન પાસે એનોયે ઉકેલ હતો. લીમડો, આંકડો જેવી નિર્દોષ વનસ્પતિથી બનેલી દવાનો છંટકાવ અને છાણિયું ખાતર! ઘરે બેઠાં, વગર ખર્ચે બનાવી શકાય એવી આ દવા વાપરવાથી કૅન્સર જેવા રોગોથી તો બચી જ શકાય, સાથે ઑર્ગેનિક શાકભાજી ખાવાથી આરોગ્યને ફાયદો થાય એ તો અલગ!

કંચનબહેન અને જસુભાઈએ આવાં જૈવિક દવા-ખાતર બનાવ્યાં અને ફાઉન્ડેશન દ્વારા તેમને આપવામાં આવેલાં ભીંડા, રીંગણ, ટામેટાં, મરચાં, ધાણા, મેથી, બીટ, મૂળા, ગાજર, દૂધી, ફુલાવર, કોબિજ વગેરે શાક, કોઈ પણ ઝેર ઉમેર્યાં વિના વાવ્યાં. નોંધપાત્ર વાત એ છે કે, કંચનબહેન આજે દરરોજ ૧૦ કિલો રીંગણ , ૭ કિલો ટામેટાં , ૫ કિલો મરચાંનો પાક લેતાં થયાં છે. જે પોતે તો ખાય જ છે, સાથે દરરોજ ૯૦૦થી ૧૦૦૦ રૂપિયાનું વેચાણ પણ કરે છે.

અત્યારે આટલી આવક કમાઈ લેતા આ પરિવારની સફર આસાન નથી રહી. પહેલાં તેમને મજૂરી કરીને જીવનગુજરાન ચલાવવાની ફરજ પડતી. કંચનબહેને ત્રણેક વર્ષ અગાઉ કોઈ સગાસંબંધી

પાસેથી એંસી હજાર રૂપિયા વગર વ્યાજે ઉધાર લીધા હતા. કંચનબહેન કહે છે કે, “આ રકમ પાછી કઈ રીતે ચૂકવીશું એ અમારી સામે સળગતી સમસ્યા હતી, પણ ભલું થજો 'વસુંધરા ફાઉન્ડેશન'નું! એના સહયોગથી અમને આ શાકભાજીના વ્યવસાયમાંથી આવક થવા લાગી એટલે કામ શરૂ કર્યાના એક જ વર્ષમાં એ રૂપિયા ચૂકવી દીધા.”

## ***31. માત્રોટા ગામની મહિલાઓએ નેપિયર ઘાસનું વાવેતર કરીને આર્થિક સમૃદ્ધિનો મારગ કંડાર્યો છે.***

***- કનુ ઠાકોર***

પશુપાલકોમાં વૈજ્ઞાનિક પશુપાલન માટે વધુ જાગૃતિ આવે તથા તેમને વધુ દૂધ-ઉત્પાદન મળે તો પશુપાલકોની આર્થિક પરિસ્થિતિમાં ચોક્કસ સુધારો આવે. દૂધ-ઉત્પાદન વધારવામાં લીલાચારાનું પણ ઘણું મહત્ત્વ છે. ગુજરાતમાં ત્રણ પ્રકારના નેપિયર ઘાસનું ઉત્પાદન થાય છેઃ નેપિયર સુપર, નેપિયર બાજરી અને નેપિયર બુલેટ, કે જે રજકા, મકાઈ અને જુવારના ભાવની સરખામણીમાં ઘણું સસ્તું પડે છે. વળી, આ ઘાસ રેસાયુક્ત હોવાથી તેનું કટીંગ કરીને

પ્રાણીઓને ખવડાવાય છે. પશુપાલકોની આવક વધારવાના હેતુથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા પાટણ જિલ્લાનાં ઘણાં ગામોમાં પશુપાલકોને નેપિયર ઘાસ પૂરું પાડવામાં આવ્યું છે. સમી તાલુકાના માત્રોટા ગામની મહિલાઓએ પણ સંસ્થા પાસેથી નેપિયર ઘાસ મેળવીને આર્થિક સમૃદ્ધિનો મારગ કંડાર્યો છે.

કુલ 1275 લોકોની વસતિ ધરાવતા માત્રોટા ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ગામમાં પશુપાલન સાથે જોડાયેલા 100થી વધુ લોકો અને વેટરનરી ડૉક્ટર પણ છે. થોડાક લોકો સરકારી નોકરિયાત પણ ખરા. માત્રોટા ગામમાં પશુપાલનની જવાબદારી મહિલાઓ નિભાવતી જોવા મળે અને તેમને પશુપાલન વિશે નવું-નવું જાણવાની ઉત્સુકતા પણ ખરી. એટલે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા ગામમાં પશુપાલક-બહેનો સાથે એક મિટિંગ યોજવામાં આવી. તેમાં વેટરનરી ડૉક્ટર ગોરધનભાઈ ઠાકોરને પણ બોલાવાયા.



મિટિંગ દરમ્યાન દૂધના ઉત્પાદન, ફેટ, પશુઓના ચારા વગેરેની ચર્ચા થઈ. ચર્ચામાંથી સંસ્થાના કાર્યકરોને જાણવા મળ્યું કે, ગામના લોકો પશુઓને બહારથી સૂકા પૂળા ખરીદીને ખવરાવતા. એક પૂળો 15 રૂપિયા ચૂકવીને ખરીદવો પડે તેથી પરવડે નહીં. જે લોકો પાસે જમીન હોય અને પાણીની સગવડ પણ હોય તે લોકો રજકો કે લીલો ચારો ઉગાડીને ખવડાવી શકે. જોકે, ગામની બહેનોએ નેપિયર ઘાસ કે બુલેટ ઘાસનું નામ સાંભળ્યું ન હતું. સંસ્થાના કાર્યકરોએ બહેનોને તે ઘાસનો પરિચય આપ્યો અને તેના ફાયદા જણાવ્યા. તે ઘાસ ઊંચું હોય એવું જાણ્યું એટલે બહેનો તરત બોલી ઉઠી કે, તેમના ગામમાં બે-ત્રણ બહેનો એ ઘાસ ઉગાડે છે.

બધી બહેનો નેપિયર ઘાસ કેમ કરતી નથી એવા સવાલનો જવાબ આપતાં ગામનાં જોશનાબહેન ઠાકોર તરત બોલી ઉઠ્યા કે, “એક તો પાણીની તંગી અને જમીન ઓછી એટલે લોકો ઘાસ ઓછું કરે.” કાર્યકરોએ તેનો ઉકેલ આપતા કહ્યું કે, જો બહેનો પાસે પાણીની સગવડ છે તે બહેનો નેપિયર ઘાસ વાવે. તે પછી તેમાંથી ટુકડા કાપીને બીજી બહેનોને આપે. ત્યારપછી બધી બહેનો જ્યારે શિયાળામાં કેનાલનું પાણી મળે ત્યારે ઘાસનું વાવેતર કરી શકે.

ગામની બહેનોને કાર્યકરોની આ વાત ગળે ઉતરી ગઈ અને 20 બહેનો તે વાવવા તૈયાર થઈ. તેથી સંસ્થાએ મિટિંગ દરમ્યાન એક યાદી બનાવીને દરેક બહેનને 800 ડોકા ઘાસ આપ્યું. વીસ બહેનોએ પોતાની જમીનમાં ટૂંકા અંતરે તે વાવ્યું. તેમાંથી 6થી 7 બહેનોનું નેપિયર ઘાસ સારું થયું. જોકે, બીજાં બહેનોને પૂરતું પાણી ન મળવાથી, જમીન ખારાશવાળી હોવાથી તેમ જ સરખી વાડ ન

કરી હોવાથી ઘાસ ના થઈ શક્યું. પરંતુ, જેમને ત્યાં ઘાસ થયું તેમને ઘણો ફાયદો થયો. એમ કહી શકાય કે, બહેનોની આજીવિકા વધારવાના પ્રયાસમાં સંસ્થાને 40 ટકા સફળતા મળી.

ઘાસચારો ઉગાડવામાં સફળતા મેળવનારાં ગુગીબહેન પોપટજી ઠાકોર કહે છે, “અમારે 5 વીઘા જમીન છે અને 5 ઢોર છે. એટલે પશુપાલન પર વધારે ભાર આપીને નેપિયર ઘાસ વાવ્યું તેથી ફાયદો થયો. પહેલાં એક ટંકનું 3 લિટર દૂધ મળતું હતું, પશુઓને નેપિયર ઘાસ ખવરાવવાથી હવે એક ટંકનું 4 લિટર દૂધ મળે છે.” ગુગીબહેન પહેલાં તેમની પાંચ વીઘા જમીનમાં ઘાસના પૂળા કરતા, પણ તેમાં સફળતા મળતી નહીં. તેથી તેમને 25,000 રૂપિયાનો ખર્ચ કરીને બહારથી પૂળા ખરીદવાની ફરજ પડતી.

નેપિયર ઘાસ વાવ્યા પછી એમાં ઘણા વાઢ આવે છે, એટલે ઘણા સમય સુધી તેમને ઘાસ મળતું રહે છે. એટલે હવે તેમને બહારથી પૂળા ખરીદવાની ફરજ પડતી નથી. ગુગીબહેનની જેમ, ગામનાં જોશનાબહેન રમેશજી ઠાકોરને પણ પશુઓનાં દૂધનું વધુ ઉત્પાદન મળતું થયું છે. તેમની પાસે 7 વીઘા જમીન અને 4 ઢોર છે. તેમના એક ઢોરનું એક ટંકનું દૂધ 5 લિટરથી વધીને 7 લિટર થયું છે. એટલે તેમને રોજની 200 રૂપિયા વધારે આવક મળતી થઈ છે. જોશનાબહેન કહે છે, “અમે હવે આ ઘાસ રાખવાના છીએ. અમારા ગામમાંથી જેમને આ ઘાસ વાવવું હશે તેમને તેના ટુકડા પણ મફત આપીશું. મેં ગામની 7 બહેનોને વાવવા માટે ઘાસના ટુકડા આપ્યા છે.” જોશનાબહેનની જેમ કલીબહેન પ્રધાનજી ઠાકોરે પણ નેપિયર ઘાસથી ફાયદા મેળવીને બીજાને તેનો લાભ આપ્યો છે.

## 32. વરસાદી પાણીનો ઉપયોગ કરીને ખેતી બચાવી

## સેઢાલ ગામના ખેડૂતે હોલિયું બનાવી પાણીનો પ્રશ્ન ઉકેલ્યો.

**-જીજ્ઞા પટેલ**

'જળ એ જીવન છે' એવું બહુ વિચારપૂર્વક કહેવાયું છે. જીવમાત્રને જીવવા માટે પાણીની જરૂર પડે છે. પીવાનાં પાણી ઉપરાંત ખેતીમાં સિંચાઈ માટેનું પાણી પણ ખેડૂતો માટે જીવાદોરી બનતું હોય છે. એટલે જ ગ્રામીણ વિસ્તારોની પાણીને લગતી સમસ્યાઓના ઉકેલ માટે 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના નાણાકીય સહયોગથી નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવે છે. આવા જ એક પ્રયાસનું એક સફળ ઉદાહરણ એટલે સેઢાલ ગામ.

સેઢાલ ગામમાં 'વસુંધરા ફાઉન્ડેશન', પાણીનાં તળ ઊંચાં લાવવાં તથા ખેતીને વધુ ઉપજાઉ બનાવવા અંગેની અનેકવિધ કામગીરી કરે છે. ચાણસ્માથી આશરે ૭ કિમી દૂર આવેલાં આ ગામમાં નરેશજી ચેલાજી ઠાકોર ખેતી-પશુપાલનનો વ્યવસાય કરી પોતાનું જીવન ચલાવે. જોકે, ગામમાં પાણીનાં તળ લગભગ 1000થી 1200 ફૂટ નીચાં ગયાં હોવાથી, ખેતી અને પશુપાલન માટે પાણી મેળવવું એ એક મોટી સમસ્યા છે. ખેતી માટે લોકો કેનાલનાં અને તળાવનાં પાણીનો ઉપયોગ કરે છે.

સંસ્થાએ નરેશજી ઠાકોરની મદદથી ગામની પાણીની આ સમસ્યાનો ઉકેલ લાવવાનું બીડું ઝડપ્યું. તે માટે નરેશજીના ખેતરમાં પાણી માટેનું હોલિયું બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

પાણીની તંગીથી ખેતી અને પશુપાલનને તો અસર થતી જ હતી. સાથે ઘરનાં કામો પણ અટકી પડતાં હતાં, કેમ કે બહેનોને પાણી માથે ઉપાડીને ભરી લાવવું પડતું. એમાં બહેનોનાં ઘણાં સમય-શક્તિ વેડફાઈ જતાં હતાં. ભાઈઓનો પણ ઘણો સમય આમાં રોકાતો હતો. એટલે એક હોલિયું ઘણી સમસ્યાનું સમાધાન લાવી શકે એમ હતું. તે બનાવવામાં લગભગ 17,000 રૂપિયા જેટલો ખર્ચ થયો, જે પૂરેપૂરો સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. આ હોલિયું 60 ફૂટનું બનાવવામાં આવ્યું. બાજુમાં આવેલાં તળાવનું પાણી ઓવરફ્લો થઈને નરેશજીના ખેતરમાં ભરાય છે, ત્યાં હોલિયું બનાવવામાં આવ્યું છે એટલે તે ખેતરમાં ભરાયેલાં પાણીથી રિચાર્જ થાય છે.



હોલિયું બની જતાં ગામની ખેતીની જમીન, પશુધન અને લોકોને હવે પાણીની લીલાલહેર થઈ ગઈ છે. આજુબાજુના પાંચ વાડાઓમાં 12-13 જેટલાં પશુઓને પીવા માટે તથા અન્ય વપરાશ માટે આ હોલિયાનું પાણી ઉપયોગી થાય છે. હવે આજુબાજુનાં ગામોના લોકો પણ આ કામ જોવા આવે છે.

'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવેલા આ સરાહનીય પ્રયાસથી, સેઢાલ ગામના ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયોને વેગ મળ્યો છે.

## *33. હરીપુરાના 85 લોકોએ સંસ્થાની મદદથી આયુષ્યમાન કાર્ડ કઢાવીને પાણી પહેલાં પાળ બાંધી.*

**- નાનજી ઠાકોર**

સરકાર લોકકલ્યાણની અનેક યોજનાઓ બનાવે છે. જો નાગરિકો તેના વિશે માહિતગાર થાય તો જીવનના વિવિધ તબક્કે તેનો લાભ મેળવી શકે. સમી તાલુકાના લાલપુર ગામના હરીપુરા પરામાં નાગરિકોને 'રિલાયન્સ ફાઉન્ડેશન'ના સહયોગથી 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા આયુષ્યમાન યોજનાનો લાભ અપાવવાથી ગામલોકો મોટી રાહત અનુભવી રહ્યા છે. હરીપુરા એ લાલપુર ગામનું જ 100 ઘરોનું એક પરું છે. ત્યાં સંસ્થા દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવે છે.

ગામની એક મિટિંગ દરમ્યાન, સંસ્થાના કાર્યકરોને જાણવા મળ્યું કે, આ પરું તાલુકા-મથકેથી દૂર આવેલું છે અને અહીંના લોકો સુધી કેટલીક સરકારી યોજનાઓનો લાભ પહોંચ્યો નથી. કાર્યકરોએ ગામની 'ગ્રામ વિકાસ સમિતિ' સાથે બેસીને આ અંગે ચર્ચા કરી. ચર્ચા દરમ્યાન કાર્યકરોએ જોયું કે, ગામના લોકો સરકારી યોજનાઓ માટે જરૂરી દસ્તાવેજો વિશે જાણકારી ધરાવતા નથી. સમિતિએ આ બાબતે સંસ્થાને મદદરૂપ થવાની અપીલ કરી.



તેથી સંસ્થાના કાર્યકરોએ તરત જ ગામના 'વીસીઈ' (વીલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર) જલાભાઈ રબારી સાથે આ વિશે ચર્ચા કરી. જલાભાઈ, 'ગ્રામ વિકાસ સમિતિ'માં પણ સભ્ય છે. ગામના 85 લોકોનાં આયુષ્યમાન કાર્ડ કઢાવવાનાં બાકી છે એવી માહિતી તેમણે સંસ્થાને આપી. જો એ કામ થઈ જાય તો લોકોને બીમારી દરમ્યાન મોટી રાહત મળે એવી એમની ભાવના હતી. સંસ્થાએ પણ તેનું મહત્ત્વ સમજીને તરત જ ગામમાં એક મિટિંગ યોજી. મિટિંગ દરમ્યાન આયુષ્યમાન ભારત સહિતની સરકારી યોજનાઓ વિશે લોકોને જાણકારી આપી. ઉપરાંત, જલાભાઈની મદદથી જરૂરી દસ્તાવેજો અંગે માહિતી આપીને, લોકોને તે દસ્તાવેજો ભેગા કરવા જણાવ્યું.

ગામના 85 લોકોએ પોતાનાં જરૂરી દસ્તાવેજો આપ્યા. એટલે સંસ્થાએ સૌને વિનામૂલ્યે એ કાર્ડ કઢાવીને લોકોનાં ઘર સુધી પહોંચાડવાની જવાબદારી લીધી. તે પછી એક સરકારી કામકાજ માટેનો એક કેમ્પ યોજીને લોકોની ફિંગરપ્રિન્ટ મેળવવામાં આવી. બધી પ્રક્રિયા કરીને ગામનાં 85 લોકોનાં કાર્ડ કઢાવી આપવામાં આવ્યાં. 'વસુંધરા ફાઉન્ડેશન' દ્વારા તેનું લેમિનેશન કરાવીને લોકોનાં ઘર સુધી પહોંચાડવામાં આવ્યાં. તે માટેનો તમામ ખર્ચ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો.

આમ, સંસ્થા દ્વારા ગામના લોકોને 10 લાખની સ્વાસ્થ્ય-સુવિધા મફતમાં મળી રહે એવું કાર્ડ પ્રાપ્ત થયું. કાર્ડ મેળવનારા એક લાભાર્થી દયાલભાઈ અધુભાઈ ઠાકોર કહે છે, “મારો અકસ્માત થયો હતો ત્યારે મને આ કાર્ડ બહુ કામ લાગ્યું. દવાખાનાની મારી બધી સારવાર સાવ મફતમાં થઈ ગઈ. જો આ કાર્ડ ન હોત તો, મારે એક લાખ ચોવીસ હજાર રૂપિયાનો ખર્ચ થાત. સંસ્થાની મદદથી અમને આ કાર્ડ મેળવીને મોટી રાહત થઈ ગઈ.”

<u>કેસ સ્ટડી લેખન</u>

રઘુભાઈ દેસાઈ
ઈમામભાઈ બલોચ
જીગ્નાબેન પટેલ
કનુભાઈ ઠાકોર
ધનજીભાઈ ઠાકોર
બળદેવજી ઠાકોર
નાનજીભાઈ ઠાકોર
સંજયભાઈ જોષી
ગોવિંદભાઈ રાવળ

વસુંધરા ફાઉન્ડેશન
એ-૩૦૭.૩૦૮ સુપથ-૨ કોમ્પ્લેક્ષ, જૂનાવાડજ બસ સ્ટેન્ડ નજીક
આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૫૨
E:vasundharafoundation@yahoo.com